પ્રકરણ : ૧

- **પૂર્વભૂમિકા :**

પૃથ્વી પરનું ઈશ્વરનું અદ્ભુત સર્જન એટલે માનવ. આ માનવે આદિકાળથી આધુનિકયુગ સુધીની સફર ખેડી છે. આ સફરમાં તેણે ઘણા બધા ઉતાર-ચડાવ, મુસીબતો, અડચણો વગેરેનો સામનો કર્યો છે. આદિકાળથી માનવ ભટકતું જીવન જીવતો હતો. જીવનની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવા માટે એવું કરવું તે સમયે અનિવાર્ય હતું. ખોરાક માટે આખો દિવસ જંગલોમાં ભટક્યાં કરતા આદિમાનવે ધીરે ધીરે ભટકવાનું બંધ કરી નદી કિનારે વસવાટ શરૂ કર્યો. ત્યારથી લોકો હળીમળીને સાથે રહેતાં થયા. માનવ ધીરે ધીરે ખેતી કરતો થયો. અનાજ ઉગવતો થયો, પકવતો થયો. રાંધીને ખાતો થયો. આ પરિવર્તન આવતાં વર્ષોનો નહીં પરંતુ સદીઓનો સમય લાગ્યો છે એવું આજનું આપણું વિજ્ઞાન પણ કહે છે. આદિમાનવો જૂથોમાં રહેવા લાગ્યાં હતાં. અનુકૂલન કરતાં થયાં હતાં. તેવા સમયે જ આપણે આજે જેને સમાજ કહીએ છીએ તેવો સમાજ અસ્તિત્વમાં આવ્યો હશે. એક કરતાં વધારે લોકો સાથે રહેતાં થયાં હોવાને કારણે હવે આ લોકોની જરૂરિયાતો પણ વધવા માંડી હતી. પહેલાં તેની જરૂરિયાતો માત્ર જે રોટી-કપડાં-મકાન પુરતી સિમિત હતી તેમાં હવે ધીમે ધીમે વધારો થવા લાગ્યો હતો. આથી વધતી જતી જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે તેણે બીજા લોકો પર આશ્રય રાખવો અને વ્યવહાર કરવો અનિવાર્ય બન્યું હતું. એકબીજા વચ્ચે વ્યવહારની જરૂરિયાતો ઊભી થવાને લીધે આપ-લેની પ્રક્રિયા શરૂ થઈ. પોતાની પાસે જે વધારે હોય અને સામેવાળી વ્યક્તિને તેની જરૂર હોય તેવી ચીજવસ્તુઓ સામેવાળા વ્યક્તિ પાસે હોય અને પોતાને જેની જરૂરિયાત હોય તેવી કોઈ પણ ચીજવસ્તુ લઈ લેવાની આખી વ્યવસ્થા ઊભી થઈ. જેને વિનિમયપ્રથા તરીકે ઓળખીએ છીએ, જેના લીધે લોકો વચ્ચે સંપર્ક વધ્યો. પહેલા જે આદિમાનવ આત્મનિર્ભર હતો તે હવે બીજા લોકો પર આધાર રાખતો થઈ ગયો. આ પ્રક્રિયા આજ સુધી ચાલુ છે. અલબત આજે આ સઘળો વ્યવહાર વેપારના નામે ઓળખાય છે અને ચીજવસ્તુઓની આપ-લેના બદલે સઘળો વ્યવહાર હવે પૈસાની મદદથી ચાલે છે. આજના મનુષ્યની જરૂરિયાતો એટલી બધી વધી ગઈ છે કે તે ઇચ્છે તો પણ હવે પોતે આત્મનિર્ભર બની શકે નહીં. તેને અનાયાસે બીજા લોકો પર આધાર રાખવો જ પડે. એ બીજા લોકો પાડોશી હોઈ શકે, ગામ કે શહેરના લોકો હોઈ શકે કે પછી સ્વદેશ કે પરદેશના કોઈપણ વ્યક્તિ કે જૂથ પણ હોઈ શકે. આજે તો સમગ્ર દુનિયા જ્યારે વૈશ્વિકગ્રામ કહેવાય છે ત્યારે સ્થળકાળના આવા બંધનો હવે નડતાં નથી. વેપારનો આ વ્યવહાર હવે વિશ્વના બધાં જ દેશના લોકો સાથે કરી શકાય છે. આ વેપાર વાણિજ્યના કારણે આજનો માનવી વિશ્વભરમાં હરતો-ફરતો થયો છે. જેમાં આધુનિક ટેકનોલોજીએ પણ તેને ઘણી બધી સુવિધાઓ પૂરી પાડી છે. એટલે સંસ્કૃતમાં કહેવાયું છે તેમ, 'चराती चरतो भग: ।' (ફરતાં રહેનારનું ભાગ્ય હંમેશા ફરતું રહે છે) એટલે પણ ફરવાની આ વૃત્તિમાં વધારો થયો છે. આ બધી બાબતો વિશે વિચાર કરીએ તો એક વાત એ પણ જાણવા મળે કે

મનુષ્યને પોતાને એક જગ્યાએ બેસી રહેવું ક્યારેય ગમ્યું નથી અને એટલે જ તે આદિમાનવથી માંડી આધુનિકયુગ સુધીની સફર ખેડી શક્યો છે. જો તેને પ્રવાસ કરવો અને નવા નવા લોકોથી મળવાનું પસંદ ન હોત તો એ ક્યારેય પણ આદિમાનવ મટી આધુનિકમાનવ સુધી પહોંચી જ ન શક્યો હોત.

આજે વેપાર અને નોકરીની વધારે સારી તકો માટે વ્યક્તિ પોતાની જન્મભૂમિ છોડી પરદેશ સુધી જતાં પણ ખચકાતો નથી. પોતાની જન્મભૂમિ છોડી પરદેશ જઈ વસનારા આવા લોકો દ્વારા લખાયેલા સાહિત્યને આજે 'ડાયસ્પોરા' સાહિત્યની સંજ્ઞા થકી ઓળખવામાં આવે છે ત્યારે મનમાં મૂંઝવણ ઊભી થાય કે માત્ર પરદેશ જઈ સાહિત્ય સર્જન કરનાર વ્યક્તિએ રચેલા તમામ સાહિત્યને માટે આ સંજ્ઞા વાપરવી યોગ્ય છે ? ડાયસ્પોરા સાહિત્યના પોતાના આગવા લક્ષણો હોય કે નહીં ? વિશેષતાઓ હોય કે નહીં ? આ બધા સવાલોના જવાબ શોધતા પહેલા આપણે 'ડાયસ્પોરા' શબ્દની ઉત્પત્તિ તપાસવી પડે. માટે સૌપ્રથમ 'ડાયસ્પોરા' શબ્દની વ્યુત્પત્તિ તપાસીએ.

• ડાયસ્પોરા : સંજ્ઞા

'ડાયસ્પોરા' શબ્દની ઉત્પતિ તપાસતા માલૂમ પડે છે કે આ શબ્દની ઉત્પતિ ગ્રીક ભાષાના શબ્દ 'Diaspeirein' માંથી થઈ છે. વળી, અહીં એ વાતની પણ નોંધ લેવી અનિવાર્ય છે કે મૂળે હિબ્રુ ભાષામાં લખાયેલ ખ્રિસ્તી ધર્મના ધર્મગ્રંથ 'બાઈબલ'નો જ્યારે ગ્રીકભાષામાં અનુવાદ કરવામાં આવ્યો ત્યારે જ આ શબ્દ ગ્રીક ભાષામાં સૌપ્રથમ વખત પ્રયોજાય છે. એટલે કે હિબ્રુ બાઈબલના ગ્રીક અનુવાદમાંથી આ Diaspeirein શબ્દ મળે છે અને આ શબ્દ પરથી અંગ્રેજી ભાષામાં આપણને Diaspora શબ્દ મળે છે. આ વાતને થોડી વધારે સ્પષ્ટતાથી સમજાવી હોય તો આમ સમજાવી શકાય

હિબ્રુ બાઈબલના Deutronomy ૨૮:૨૫(Yahweh shall cause thee to be smitten before thine enemies: thou shalt go out one way against them, and flee seven ways before them: and shalt be removed into all the kingdoms of the earth.)નો ગ્રીક અનુવાદ આ રીતે કરવામાં આવ્યો, "The Lord give thee up for slaughter before thine enemies: thou shalt go out against them one way, and flee from their face seven ways; and thou shalt be a **dispersion** in all the kingdoms of the earth." આ અનુવાદમાંથી આપણને સૌપ્રથમ વખત dispersion શબ્દ મળે છે. ગ્રીક ભાષામાં આ શબ્દ બે શબ્દો Dia અને Sperein જોડાઈને બન્યો છે. જેમાં Dia એટલે કે Across [(-ની) એક બાજુથી બીજી બાજુ સુધી, -ની બીજી બાજુએ, -ની બીજી તરફ] અને Sperein એટલે કે Scatter [- આમતેમ ચોમેર-ફેંકવું, વેરવું, વેરવિખેર કરી નાખવું; ઉપર વેરીને – ભભરાવીને-ઢાંકવું ; ચોમેર વેરાઈ જવું; ચોમેર ભગાડી દેવું; ભગાડવામાં આવવું; ફાવે તેમ ઉડાવી દેવું]. ગ્રીક ભાષાના આ Dispersion શબ્દ પરથી અંગ્રેજી ભાષામાં Diaspora શબ્દ અસ્તિત્વમાં આવે છે.

Diaspora શબ્દને Oxford English Dictionaryએ ઈ.સ. ૧૬૯૪માં ૫૨૦૮૫માં શબ્દ તરીકે અંગ્રેજી ભાષામાં સ્થાન આપી સ્વીકારવામાં આવ્યું છે. આ સમયે Oxford English Dictionaryમાં આ શબ્દનો અર્થ આ રીતે આપવામાં આવ્યો કે "The body of Jews living outside the land of Israel; the countries and places inhabited by these, regarded collectively; the dispersion of the Jewish people beyond the land of Israel." (ઈઝરાયેલ દેશની બહાર રહેતા યહુદીઓનો સમુહ ; તેઓ જે વિસ્તારમાં વસવાટ કરતાં હોય એ જગ્યા, આ બન્ને રીતે જોડાઈને રહેતાં ઈઝરાયલ દેશથી છૂટા પડી ગયેલા લોકો.) આ અર્થને સમજવા માટે આપણે એની સાથે જોડાયેલ સંદર્ભને સમજવો પડે.

ઈ.સ. પૂર્વે ૫૮૬માં બેબીલોનના શક્તિશાળી રાજા નેબુચંદેઝરે (Nebuchandnezzar) યહુદીઓને હરાવ્યા. જેરૂસલેમની દિવાલ તોડી પાડવામાં આવી, શહેર અને મંદિરો સળગાવી દેવાયા. યહુદીઓને દેશનિકાલ કરવામાં આવ્યા. જેના લીધે યહુદીઓને – વિશ્વમાં પહેલી વખત પોતાના દેશ, વતન, સંસ્કૃતિથી અનિચ્છાએ છૂટા પડવાનું આવ્યું. તેઓની ઇચ્છા હોવા છતાં પણ તેઓ પરત ન ફરી શકે એવી પરિસ્થિતિ નિર્માણ પામી. આ સમગ્ર ઘટના માટે Diaspora શબ્દ વપરાય છે.

Diaspora શબ્દને વધારે સારી રીતે સમજવા માટે વિવિધ વિશ્વકોશો અને શબ્દકોશોમાં એનો શો અર્થ કરવામાં આવે છે એ પણ તપાસવું પડે.

New world encyclopedia મુજબ "The term **diaspora** (in Ancient Greek, **διασπορά** – "*a scattering or sowing of seeds*") refers to any people or ethnic population forced or induced to leave its traditional homeland, as well as the dispersal of such people and the ensuing developments in their culture. It is especially used to with reference to the jews, who have lived most of their historical existence as a *diasporan* people." (ડાયસ્પોરા સંજ્ઞા એવા લોકોના સંદર્ભમાં વપરાય છે કે જેઓને પોતાના પરંપરાગત વતન (માતૃભૂમિ) કે વંશીય વસ્તીને છોડવા માટે અથવા તેઓની સંસ્કૃતિના વિકાસ કે તેમની વસ્તીના ફેલાવાને દબાણ કરીને અટકાવવામાં આવે છે કે તે માટે પ્રેરિત કરવામાં આવે છે. આ સંજ્ઞા ખાસ કરીને એવા યહૂદીઓના સંદર્ભે પ્રયોજવામાં આવે છે કે જેઓ ઐતિહસિક રીતે સૌથી વધુ વિસ્થાપિતો તરીકે જીવ્યા છે.) http://www.newworldencyclopedia.org/entry/Diaspora Dated: 09/06/2017 Time: 9:10 PM

Encyclopedia of Americana મુજબ 'Diaspora' is a term used by historians to refer to those settlements Inhabited by Jews in all parts of the world outside the state of Israel. It comes from a Greek term meaning a scattering or dispersion. Although it is sometimes used as a synonym for exile, this is not its primary meaning. Diaspora originally referred to the dispersion of the Jews

outside Palestine during the Greek and Roman period. Small Jewish communities outside of Palestine have existed as far back ass the time of the separate states of Israel and Judah.' (ઈતિહાસકારો દ્વારા ડાયસ્પોરા સંજ્ઞા ઈઝરાયલ રાજ્યની બહાર દુનિયાના તમામ ભાગોમાં રહેતા યહૂદીઓના વસવાટની વસાહતો માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આ સંજ્ઞા મૂળે ગ્રીકમાંથી આવી છે, જેનો અર્થ છૂટાછવાયા કે વિખેરાયેલા થાય છે. જોકે, ક્યારેક તે દેશનિકાલ માટે સમાનાર્થી શબ્દ તરીકે પણ વપરાય છે, પણ આ તેનો પ્રાથમિક અર્થ નથી. ડાયસ્પોરા મૂળે ગ્રીક અને રોમન સમયગાળા દરમિયાન પેલેસ્ટાઈનની બહાર વેર-વિખેર થઈ ગયેલા યહૂદીઓ સાથે સંબંધ ધરાવે છે. ઈઝરાયેલ અને જુદાહનું વિભાજન થયું ત્યારથી પેલેસ્ટાઈનની બહાર નાના યહૂદી સમૂદાયો અસ્તિત્ત્વ ધરાવે છે.)

All the areas of dispersion created by forced captivity and exile, whose people were often subject to persecution and discrimination, were held together by a common religion, customs, and the Jewish people.' (આ પ્રકારે વિખેરાયેલા લોકોના વિસ્તારો કાં તો દબાણપૂર્વક કેદમાં રખાયેલા, દેશનિકાલ પામીને, વારંવાર સતામણીનો ભોગ બનીને કે ભેદભાવના લીધે એક સમાન ધર્મ, રીતિરીવાજો દ્વારા સાથે રાખવામાં આવતા.)
(Encyclopedia of Americana – International Edition- Volume 9 Page no. 68)

Encyclopedia of Britanica મુજબ (Greek: Dispersion) Hebrew **Galut (Exile)**, the dispersion of Jews among the Gentiles after the Babylonian Exile; or the aggregate of Jews or Jewish communities scattered "in exile" outside Palestine or present-day Israel. Although the term refers to the physical dispersal of Jews throughout the world, it also carries religious, philosophical, political, and eschatological connotations, inasmuch as the Jews perceive a special relationship between the land of Israel and themselves. (બિનયહૂદીઓ દ્વારા યહૂદીઓનો બેબીલોનમાંથી દેશનિકાલ; અથવા યહૂદી કે યહૂદી સમાજનું દેશનિકાલના લીધે એકંદરે પેલેસ્ટાઈનની બહાર અથવા આજના ઈઝરાયલમાં રહેવું. જો કે, આ યહૂદીઓના શારીરિક રીતે સમગ્ર વિશ્વમાં વિખેરાઈ જવાને અનુસંધાને વપરાય છે. તે છતાં તે ધાર્મિક, દાર્શનિક, રાજકીય અને વિશિષ્ટ સૂચિતાર્થોને ધ્યાનમાં લે છે. જેમાં યહૂદીઓ ઈઝરાયલ અને તેમની પોતાની વચ્ચે વિશિષ્ટ સંબંધો માને છે.)

Encyclopedia of Diasporas નામના પુસ્તક મુજબ The word diaspora comes from he Greek word meaning "to scatter and to sow", and originally referred to the dispersal and settlement of Jews outside of Palestine following the Babylonian exile (586 B.C.) (ડાયસ્પોરા શબ્દ ગ્રીક ભાષામાંથી આવ્યો છે, જેનો અર્થ થાય છેઃ

'વેરવિખેર કરી નાખવું, ભગાડવામાં આવવું' અને મૂળભૂત રીતે બેબીલોનીયનથી દેશનિકાલ (ઈ.સ. પૂર્વે ૫૮૬) બાદ પેલેસ્ટાઈનની બહાર યહૂદીઓના વિખેરાઈ જઈને સ્થાયી થવા સંદર્ભે થાય છે.)

Diaspora [diyaspora] (Gr 'scattering', Heb golah or galut 'exile') The Jews scattered in the world outside Palestine, from either voluntary or compulsory resettlements; also known as the Dispersion. (પેલેસ્ટાઈનની બહાર દુનિયાભરમાં પોતાની મરજીથી કે ફરજીયાતપણે સ્થળાંતરિત થયેલા યહૂદીઓ, તેને વિખેરાઈ ગયેલા પણ કહેવાય છે.)
(The Cambridge Paperback Encyclopedia third edition, edited by David Crystal, 2000, page no. 250-251)

Diaspora (Gk. 'dispersion') Jewish communities outside Palestine. Although there were communities of Jews outside Palestine from the time of the Babylonian Captivity (6th century BC) (પેલેસ્ટાઈનની બહાર વસવાટ કરતાં યહૂદીઓ. ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં બેબીલોનીઆની કેદ પહેલા પણ પેલેસ્ટાઈનની બહાર યહૂદીઓનો સમાજ રહેતો હતો.)
(Philip's Encyclopedia comprehensive edition 2005, editor Joanna Potts, published in 2005, page no. 275)

Diaspora [Gr., = dispersion], term used today to denote the Jewish communities living out side the Holy Land. It was originally used to designate the dispersal of the Jews at the time of the destruction of the Temple (586B.C.) and the forced exile [Heb., = Galut] to Babylonia. (આ સંજ્ઞા આજે પોતાના પવિત્ર સ્થળ(માતૃભૂમિ)ની બહાર રહેતા યહૂદીઓ માટે વપરાય છે. મૂળે તેનો સંદર્ભ ઈ.સ. પૂર્વે ૫૮૬માં મંદિરના તોડી પડાયા બાદ યહૂદીઓના વિસ્થાપિત થઈ જવા સાથે જોડાયેલ છે. જેમાં બેબીલોનીઆથી મળેલો દેશવટો પણ સમાવેશ કરવામાં આવે છે.) (The New Columbia Encyclopedia Fourth Edition, Edited by William H. Harris and Judith S. levey, 1975, Page no. 758)

Diaspora (Greek: dispersion) The dispersion of Jewish communities outside Israel. (ઈઝરાયલની બહાર થયેલ યહૂદી સમુદાયનું વિસ્થાપન.) (The Macmillan Encyclopedia, 1999 edition)

Diaspora : The Jews Community resident in parts of the world other than Israel; by extension any group of people linked by nationality or religion who have dispersed and settled far from their original homeland. (ઈઝરાયલ સિવાયના વિશ્વના અન્ય કોઈપણ વિસ્તારમાં રહેતા યહૂદીઓનો સમૂહ; તેનો અર્થ વિસ્તરીને માતૃભૂમિથી દૂર થઈ જવા છતાં પણ રાષ્ટ્રીયતા કે ધાર્મિકતાને લીધે જોડાઈને રહેતા કોઈપણ લોકોનો સમૂહ એવો થાય છે.) (Viva-facts on file Dictionary of Foreign words & phrases, Second Edition, Martin H. Manser, Viva books, 2010)

https://en.oxforddictionaries.com/definition/diaspora મુજબ The dispersion or spread of any people from their original homeland. (પોતાના મૂળ વતનથી છૂટા પડી ગયેલા કે વેરવિખેર થઈ ગયેલા લોકો.) Dated: 09/06/2017 Time: 09:23 PM

http://www.thefreedictionary.com/Diaspora (Dated: 09/06/2017 Time: 09:23 PM) મુજબ

૧.

The dispersion of Jews outside of Israel from the sixth century BC, when they were exiled to Babylonia, until the present time. (ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં જે યહુદીઓને ઈઝરાયલમાંથી ભગાડી મૂકવામાં આવ્યા હતાં તે, બેબીલોનીઆમાંથી વર્તમાન સમય સુધી દેશવટો પામેલા લોકો.)

૨. Often diaspora The body of jews or Jewish communities outside Palestine or modern Israel. (એવા યહૂદી લોકો કે યહૂદી સમુદાય જે પેલેસ્ટાઈન અથવા અત્યારના ઈઝરાયલથી બહાર રહે છે.)

૩. A dispersion of a people from their original homeland. (પોતાના મૂળ વતનથી છૂટા પડી ગયેલા લોકો.)

૪. A dispersion of an originally homogeneous entity, such as a language or culture. (પોતની જાતિના મૂળ અસ્તિત્વ- જેવા કે ભાષા અથવા સંસ્કૃતિથી છૂટા પડી ગયેલા.)

अप्रवासी (Immigrant) : A person who has come to live permanently in a country that is not their own. (Oxford Advance learner’s Dictionary)

प्रवासी (Emigrant) : A person who leaves his country to live in another (Oxford Advance learner’s Dictionary)

હિન્દી શબ્દસાગર – ભાગ ૬, મૂળ સંપાદક : શ્યામસુંદરદાસ

प्रवासन : देश या पुर से बाहर निकालना, देशनिकाला

प्रवासित : देश से निकाला हुआ

प्रवासी : विदेश में निवास करनेवाला – परदेश में रहनेवाला

લોકભારતી બૃહદ પ્રામાળિક હિન્દી કોશ, મૂળ સંપાદક : આચાર્ય રામચન્દ્ર વર્મા

प्रवास : अपना देश छोड़कर दूसरे देश में जा बसना
प्रवासी : परदेश में जाकर बसने या रहनेवाला

બૃહદ્ હિન્દી કોશ સંપાદકઃ કાલિકા પ્રસાદ, જ્ઞાનમંડલ લિમિટેડ – વારાળસી, સાતમી સંવર્ધિત આવૃત્તિ, સપ્ટેમ્બર ૧૯૯૨

प्रवास : परदेश में रहना, विदेशवास, परदेश जाना
प्रवासन : बाहर रहना, देशनिष्कासन
प्रवासित : देश से निकाला हुआ
प्रवासी – परदेश में रहनेवाला

નાલન્દા વિશાલ શબ્દસાગર, સંપાદક : શ્રી નવલજી, ન્યૂ ઇમ્પીરિયલ બુક ડિપો, દોહલી
प्रवासी : विदेश में रहने या निवास करने वाला
प्रवासित : देश से निकाला हुआ

ગુજરાતી ભાષામાં Diaspora શબ્દ માટે નવવસાહતી, દ્વિવસાહતી, પુનર્વાસિત, વિસ્થાપિત, સ્થળાંતરિત, બિનનિવાસી વગેરે જેવા શબ્દો પણ સમયાંતરે પ્રયોજવામાં આવે છે. પરંતુ અર્થસંદર્ભની રીતે જોતા નિર્વાસિત શબ્દ Diaspora શબ્દની સૌથી વધુ યોગ્ય લાગે છે. ભોળાભાઈ પટેલ એને વસાહતી કહે. આ સિવાય ડાયસ્પોરા માટે ગુજરાતી ભાષામાં આ શબ્દોના અર્થો વિવિધ શબ્દકોશોમાં નીચે મુજબ કરવામાં આવે છે.

નિર્વાસિતો માટેના સંયુક્ત રાષ્ટ્ર સંઘના હાઈકમિશ્નરનો ૧૯૫૦નો અધ્યાદેશ (Statute), ૧૯૫૧માં યોજવામાં આવેલ આંતરરાષ્ટ્રીય સંમેલન અને ૧૯૬૭નો દસ્તાવેજ નિર્વાસિતોની વ્યાખ્યા બાંધે છે તે મુજબ એ એવી વ્યક્તિ હોઈ શકે કે જે જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા, રાજકીય મત થવા અમુક સામાજિક જૂથના સભ્યપદને કારણે પોતાના પર ત્રાસ ગુજરાવવામાં આવશે એવી ભીતીના લીધે દેશ છોડી જાય અને તે જ કારણે સ્વદેશનો આશ્રય ફરી મેળવવા ઈચ્છતી નથી. (વિશ્વકોશ પૃ.૨૨૫)

ગુજરાતી – અંગ્રેજી કોશ, પાંડુરંગ ગણેશ દેશપાંડે, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ચોથી આવૃત્તિ, ૧૯૯૩

નિર્વાસિત : driven away from one's home and country; dis-placed; rendered homeless, displaced person

ગુજરાતી શબ્દકોશ, સંપાદકોઃ ડૉ. અરવિંદ ભાંડારી, ડૉ. નીલોત્પલા ગાંધી, સહસંપાદકઃ ડૉ. પિંકી પંડ્યા, અરુણોદય પ્રકાશન – અમદાવાદ, સપ્ટેમ્બર ૨૦૧૦

નિર્વાસિત : (વિ.) ઘરબાર કે વતનમાંથી હાંકી કાઢવામાં આવેલું, નિરાશ્રિત

વસાહત : (સ્ત્રી.) મૂળ સ્થાનેથી સમૂહમાં ખાસ સગવડ માટે બીજે કરાતો વાસ કે તેનું સ્થાન

વિસ્થાપિત : (વિ.) એક જગ્યાએ સ્થિર થયેલાને બીજી જગ્યાએ ખસેડવું હોય કે ખસેડવાનું હોય તેવું

વિનીત જોડણીકોશ, ગૂજરાત વિદ્યાપીઠ – અમદાવાદ, જૂન-૧૯૫૪

નિરાશ્રિત : નિરાધાર

નિર્વાસિત : ઘરબાર કે વાડીવતનમાંથી હાંકી કાઢવામાં આવેલું ; રેફ્યુજી

મોટોકોશ, સંપાદક : રતિલાલ સાં. નાયક, અક્ષરા પ્રકાશન – અમદાવાદ, ત્રીજી સુધારેલી આવૃત્તિ, ફેબ્રુઆરી-૧૯૯૯

નિર્વાસિત : ઘરબાર કે વાડીવતનમાંથી હાંકી કાઢવામાં આવેલું ; રેફ્યુજી

વસાહત : મૂળસ્થાનેથી બીજે કરાતો વાસ કે તેનું સ્થાન

નિરાશ્રિત : નિરાધાર ; આશ્રય ગુમાવી બેઠેલું

સાર્થજોડણીકોશ, ગૂજરાત વિદ્યાપીઠ

નિરાશ્રિત : નિરાધાર

નિર્વાસન : ઘર કે ગામ છોડી જવું તે, દેશમાંથી હાંકી મુકાવું તે; દેશનિકાલ

ભગવદ્ગોમંડલ ભાગ ૫, પ્રવીણ પ્રકાશન- રાજકોટ, પ્રથમ આવૃત્તિ – ૧૯૫૦

નિરાશ્રિત : જેને કોઈનો આશ્રય રહેલો ન હોય તેવું, અનાથ, નિરાધાર, અશરણ, ગરીબ, આશરા વગરનું, અટૂલું

નિર્વાસિત : નગર કે પ્રદેશમાંથી બહાર કરેલ; દેશનિકાલ કરેલ; હાંકી કાઢેલ; ઘરબાર કે વાડી વતનમાંથી હાંકી કાઢવામાં આવેલું, રેફ્યુજી

ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ ખંડ ૨૪, ગુજરાત વિશવકોશ ટ્રસ્ટ-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, જાન્યુઆરી ૨૦૦૯

નિર્વાસિતો: જાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા કે રાજકીય માન્યતાઓને કારણે આપવામાં આવતા ત્રાસ- જુલ્મથી બચવા માટે દેશવટો કરી ગયા હોય કે જેમને દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યા હોય તેવા લોકો.

મોટાભાગની ડીક્ષનરીઓમાં ડાયસ્પોરા શબ્દને માત્ર વતનવિચ્છેદના સંદર્ભ સાથે જોવામાં આવ્યું ત્યારે ઈ.સ. ૧૯૯૧માં William Safran પોતાના 'Diasporas in Modern Societies: Myths of Homeland and Return' નામના લેખમાં ડાયસ્પોરા સંજ્ઞાને વધારે સ્પષ્ટ કરે છે અને Diasporaના લક્ષણો આ રીતે જણાવે છે:

William Safaran "Diaspora's in modern societies: myths of homeland and return", *Diaspora,* Vol. 1, No. 1, (1991), Pp. 83-84.

1) they, or their ancestors, have been dispersed from a specific original "center" to two or more "peripheral," or foreign, regions; (તે કે તેઓના પૂર્વજો જે પોતાના મૂળ વતન કે માતૃભૂમિથી વિખેરાઈ જઈને બે કે તેથી વધુ દેશોમાં સ્થાયી થયા છે.)

2) they retain a collective memory, vision, or myth about their original homeland—its physical location, history, and achievements; (માતૃભૂમિ સાથેની શારીરિક રીતે વસાહતની, ઈતિહાસની, સિદ્ધિઓની પોતાની સ્મૃતિઓ, દષ્ટી કે માન્યતઓને જાળવી રાખી છે.)

3) they believe that they are not—and perhaps cannot be—fully accepted by their host society and therefore feel partly alienated and insulated from it; (જેઓ માને છે કે પોતે સંભવતઃ યજમાન દેશના સમાજ દ્વારા સંપૂર્ણ રીતે સ્વીકારાયા નથી અને તેના લીધે પરાયાપણાની અને અપમાનની ભાવના અનુભવે છે.)

4) they regard their ancestral homeland as their true, ideal home and as the place to which they or their descendants would (or should) eventually return—when conditions are appropriate; (પોતાના પૂર્વજોની માતૃભૂમિ પ્રત્યે આદરભાવ ધરાવી તેને જ પોતાનું સાચું, આદર્શ આશ્રય સ્થાન માની પરિસ્થિતિઓ અનુકૂળ બનતાં પોતે કે પોતાના વંશજો ત્યાં પરત ફરશે એવી આશા રાખતાં લોકો.)

5) they believe that they should, collectively, be committed to the maintenance or restoration of their original homeland and to its safety and prosperity; and (જેઓ માને છે કે પોતાના મૂળ વતન કે માતૃભૂમિની સૌ સાથે મળી, સારસંભાળ રાખી, પુનરુત્થાન અને સુરક્ષિત કરી તેને સમૃદ્ધ બનાવવી જોઈએ.)

6) they continue to relate, personally or vicariously, to that homeland in one way or another, and their ethno communal consciousness and solidarity are importantly defined by the existence of such a relationship.

(તેઓ વ્યક્તિગત અથવા સામુહિકપણે એક અથવા બીજી રીતે માતૃભૂમિ સાથે સંબંધ ચાલુ રાખતા રહે છે, તેઓની વંશીય સાંપ્રદાયિક ચેતના અને એકતા આવા સંબંધના અસ્તિત્વ દ્વારા મહત્વપૂર્ણ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.)

પરંતુ Robin Cohen William Safaranના છ લક્ષણોને અપૂરતા ગણાવી વધારાના ત્રણ લક્ષણોને તેમાં ઉમેરી નવ લક્ષણો આ રીતે દર્શાવે છે. (Robin Cohen, "Diasporas and the Nation-State: From Victims to Challengers", International Affairs,Vol. 72 No.3, (July, 1996), P. 515.)

1. Dispersal from an original homeland, often traumatically, to two or more foreign regions. (પોતાની માતૃભૂમિથી સ્વેચ્છાએ અથવા આકસ્મિક રીતે બે કે તેથી વધુ વિદેશી પ્રદેશમાં વિસ્થાપન.)

2. Alternatively, the expansion from a homeland in search of work, in pursuit of trade or to further colonial ambitions. (કામની શોધમાં, વેપારની શોધમાં કે વસવાટની વધારે પડતી મહત્ત્વકાંક્ષાઓને પૂરી કરવા વૈકલ્પિક રીતે માતૃભૂમિથી વિસ્તરણ.)

3. A collective memory and myth about the homeland, including its location, history and achievements. (પોતાની માતૃભૂમિના વિસ્તાર, ઈતિહાસ અને સિધ્ધિઓ વિશેની સામૂહિક સ્મૃતિઓ અને માન્યતાઓ ધરાવનાર.)

4. An idealization of the putative ancestral home and a collective commitment to its maintenance, restoration, safety and prosperity, even to its creation. (પોતાના મૂર્તિપૂજક પૂર્વજોની ભૂમિ માટે સુધારણા, પુનરુત્થાન, સંરક્ષણ અને સમૃદ્ધિની સાથે પોતાની સર્જનાત્મકતા જેવા સામૂહિક ધ્યેય ધરાવનાર.)

5. The development of a return movement which gains collective approbation. (પરત ફરવાની વિકાસલક્ષી સામૂહિક ચળવળ.)

6. A strong ethnic group consciousness sustained over a long time and based on a sense of distinctiveness, a common history and the belief in a common fate. (લાંબા સમય સુધી ટકી રહેલી એક મજબૂત વંશીય સમૂહ ચેતના જે અનોખાપણાની, સર્વસામાન્ય ઈતિહાસ અને સર્વસામાન્ય ભવિષ્યની માન્યતા ધરાવે છે.)

7. A troubled relationship with host societies, suggesting a lack of acceptance at the least or the possibility that another calamity might befall the group. (યજમાન સમૂદાય સાથેનો મુશ્કેલીભર્યો સંબંધ, તેઓ દ્વારા પોતાની સ્વીકૃતિનો વિરોધ અથવા એવી શક્યતા હોય કે પોતાનો સમૂદાય અન્ય આફતોમાં પણ આવી શકે છે.)

8. A sense of empathy and solidarity with co-ethnic members in other countries of settlement. (બીજા પ્રદેશોમાં રહેતા વંશીય સાથીઓ સાથે સહાનુભૂતિ અને એકતાની ભાવના.)

9. The possibility of a distinctive yet creative and enriching life in host countries with a tolerance for pluralism. (સહિષ્ણુતા ધરાવનાર યજમાન દેશોમાં હજુ સુધી બહુમતી માટે એક વિશિષ્ટ સર્જનાત્મકતા અને સમૃદ્ધ જીવનની સંભાવના છે.)

આ વાત તો થઈ Diaspora શબ્દની ઉત્પતિ અને તેના વિવિધ ભાષાઓમાં કરવામાં આવતા અર્થસંદર્ભોની. પરંતુ ડાયસ્પોરાની સમજ લોકોમાં કેવી રીતે ઉદ્‌ભવતી થઈ એ વિશે भारतीय डायस्पोरा : विविध आयाम નામના પુસ્તકમાં તેની વાત આ રીતે કરવામાં આવી છે. એ સંદર્ભને પણ આપણે અહીં જોઈએ.

‘जब विश्व मानवता संचारक्रांति के कारण पहले से अधिक समीप होती जा रही है, तब लोगों में नए सिरे से स्वंय की उद्गम –भूमियों को खोजने की उत्कंठा भी तीव्रता से जाग रही हैं। विश्व के विभिन्न क्षेत्रों में छितराई प्रवासित मानवता में अस्मिता बोध करवटे लेने लगा हैं। कहीं कहीं इसमें आक्रामकता भी दिखाई देने लगती हैं। विस्थापित होने के बावजूद प्रवासी मानवता भावनात्मक स्तर पर अपनी जड़ों से जुड़ना चाहती है। मातृभूमि के साथ नए सिरे से संबंध स्थापित करना चाहती है। वह अपना संपूर्ण अस्तित्त्व नए सिरे से खोजना चाहती है। इसलिए विश्व के विभिन्न प्रवासी समाजों में अस्मिता को लेकर हलचल मची हुई है, साहित्य – कला – संस्कृति, संचार माध्यम, आर्थिक – राजनयिक संबंध आदि को लेकर नए प्रवासी – विमर्श जन्म ले रहे हैं।’ (डायस्पोरा और प्रवासन, रामशरण जोशी, भारतीय डायस्पोरा: विविध आयाम, संपादक: रामशरण जोशी, राजीव रंजन राय, प्रकाश चंद्रयन,प्रशांत खत्री, प्रकाशक: राजकमल प्रकाशन, नई दिल्ली, पहला संस्करण:२०१४, पृ. १३)

ભાષાવિજ્ઞાનના નિયમ મુજબ સમય જતાં જેમ દરેક શબ્દ કે સંજ્ઞાનો અર્થ પરિવર્તન પામે છે . આ પરિવર્તન બે પ્રકાર હોઈ શકે. અર્થ વિસ્તાર અને અર્થ સંકોચન. Diaspora શબ્દમાં આવેલું પરિવર્તન પહેલા પ્રકારનું એટલે કે અર્થ વિસ્તારનું છે. કારણ કે, પહેલા આ શબ્દનો અર્થ માત્ર યહુદીઓના સંદર્ભે જ કરવામાં આવતો હતો પરંતુ Oxford English Dictionary આ શબ્દના અર્થમાં ઉમેરો કરે છે અને નવો અર્થ આ રીતે આપે છે: “Any group of people who have spread or become dispersed beyond their traditional homeland or point of origin; the dispersion or spread of a group of people in this way; an instance of this.” (પોતાના પરંપરાગત વતન અથવા મૂળ

સ્થાનથી ફેલાઈ અથવા વેરવિખેર થઈ ગયા છે તેવા કોઈપણ લોકોનો સમૂહ; આ રીતે વેરવિખેર થઈ ગયેલા લોકોનો સમૂહ.)

Khachig Tololyan

the term (Diaspora) that once described Jewish, Greek, and Armenian dispersion now shares meanings with a larger semantic domain that includes words like immigrant, expatriate, refugee, guest-worker, exile community, overseas community, ethnic community. (આ સંજ્ઞા (ડાયસ્પોરા) એક સમયે યહૂદી, ગ્રીક અને આર્મેનિયન લોકોના વિખેરાઈ જવા સંદર્ભે વપરાતી જ્યારે હવે તેનો અર્થ વિસ્તરીને કાયમી સ્થળાંતર કરનાર, સ્વદેશ છોડનાર, શરણાર્થી, મહેમાન-કાર્યકર, દેશનિકાલ કરાયેલ સમુદાય, વિદેશી સમુદાય, વંશીય સમુદાય જેવા વિશાળ અર્થને આવરી લે છે.) Tololyan, Khachig. "The Nation-State and Its Others: In Lieu of a Preface." Diaspora, vol. 11 no. 1 (1991) પૃ. 3-7

રામશરણ જોશી પોતાના 'डायस्पोरा और प्रवासन' નામના લેખમાં ડાયસ્પોરાની બદલાતી જતી વિભાવના વિશે નોંધે છે કે, 'आज डायस्पोरा या प्रवासन का प्राचीन स्वरूप लगभग पूरी तौर पर बदल चुका है । कृषियुगीन या सामंतकालीन या पूर्व औधोगिककालीन प्रवासन मंथर गति, धर्मोन्मुखी, तीर्थाटनवादी, भौतिक मोक्षवादी, पारलौकिक आनंद और परोपकारवादी हुआ करता था । विभिन्न धर्मों के संत – मुनि, भिक्षु – परिव्राजक , श्रावक, अवधूत, योगी, साधु – संन्यासी, फ़कीर, तीर्थयात्री आदि निरंतर प्रवास पर रहा करते थे । महीनों, वर्षों, दशकों एक क्षेत्र से दूसरे क्षेत्र, एक नगर से दूसरे नगर समूहों और टोलियों में भटकते रहते थे । संपूर्ण जीवन इस प्रक्रिया में बीत जाता था, क्योँकि आवागमन के साधन विकसित नहीं थे । उस समय आज से नितांत भिन्न मानसिक बनावट हुआ करती थी । एक प्रकार से वे नियतिवाद से संचालित हुआ करते थे । भौतिक उपलब्धि उनकि प्राथमिकता नहीं थी । प्रवास में एक प्रकार की निस्पृहता की अंतर्धारा प्रवाहित हुआ करती थी ।' (डायस्पोरा और प्रवासन, रामशरण जोशी, भारतीय डायस्पोरा: विविध आयाम, संपादक: रामशरण जोशी, राजीव रंजन राय, प्रकाश चंद्रयन,प्रशांत खत्री, प्रकाशक: राजकमल प्रकाशन, नई दिल्ली, पहला संस्करण:२०१४, पृ. १४) આમ તેઓ એક આલેખ આપે છે કે સમય જતાં કેમ ડાયસ્પોરાની માનસિકતા બદલાઈ, વિચારો બદલાયા. જે બાબત એક સમયે આધ્યાત્મિકતા સાથે જોડાયેલી હતી તેને હવે આજના ડાયસ્પોરાએ કેવી રીતે પૈસા સાથે જોડી દિધી છે એ વાતની સમજ પણ આપણને અહીંથી મળે છે. આ પરિવર્તન પાછળ વર્તમાન પરિસ્થિતિઓ જેવી કે સંચાર અને માહિતી ક્ષેત્રે થયેલી ક્રાંતિ અને આધુનિક ટેકનોલોજીની સાથે લોકોના જ્ઞાનમાં થયેલો વધારો પણ નોંધપાત્ર ભાગ ભજવે છે.

રાજીવ રંજન રાય પોતાના 'विश्व डायस्पोरा का इतिहास' નામના લેખમાં વર્તમાન સમયમાં ડાયસ્પોરાની વિસ્તરતી જતી વિભાવના વિશે નોંધે છે કે, 'वर्तमान समय में डायस्पोरा शब्द/अवधारणा का उपयोग एसी जनसंख्या को वर्णित करने के लिए किया जा रहा है, जिसे विक्षेत्रीकृत अथवा पारदेशीय माना गया है अर्थात एसी जनसंख्या, जिसका उद्भव उस स्थान पर न हुआ हो, जहाँ वह वर्तमान में रह रही है और ईनका सामाजिक, आर्थिक-राजनीतिक नेटवर्क (संजाल) राष्ट्र-राज्य से परे हो या विश्वव्यापी हो । (विश्व डायस्पोरा का ईतिहास, राजीव रंजन राय, भारतीय डायस्पोरा: विविध आयाम, संपादक: रामशरण जोशी, राजीव रंजन राय, प्रकाश चंद्रयन,प्रशांत खत्री, प्रकाशक: राजकमल प्रकाशन, नई दिल्ली, पहला संस्करण:२०१४, पृ. ४५)

આ બધી વાત તો થઈ Diaspora શબ્દના કોશગત અર્થની. હવે વાત કરીએ Diaspora સંજ્ઞાની અને તે જેવી રીતે પ્રયોજાય છે તેની. સૌથી પહેલા તો એ વાત જાણી લેવી જોઈએ કે Diaspora એ વ્યક્તિવાચક સંજ્ઞા છે. એટલે કે જ્યારે આપણે Diaspora એવો ઉલ્લેખ કરીએ છીએ ત્યારે કોઈ એક ચોક્કસ વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમૂહની વાત કરીએ છીએ. તેને સ્થળ સમય કે અન્ય બાબત સાથે કોઈ નિસ્બત નથી.

આપણે વાત કરી કે 'ડાયસ્પોરા' એ એક વ્યક્તિવાચક સંજ્ઞા છે. એટલે દુનિયાના દરેક દેશના વસાહતીને આ સંજ્ઞા લાગુ પાડી શકાય. શરત માત્ર એટલી જ કે તે પોતાના વતનથી દૂર કાયમી વસવાટ કરતો હોવો જોઈએ. આ રીતે જોતા દરેક દેશને પોતાના ડાયસ્પોરા હોવાના. આ બાબતની વધારે ગૂંચવણ ઊભી ન થાય એટલા માટે જ માત્ર 'ડાયસ્પોરા' ન લખતા વધારે સ્પષ્ટતા માટે જ આપણે 'ગુજરાતી ડાયસ્પોરા', 'ભારતીય ડાયસ્પોરા', 'પાકિસ્તાની ડાયસ્પોરા', 'અમેરિકન ડાયસ્પોરા' જેવા વિશેષણો વાપરીએ છીએ.

- ## ડાયસ્પોરા : પ્રકારો

આપણે જોયું કે ડાયસ્પોરા માટે વતન વિચ્છેદ અનિવાર્ય બાબત છે. કોઈ વ્યક્તિનું વતનથી વિચ્છેદ થાય તેના ઘણા બધા કારણો હોઈ શકે. આ વિભિન્ન કારણોને આધારે ડાયસ્પોરાના અલગ અલગ પ્રકારો પડે છે. ડાયસ્પોરાને સ્થળાંતર સાથે સીધો સંબંધ છે. વ્યક્તિ સ્થળાંતર કરે તેના મોટા ભાગે નીચે મુજબના કારણો હોય છે.

૧. સ્વેચ્છાએ : જો કોઈ વ્યક્તિ પોતાની મરજી મુજબ પોતાના કોઈપણ કારણોને લીધે સ્થળાંતર કરે તો તેને આ પ્રકારનું સ્થળાંતર કહેવાય.

૨. અનિચ્છાએ : કોઈ વ્યક્તિ અનિચ્છાએ બે કારણોસર સ્થળાંતર કરે છે.

૧. કુદરતી આફતો : જેવી કે પૂર, ત્સૂનામી, જ્વાળામૂખી, ભૂકંપ, જંગલમાં લાગતી આગ, દુષ્કાળ, સમુદ્ર સપાટીમાં વધારો થવાને લીધે ટાપુઓ કે સમુદ્રકિનારાના લોકોને કરવું પડતું સ્થળાંતર.

૨. માનવસર્જિત કારણો : જ્યારે કોઈ વ્યક્તિ કે જૂથને અન્ય કોઈ વ્યક્તિ કે જૂથ દ્વારા દેશ છોડવાની ફરજ પાડવામાં આવે ત્યારે થતું સ્થળાંતર.

૩. પ્રતિકૂળ પરિસ્થિતિઓથી બચવા થતું સ્થળાંતર : આ પ્રકારના સ્થળાંતરમાં ઉપરોક્ત બન્ને પ્રકારોથી ભિન્ન પરિસ્થિતિ જોવા મળે છે. આ પ્રકારના સ્થળાંતરમાં પરિસ્થિતિઓ પ્રતિકૂળ બનવાને લીધે પરિસ્થિતિનો સામનો કરવાને બદલે વ્યક્તિ સ્થળાંતર કરવાનું વિચારે છે. કોઈ વ્યક્તિ કે જૂથ તરફથી તેને કોઈ દબાણ કરવામાં આવતું નથી. પરંતુ તે પોતે જાણે છે કે હવે જો એ સ્થળાંતર નહીં કરે તો પહેલા જે રીતે રહેતો હતો તેવી રીતે રહી શકાશે નહીં, સંઘર્ષ કરવો જ પડશે. આ સંઘર્ષથી બચવા આ ત્રીજા પ્રકારનું સ્થળાંતર થાય છે.

મણિલાલ હ. પટેલના મતે ‘ડાયસ્પૉરા’ બે પ્રકારના હોઈ શકે છે.

એકઃ યુદ્ધ / આક્રમણ કે સત્તાના ફરમાનથી તમારે તમારો દેશ છોડીને – દેશનિકાલ જેવી સ્થિતિમાં – અન્યત્ર જઈને વસવું પડે. આવું બને ત્યારે લાગણીઓ ને સમસ્યાઓ જુદા જ સ્તરે પ્રવર્તતી હોય છે. આવું સાહિત્ય આપણને કોઈ સોલ્ઝેનિન્શિનમાં કે યેહૂદા એમીચાઈમાં જોવા મળે છે.

બેઃ તમે સ્વેચ્છાએ ભણવા – કમાવા સારું તમારું વતન / તમારો દેશ છોડીને બીજા પસંદગીના દેશમાં જઈને વસો છો ત્યારે સંવેદનાઓ જુદી ભૂમિકાએથી પ્રવર્તતી હોય છે. તમને કોઈએ ફરજ નથી પાડી. તમે જાતે ‘દેશવટો’ લીધો છે. તમારો દેશ – તમારાં મૂળ ઘર – ગામ – સ્વજનો-મિલકતો સલામત છે ને તમે ચાહો ત્યારે ત્યાં જઈને મનગમતી આબોહવામાં જીવી શકો છો. આવા પ્રકારના એન. આર. આઈ. – ગુજરાતીઓ જ બધે છે. એટલે એમનું સાહિત્ય પેલા જોહુકમીથી દેશવટો પામેલાઓ જેવું તીવ્રતર ન પણ હોય એમ બને. ને આ હકીકત પણ છે. (ગુજરાતી ડાયસ્પોરાનું સાહિત્ય, મણિલાલ હ. પટેલ, શબ્દસૃષ્ટી, માર્ચ-૨૦૦૬, પૃ.૨૦)

આમ, તેમના મતે પહેલો પ્રકાર અનિચ્છાએ થતું સ્થળાંતર છે તો બીજો પ્રકાર સ્વેચ્છાએ થતું સ્થળાંતર છે. ડૉ. ઉર્વિ તેવાર પણ ડાયસ્પોરાના આવા જ બે પ્રકારો આ રીતે જણાવે છે,

> ૧. મનુષ્ય વિત્ત, કીર્તિ, સત્તા, વિકાસની ઝંખના, મહત્ત્વાકાંક્ષાને કારણે કે વધુ સારા, સગવડભર્યા જીવનની અપેક્ષાને કારણે ઐચ્છિક સ્થળાંતર કરે છે.
>
> ૨. તો રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક કટોકટી કે આક્રમણોથી બચવા કે ગુલામીની દશામાંથી છૂટવા કે દેશનિકાલ પામીને કે કાયદાના ગુનેગાર હોઈને એમાંથી ભાગી છૂટવા થતું સ્થળાંતર અનૈચ્છિક સ્થળાંતર છે. (શબ્દસંવિત્તિ, પૃ. ૧૨)

ઉપરોક્ત બન્ને વિવેચકોએ સ્થળાંતરના એક કારણ તરીકે દેશનિકાલની વાત કરી છે. ત્યારે એ વાત નોંધવી જોઈએ કે મેકોલેએ ‘Indian Penal Code’ નામે ૧૮૬૦માં એક કાયદો બનાવ્યો હતો. જેને આજે આપણે ‘ભારતીય દંડ સંહિતા’ નામે ઓળખીએ છીએ અને બહુ ઓછા ફેરફાર કરીને અનુસરીએ પણ છીએ. ભારત દેશ જ્યારે અંગ્રેજનો ગુલામ હતો ત્યારે ભારતની સાથે સાથે બીજા ઘણા બધા દેશો પણ અંગ્રેજોના ગુલામ હતા. આથી તે વખતે જો કોઈ વ્યક્તિ કાયદા સમક્ષ ગુનેગાર સાબિત થતો તો તેને દેશનિકાલની સજા કરી અંગ્રેજ શાસિત અન્ય કોઈપણ દેશમાં મોકલી દેવામાં આવતો. પરંતુ જ્યારથી ભારત દેશ આઝાદ થયો ત્યારથી આ પ્રકારની સજા કરવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. કારણ, કે ભારત હવે સ્વતંત્ર દેશ છે, સાથે સાથે દુનિયાના મોટાભાગના દેશો પણ આજે સ્વતંત્ર થઈ ગયા છે. તેથી આજે જો ભારતના કોઈ ગુનેગારને દેશનિકાલની સજા કરવામાં આવે તો તેને કયા દેશમાં મોકલવો તે સૌથી પહેલો પ્રશ્ન થાય. વળી, માનો કે કોઈ દેશમાં તેને મોકલી પણ દઈએ તો બીજો કોઈ દેશ આપણા દેશના ગુનેગારને અપનાવે ખરો ? શાંતિથી રહેવા દે ખરો ? આથી હવે દેશનિકાલની સજા કોઈને કરવામાં આવતી નથી. તેના સ્થાને દેહાતદંડની કે લાંબા સમયની જેલની સજા કરવામાં આવે છે. એટલે આ પ્રકારના સ્થળાંતર થવા હવે શક્ય નથી.

અહીં એક વાત એ પણ નોંધવી જોઈએ કે મોટાભાગના ગુજરાતીઓએ કરેલું સ્થળાંતર સ્વૈચ્છિક પ્રકારનું, પૈસા કમાવવા અથવા આધુનિક જીવનશૈલી અપનાવવા માટે કરેલું સ્થળાંતર છે. જેની સાક્ષી મધુસૂદન કાપડિયા "ભારતીયો/ગુજરાતીઓએ તો સ્વેચ્છાએ ‘દેશવટો’ લીધો છે. મોટા ભાગનાં ગુજરાતીઓ તો અંગત ઉત્કર્ષ માટે આવ્યાં છે." (પ્રસ્તાવના પૃ. ૯, અમેરિકાવાસી કેટલાક ગુજરાતી સર્જકો, મધુસૂદન કાપડિયા, પ્રકાશકઃ ગુજરાત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિઃજાન્યુઆરી-૨૦૧૧) અને પ્રવીણ ન. શેઠ ‘અંગ્રેજો, યહુદીઓ, પોલૅન્ડ, ક્યુબા કે જર્મનીમાંથી આવેલા વસાહતીઓની જેમ ભારતીયો પોતાના

વતનની રાજકીય કે ધાર્મિક ગૂંગળામણથી બચવાના દબાણને કારણે નહોતાં આવ્યાં, પણ નિજી પસંદગીથી, કારકિર્દી અને પૈસા બનાવવાં આવ્યાં હતાં.' (અમેરિકામાં ભારતિયોઃ ઓળખની ખોજ, વિકાસની દોડ, પ્રવીણ ન. શેઠ, પૃ.૧૩) આ વિધાનો પૂરે છે.

જ્યારે નિરંજન ભગત સ્થળાંતરને નિર્વાસન કહી આધ્યાત્મિકતા અને માનસિકતા સાથે જોડી નીચે મુજબના ત્રણ પ્રકારોની વાત કરે છે.

૧. અનૈચ્છિક આધ્યાત્મિક નિર્વાસન

૨. અનૈચ્છિક માનસિક નિર્વાસન

૩. આર્થિક સ્વૈચ્છિક નિર્વાસન

(નિર્વાસનનું સાહિત્ય, નિરંજન ભગત, પરબ, ફેબ્રુઆરી, ૨૦૦૫, પૃ.૩૨-૩૪)

રામશરણ જોશી પોતાના 'डायस्पोरा और प्रवासन' નામના લેખમાં બે અલગ અલગ સમયના ડાયસ્પોરા વિશેના તફાવતને સમજાવતા નોંધે છે કે, 'अमेरिका, कनाडा, ऑस्ट्रेलिया और युरोप में आवासित आप्रवासी भारतीय डायस्पोरा के चहेरे उपभोक्तावादी शक्ति समृद्धि, आत्मिवश्वास, उपलब्धियों का प्रदर्शन, नव अर्जित आक्रामकता आदि मे दमक रहे थे, वहीं उन्नीसवीं सदी की श्रमिक सतह या गिरमिटिया पृष्ठभूमि से उठने वाले भारतीय मूल के डायस्पोरा के चेहरे पर खुरदरापन था। वे भारत के साथ भावनात्मक और सांस्कृतिक धरातलों पर जुड़ना चाहते थे, जबकि अप्रवासी भारतीय आर्थिक और राजनीतिक अपेक्षाओं और दोहरी नागरिकता को प्राथमिकता पर रखे हुए थे। वे भारत में पूँजी नियोजन के क्षेत्रों की तलाश में थे। पहले डायस्पोरा के लिए भारत उसके हृदय में वास करता था, दूसरे के लिए दीनार-डॉलर नियोजन में भारत था। दोनों ही भारतीय डायस्पोरा थे, लेकिन वे स्वतंत्र, भिन्न पहचान और अस्मिता के धनी थे। यह भी भारतीय डायस्पोरा का एक यथार्थ है जिसे इक्कीसवीं सदी के संदर्भों में समझने की आवश्यकता है।' (डायस्पोरा और प्रवासन, रामशरण जोशी, भारतीय डायस्पोरा: विविध आयाम, संपादक: रामशरण जोशी, राजीव रंजन राय, प्रकाश चंद्रयन,प्रशांत खत्री, प्रकाशक: राजकमल प्रकाशन, नई दिल्ली, पहला संस्करण:२०१४, पृ. २२)

ભારતમાંથી લોકોએ અલગ અલગ સમયે, અલગ અલગ કારણોસર અમેરિકા જેવા દેશોમાં સ્થળાંતર કર્યું છે. આ અલગ અલગ બાબતોને આધારે પ્રવીણ ન. શેઠ અમેરિકામાં સ્થળાંતરિત થયેલા લોકોને બે વિભાગોમાં મૂકે છે. તેમની નોંધ મુજબ, '૧૯૬૧માં અમેરિકાએ એનો ઇમિગ્રેશન ધારો એવો

હળવો બનાવ્યો તેનો લાભ લઈને ભારતીયો બે મોજાંને રૂપે અહીં આવ્યાં. એક, ૧૯૬૫-૭૦નું પહેલું મોજું, અને બીજું આ પહેલા મોજા રૂપે અહીં આવીને સ્થિર થયેલાં પોતાનાં સગાંની સ્પોન્સરશિપ પર ૧૯૮૦ની આસપાસનાં વર્ષોમાં આવેલ ગ્રીન કાર્ડધારકોનું.... પહેલા મોજામાં ડૉક્ટરો-ઇજનેરો-વિજ્ઞાનીઓ જેવા ઉચ્ચ શિક્ષિત વ્યવસાયીઓ આવ્યા, તો બીજા મોજામાં ઓછું ભણેલાં ગ્રીનકાર્ડ ધારકો.' (અમેરિકામાં ભારતીયોઃ ઓળખની ખોજ, વિકાસની દોડ, પ્રવીણ ન. શેઠ, પૃ.૧૩)

આ વાત તો થઈ સ્વદેશ છોડવાના કારણોના આધારે ડાયસ્પોરાના પાડવામાં આવતા પ્રકારોની. પરંતુ રઘુવીર ચૌધરી સ્વદેશ છોડી પરદેશમાં સ્થાયી થયેલા ડાયસ્પોરા પોતાનું જીવન કેવી રીતે જીવે છે તેના આધારે તેમના ચાર પ્રકારો પાડે છે.

૧. ડોલર એ જ પિતા, માતા, ભાઈ અને મિત્ર છે એવું માનીને કેવળ વૈતરું કરી ખાનારા લોકો.

૨. ડોલર રળ્યા પછી થોડીક શ્રદ્ધા અને થોડીક અંધશ્રદ્ધા સાથે ધર્મના ઉપદેશકોને પરમેશ્વર ગણનારા ઘેટા જેવા લોકો.

૩. સાચી ધાર્મિકતાની સુગંધ પામીને પોતાના સુખી અને સમૃદ્ધ જીવનને પવિત્ર બનાવવા મથનારા ભારતીય લોકો.

૪. ભારતીય સંસ્કારના ઉત્તમ અંશોને આત્મસાત કરીને સાહિત્ય, સંગીત અને કળાના સથવારે પૂર્વ તથા પશ્ચિમની સંસ્કૃતિનો સમંવિત લાભ લેનારા વિશ્વ નાગરિકો ગણાય એવા પ્રબુદ્ધ, ભારતીય લોકો.

(રઘુવીર ચૌધરી, તાદર્થ્ય, ઓક્ટોબર-૨૦૦૫, પૃ.૦૪)

ગુજરાતી વિશ્વકોશના મતે 'વિશ્વમાં ત્રણ પ્રકારના એવા નિર્વાસિતો પણ જોવા મળે છે જેમનો સમાવેશ 'યુનાઈટેડ હાઈકમિશ્નર ફૉર રેફ્યુજિઝ' દ્વારા કરવામાં આવેલ વ્યાખ્યામાં થતો નથી.'

૧. યુદ્ધ, ક્રાંતિ અથવા નાગરિક અશાંતિને લઈને નાસી છૂટેલા લોકો,

૨. ત્રાસ, જુલમ કે નાગરિક અશાંતિને કારણે ભાગી છૂટેલા લોકો, પણ પોતાના દેશમાં જ નિવાસ કરતા હોય. આ લોકોને રાષ્ટ્રીય નિર્વાસિતો અથવા વિસ્થાપિતો તરીકે ઓળખવામાં આવે છે.

૩. સત્વરે નાગરિકતા પ્રાપ્ત થાય એવા દેશોમાં દાખલ થયેલા લોકો.'

(વિશ્વકોશ પૃ.૨૨૫)

પરંતુ આપણે જાણીએ છીએ કે કોઈ સંજ્ઞા સર્વકાલીન હોતી નથી. સમય જતાં તેમાં બદલાવ આવી શકે છે. 'ડાયસ્પોરા' સંજ્ઞા બાબતે જ આપણે આ વાત જોઈ ગયા કે આ સંજ્ઞા એક સમયે માત્ર યહુદીઓના દેશનિકાલ સંદર્ભે વપરાતી હતી. સમય જતાં આ સંજ્ઞા પછીથી કોઈપણ દેશના લોકોને દેશનિકાલ કરવામાં આવે તો પણ તેના માટે વપરાતી થઈ. સમય જતાં તેમાં પણ પરિવર્તન આવે છે અને દેશનિકાલને બદલે સ્વેચ્છાએ દેશ છોડી પરદેશમાં કાયમી વસવાટ કરનારા લોકો માટે પણ આજે આ સંજ્ઞા વપરાય છે. પરંતુ એક જ દેશ કે રાષ્ટ્રના અલગ અલગ પ્રાંત કે રાજ્યમાં એટલે કે આંતર-રાજ્ય થતાં સ્થળાંતર સંદર્ભે આ સંજ્ઞા પ્રયોજન નહીંવત પ્રમાણમાં થાય છે. એ માટે એવી દલીલ પણ કરવામાં આવે છે કે આવી રીતે આંતર-રાજ્ય સ્થળાંતર કરનાર લોકો ભલે એક રાજ્યથી બીજા રાજ્ય કે પ્રાંતમાં સ્થળાંતર કરે છે, પણ તેઓનો દેશ તો એક જ રહે છે. દેશ એક રહેવાને લીધે સંસ્કૃતિ પણ થોડા ઘણા અંશે સમાન હશે. આ બાબત ભારત સિવાયના દેશો માટે યોગ્ય ગણી શકાય પણ આ બાબત ભારત માટે યોગ્ય ન ઠેરવી શકાય. કારણ કે, ભારતના દરેકે દરેક રાજ્યની પોતાની આગવી સંસ્કૃતિ છે. જેમ કે, ગુજરાતથી કેરળની સંસ્કૃતિ કે પછી અસમથી જમ્મુ-કશ્મીરની સંસ્કૃતિ અને સભ્યતા વચ્ચેના તફાવતને તપાસીએ તો આ બાબત વધારે સ્પષ્ટ થશે. આમ, ડાયસ્પોરા એટલે સામન્ય રીતે વતનવિરહ એમ કહેવાય છે ત્યારે વતન તરીકે દેશને ગણી લેવો એ કદાચ યોગ્ય ન કહેવાય. હવે એ સમય આવી ગયો છે કે ડાયસ્પોરાની આ વિભાવનાને થોડી વિસ્તારી એમાં આંતર-રાજ્ય સ્થળાંતરને સમાવી લેવા જોઈએ. કારણ કે, ડાયસ્પોરાના સાહિત્યમાં સ્થળકાળ કરતાં વિરહની વેદના અને સ્થળાંતરને લીધે ઊભી થતી પ્રતિકૂળ પરિસ્થિતિઓ સામેનો સંઘર્ષ હોય એ વધારે સ્વીકાર્ય છે. એટલે ઉપરોક્ત ત્રણેય પ્રકારના લોકોના સાહિત્યમાં જો વિરહની વેદના અને પ્રતિકૂળ પરિસ્થિતિઓ સામેનો સંઘર્ષ સાહિત્યિક રીતે આલેખાતો હોય તો તેવા સાહિત્યને 'ડાયસ્પોરિક સાહિત્ય'ની સંજ્ઞામાં સમાવવા પડે.

પરંતુ, મારે અહીં એક સ્પષ્ટતા કરવી જોઈએ કે મેં મારા સંશોધન-નિબંધ માટે એવા જ સર્જકો પસંદ કરેલા છે જે ડાયસ્પોરાની મૂળ વિભાવના સાથે સંદર્ભ ધરાવે છે. આ તો મારે ડાયસ્પોરા સંજ્ઞા વિશે વાત કરવાની હતી એટલે એના વર્તમાન સંદર્ભ અને એની બદલાતી વિભાવના વિશે મારે અહીં વાત કરવી જોઈએ એવું મને અનિવાર્ય લાગ્યું એટલે ડાયસ્પોરાની વિસ્તરતી જતી વિભાવના વિશે મેં વાત કરી છે. હું મારા સંશોધન-નિબંધમાં ડાયસ્પોરાની પ્રચલિત વિભાવનાનો જ સંદર્ભ લઈને તમામ સાહિત્યને તપાસવાનો છું. એ માટે મેં આંતર-રાજ્ય ડાયસ્પોરાને આ સંશોધન-નિબંધમાં સ્માવ્યા નથી.

- ## ડાયસ્પોરિક સાહિત્યઃ સંજ્ઞા

હવે વાત કરીએ 'ડાયસ્પોરા'એ લખેલા સાહિત્યની. આ સાહિત્ય માટે મોટા ભાગે આપણે 'ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય' એવી જ સંજ્ઞા પ્રયોજીએ છીએ. આ સંજ્ઞા થકી જ એ લોકોએ લખેલા સાહિત્યને ઓળખીએ છીએ. અહીં એક વાત સ્પષ્ટ કરવાની જરૂર છે કે જ્યારે આપણે 'ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય' એવી સંજ્ઞા પ્રયોજીએ છીએ ત્યારે તેમાં રહેલાં ત્રણે શબ્દોની અર્થછાયાને પૂરેપૂરી સ્પષ્ટ કરતાં નથી; જેના લીધે આજે પણ આ સંજ્ઞા વિશે ગુજરાતી સાહિત્યના વિવેચકો, તજજ્ઞો, સંશોધકો અરે ત્યાં સુધી કે ડાયસ્પોરા સર્જકોમાં પણ ઘણા મતમતાંતરો, મુંઝવણો, અસ્પષ્ટતાઓ જોવા મળે છે. તો સૌથી પહેલા આ સંજ્ઞાના ત્રણેય શબ્દોની અર્થછાયાને સમજીએ. જ્યારે આપણે એમ કહીએ છીએ કે 'ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય' ત્યારે એનો સરળ અર્થ એમ થાય કે 'ગુજરાતી ભાષામાં લખાયેલું કોઈ ડાયસ્પોરા(વ્યક્તિ)નું તમામ સાહિત્ય'. જો આ પ્રકારની વિભાવનાને આપણે સ્વીકારીએ તો આ સંજ્ઞામાં કોઈ ડાયસ્પોરાએ સ્વદેશ છોડતા પહેલા લખેલા સાહિત્યનો પણ એમાં સમાવેશ આપોઆપ થઈ જાય. વળી સ્વદેશ છોડી પરદેશ જઈ નિજાનંદ માટે લખેલા સાહિત્યનો પણ એમાં સમાવેશ થાય. ઉદાહરણ તરીકે કોઈ ડાયસ્સ્પોરાએ સ્વદેશમાં લખેલી વાર્તાઓનો પણ એમાં સમાવેશ થઈ જાય અને પરદેશ ગયા પછી લખેલા ભજનો પણ આ પ્રકારનું જ સાહિત્ય બની જાય. પરંતુ વાસ્તવિકતા એ છે કે 'ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય' એવી સંજ્ઞા જ્યારે આપણે વાપરીએ છીએ ત્યારે ઉપરોક્ત બન્ને પ્રકારના સાહિત્યનો એમાં સમાવેશ થઈ શકે નહીં. આ જ વાત ભોળાભાઈ પટેલ પોતાના શબ્દોમાં આ રીતે કહે છે, 'વિદેશવાસી એવા કોઈ ગુજરાતી જે કાંઈ ગુજરાતીમાં લખે તે કાંઈ ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય થઈ જતું નથી.' (પ્રાસ્તાવિક, બ્રિટનમાં ગુજરાતીઓ ઈન-બિટવિનનેસથી હોમલીનેસ, પ્રવીણ ન. શેઠ અને જગદીશ દવે, પ્રકાશક : ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિઃ ૨૦૦૭, પૃ. ૧૮)

ડૉ. રૂપલ ભટ્ટ પણ પોતાના 'ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યનો આરંભ અને આજ' નામના લેખમાં આ વાતને આ શબ્દોમાં રજૂ કરે છે, "જેમ અન્ય સાહિત્ય બધું જ સાહિત્ય નથી કહેવાતું તેમ પરદેશમાં લખાતું બધું જ સાહિત્ય 'ડાયસ્પોરિક સાહિત્ય' નથી હોતું. તેને પણ પરંપરાથી પ્રયોગ વચ્ચે – સર્જકની નિજાનંદની દશા સાથે – સ્વંય વિહરીને સિદ્ધ થવું પડે છે." (ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યનો આરંભ અને આજ, ડૉ. રૂપલ ભટ્ટ, તાદર્થ્ય, માર્ચ-૨૦૦૯, પૃ.૨૪)

ડૉ. ઉર્વિ તેવાર આ વાતને વધારે સ્પષ્ટતાથી આ રીતે રજૂ કરે છે, 'આ સંવેદનો નિરૂપનાર પોતે ડાયસ્પોરા હોય એ જરૂરી છે. કોઈ નિવાસી ભારતીયએ લખેલી કૃતિમાં ડાયસ્પોરાનાં સંવેદનો હોય તેને ડાયસ્પોરા લિટરેચર કહી ન શકાય. એ જ રીતે નવવસાહતીઓ ડાયસ્પોરાનાં સંવેદનોને વાચા આપવાને બદલે અન્ય કોઈ સંવેદનનું સાહિત્ય રચે તો તેને પણ ડાયસ્પોરા લિટરેચર કહી શકાશે નહીં. ટૂંકમાં

ડાયસ્પોરા અને લિટરેચર અહીં સંકળાય છે, એટલે કે કૃતિનું ડાયસ્પોરા દ્વારા સર્જાવું, એમાં ડાયસ્પોરાનાં સંવેદનોનું નિરૂપણ અને એનું સાહિત્યિક મૂલ્ય હોવું ત્રણે જરૂરી છે.' (શબ્દસંવિત્તિ, પૃ. ૧૮) 'વિદેશમાં રહીને લખાયેલા કોઈ પણ સાહિત્ય માટે પણ આ સંજ્ઞા પ્રયોજી શકાશે નહીં. તો આ સાહિત્ય માતૃભાષામાં જ હોવું જોઈએ એવો આગ્રહ નથી.' (ડાયસ્પોરા અને ડાયસ્પોરા લિટરેચર – વિભાવના) શબ્દસંવિત્તિ, પૃ. ૧૯) અહીં તેઓ આ પ્રકારના સાહિત્ય માટે માતૃભાષાને અનિવાર્ય ગણતા નથી. જ્યારે ડૉ. રૂપલ ભટ્ટના મતે આ પ્રકારનું સાહિત્ય માતૃભાષમાં હોવું જોઈએ. એટલે જ તેઓ કહે છે કે 'સામાન્યતઃ શરત એટલી કે માતૃભાષામાં સાહિત્યનું જતન થવું જોઈએ.' હવે જો કોઈ ગુજરાતી સર્જક વિદેશ જઈ જેની માતૃભાષામાં સર્જન કરવાને બદલે કોઈ અન્ય ભારતીય ભાષા કે અંગ્રેજી ભાષામાં સાહિત્ય સર્જન કરશે તો તેને પણ ડાયસ્પોરિક સાહિત્ય તો કહેવાશે જ પણ તે ગુજરાતી ભાષામાં ન હોવાથી 'ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય' નહીં કહેવાય. સામે બીજી પરિસ્થિતિ એવી પણ ઉભી થઈ શકે કે બિનગુજરાતી સર્જક દ્વારા વિદેશમાં રહી જો ગુજરાતી ભાષામાં સાહિત્ય સર્જન થાય તો તેને આપણે આ સંજ્ઞામાં સમાવવું પડે. એટલે જ્યારે આપણે 'ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય' એવી સંજ્ઞા પ્રયોજીએ ત્યારે તેમાંના પહેલા શબ્દ ગુજરાતીનો અર્થ ભાષા સંદર્ભે થાય, સર્જક સંદર્ભે નહીં. એટલે કે, ગુજરાતનો સર્જક નહીં પણ ગુજરાતી ભાષામાં લખાયેલું સાહિત્ય. પછી ભલે તે કોઈ પણ પ્રદેશના ડાયસ્પોરા દ્વારા લખાયેલું હોય. તો પણ તેને આ સંજ્ઞા લાગુ પાડી શકાય.

આ બધી બાબતોથી એ તો સ્પષ્ટ છે કે 'ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય' સંજ્ઞા અસ્પષ્ટ છે; એની જગ્યાએ વધારે સ્પષ્ટ હોય તેવી બીજી કોઈ સંજ્ઞા વાપરવી પડશે. બીજી કોઈ સંજ્ઞા વાપરતા પહેલા આપણે એ બાબત પણ સ્પષ્ટ કરી લેવી જોઈએ કે આપણે આ નવી સંજ્ઞા પાસેથી કેવી કેવી અપેક્ષાઓ છે ? તો આ નવી સંજ્ઞા પાસેથી આપણને ડાયસ્પોરાને થયેલા કે થતાં ત્રણ પ્રકારના અનુભવોના સાહિત્યની અપેક્ષા હોય છે.

૧. જે છૂટી ગયું છે તેવા વતન અને ઘરની સાથે સાથે ભારતીય સંસ્કૃતિની યાદોના લીધે જન્મતી વિરહની વેદનાનું સાહિત્ય.

૨. ભિન્ન ભિન્ન લોકો, ભિન્ન ભિન્ન બોલી, ભિન્ન ભિન્ન રહેણી કરણી, ભિન્ન ભિન્ન રીતિરિવાજો વચ્ચે વિદેશની સંસ્કૃતિને ન અપનાવી શકવાની દ્વિધાને કારણે ઉભા થતાં સંઘર્ષોનું સાહિત્ય.

૩. ઉપરોક્ત બન્ને પ્રકારની લાગણીઓ સાથે રાખીને ડાયસ્પોરા પોતાને નવા દેશમાં ઠરીઠામ થવા માટે મથવું પડે છે. ઠરીઠામ થયા પછી બન્ને સંસ્કૃતિના સમન્વયના લીધે ઊભી થતી મૂંઝવણો – સમસ્યાઓનું સાહિત્ય.

આ ત્રણે બાબતોના આધારે ડાયસ્પોરાના સાહિત્ય વિશે કહેવું હોય તો એમ કહી શકાય કે, ‘ડાયસ્પોરાનું સાહિત્ય કલ્પનાનું નહીં પણ અનુભવનું સાહિત્ય છે.’ પરંતુ આ અનુભવો સાહિત્યિક રીતે રજૂ થાય તે પણ જરૂરી છે. નહીંતર આ અનુભવો દસ્તાવેજી બયાન કે આપવીતી જ બની રહેશે; સાહિત્ય બની શકશે નહીં.

આમ, આ ત્રણ પ્રકારના અનુભવો ધરાવતાં સાહિત્ય માટે ‘ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય’ને બદલે ‘ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય’ એવી સંજ્ઞા વાપરી શકાય. હવે બન્ને સંજ્ઞાઓની અર્થછાયાઓને સાથે સરખાવીએ,

‘ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય’	‘ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય’
‘ગુજરાતી ભાષામાં લખાયેલું કોઈ ડાયસ્પોરા(વ્યક્તિ)નું તમામ સાહિત્ય’	‘કોઈ ડાયસ્પોરા(વ્યક્તિ) દ્વારા ગુજરાતી ભાષામાં લખાયેલું ચોક્કસ પ્રકારના અનુભવો કે લાક્ષણિકતાઓનું સાહિત્ય’

આ બન્ને સંજ્ઞાઓની અર્થછાયાઓને સાથે સરખાવતા એ બાબત સાબિત થાય કે ‘ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય’ સંજ્ઞા ‘ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય’ સંજ્ઞા કરતાં વધારે સ્પષ્ટ છે. ડાયસ્પોરિક સાહિત્યમાં સાંસ્કૃતિક તફાવત એ મહત્ત્વની બાબત છે. તેના વિશે વાત કરતાં પહેલાં સંસ્કૃતિ એટલે શું એ વિશે વાત કરવી જરૂરી છે.

માનવી પહેલા આદીમાનવ જેવું ભટકવું જીવન જીવતો હતો ત્યારે પોતે કોઈપણ પ્રકારના કપડાં પહેરતો ન હતો. ધીમે ધીમે પ્રકૃતિના વિવિધ તત્ત્વો જેવા કે ઠંડી, ગરમી, વરસાદ, આગ, પવન વગેરેથી બચવા પાંદડાના કપડાં બનાવી પહેરવા લાગ્યો. સમૂહમાં રહેવાને લીધે તેને થોડી વધારે ખબર પડી અને આથી શર્મને લીધે પણ પૂરું શરીર ઢંકાય એ પ્રકારનાં કપડાં પહેરવા લાગ્યો. આમ, વ્યક્તિ માત્ર પોતાનું શરીર ઢાંકવા માટે કોઈ પણ પ્રકારના વસ્ત્રો પહેરે તો એને સભ્યતા કહેવાય. પણ સંસ્કૃતિ સભ્યતાથી એક ડગલું આગળ વધે છે. સંસ્કૃતિમાં વ્યક્તિ પાસે પોતાની આગવી પસંદ હોય છે. કોઈ ધોતી પહેરે, કોઈ સલવાર પહેરે તો કોઈ જીન્સ પહેરે. સંસ્કૃતિ એ ખૂબ વિશાળ સંજ્ઞા છે. તેમાં ઘણી બધી બાબતો આવી જાય જેવી કે, બોલી, ભાષા, રહેણીકરણી, રીતિરિવાજ, માન્યતા, પરંપરા, રૂઢિઓ, પહેરવેશ, ધર્મ વગેરે. ર. વ. દેસાઈ તેમના ‘ભારતીય સંસ્કૃતિ એક વિહંગાવલોકન’ નામના પુસ્તકમાં સંસ્કૃતિની વિવિધ વ્યાખ્યાઓ આપી અંતે સંસ્કૃતિને સાત બાબતોમાં વિભાજીત કરે છેઃ

૧. વિચારવિનિમયનાં સાધનો :

I. અભિનય અને સકેતચિહ્નો

II. વાણી – બોલાતી ભાષા

III. લિપિ

૨. પાર્થિવતત્ત્વો :

I. ખોરાક

II. વસ્ત્ર

III. નિવાસપદ્ધતિ

IV. ઓજાર – હથિયાર – વાસણ – રાચરચીલું

V. ધંધોરોજગાર – વ્યાપાર – ઉદ્યોગ – આબાદી – અવરજવર

VI. મિલકત અને મિલકતની માલિકી તથા તે અંગેના વ્યવહાર

૩. જાતીય તત્ત્વો :

I. પ્રેમ – જાતીય આકર્ષણ

II. લગ્ન

III. કુટુંબરચના

IV. સગપણસમૂહ અને એમાં ઉત્પન્ન થતા સંબંધપ્રકારો

૪. અધ્યાત્મ - માનવી અને કુદરતનો સંબંધ દર્શાવતી ભાવના :

I. દેવકથા -દંતકથા..

II. જાદુ-મંત્ર-તંત્ર-યંત્ર-ધર્મ વિધિ.

III. ધર્મભાવના અને ધર્માચાર - ધર્મગંથો અને આચારગ્રંથો

IV. ઉપચાર - વૈદ્યકીય – માનસિક

V. વિજ્ઞાન, યંત્ર - ઉદ્યોગ

૫. વ્યકિતગત સંબંધ :

I. શિષ્ય - સભ્ય આચાર અને વાણી

II. અંગત નીતિ

III. સ્વયંઇચ્છિત સમૂહરચના – મંડળીઓ – રમત ગમત

૬. કલા

I. અંગશૃંગાર

II. નૃત્ય, નાટક, સંગીત, સાહિત્ય

III. ચિત્રકામ, શિલ્પ, સ્થાપત્ય, ગ્રામ અને નગરરચના

૭. જાહેર જીવન :

I. રીત, રિવાજ, રૂઢિબદ્ધ સંસ્થાઓ

II. અદાલતી ન્યાયવ્યવહાર અને કાયદા

III. રાજકીય સંસ્થાઓ – રાજા, પ્રજા, ગણવ્યવસ્થા, અમલદારી વર્ગ

IV. યુદ્ધ અને વિષ્ટિવ્યવહાર

(ભારતીય સંસ્કૃતિ એક વિહંગાવલોકન, ર. વ. દેસાઈ, પ્રકાશકઃ આર. આર. શેઠની કંપની – મુંબઈ, બીજી આવૃત્તિ૧૯૬૩, પૃ. ૨૦-૨૧)

- ## ડાયસ્પોરિક સાહિત્ય : વ્યાખ્યા

ઉપરોક્ત તમામ બાબતો પરથી એ તો સ્પષ્ટ થાય છે કે ડાયસ્પોરિક સાહિત્યની વ્યાખ્યા સંકુલ છે. તેમ છતાં વિવિધ વિદ્વાનોએ પોતાની ભાષામાં આ સંજ્ઞાની વ્યાખ્યા આપવાની કોશિશ કરી છે. તો એવી કેટલીક વ્યાખ્યાઓ જોઈએ.

અનિલ વ્યાસ ડાયસ્પોરિક સાહિત્યની અલગ અલગ ચાર વ્યાખ્યાઓ આપે છે. પહેલા તે વ્યાખ્યાઓ જોઈએ.

૧. વિદેશમાં વસી કાયમી થઇ જતાં ત્યાંની સંસ્કૃતિ, પરંપરાના ભાગ બની જઇ આપણે પૂરેપૂરા ત્યાંના બની શકતા નથી. દેશ છોડ્યાની, માતૃભૂમિના વિરહની ઝુરાપાની પીડા આપણને ઝંઝોળે છે. એ પીડામાંથી સર્જાતું સાહિત્ય એટલે ડાયસ્પોરિક સાહિત્ય.

૨. ભાગલા પડતાં મૂળ ભૂમિમાં જ પરાયા થઇ ગયાની વેદનામાંથી સર્જાતું સાહિત્ય એટલે ડાયસ્પોરિક સાહિત્ય.

૩. ગુજરાત બહાર અન્ય રાજ્યમાં સ્થાયી થયેલા સર્જક દ્વારા ત્યાંની પરંપરા, સંસ્કૃતિ, ભાષાના પ્રભાવ તળે સર્જાતું સાહિત્ય એટલે ડાયસ્પોરિક સાહિત્ય.

૪. લાંબા વસવાટ પછી માતબર બનેલા અનુભવ વિશ્વમાંથી ત્યાંની જ પરંપરા, ત્યાંના જ પ્રશ્નો અને સામાજિક સંઘર્ષમાંથી પ્રગટતી વ્યંજના કે અભિધાનું સાહિત્ય એટલે ડાયસ્પોરિક સાહિત્ય. (હા, અમે ડાયસ્પોરા, અનિલ વ્યાસ, ઓપિનિયન, જુન-૨૦૦૯, પૃ. 6)

ડૉ. રૂપલ ભટ્ટના મતે " 'ડાયસ્પોરા સાહિત્ય' ડાયસ્પોરા વડે લખાતું સાહિત્ય. સ્પષ્ટ ભાવમાં બાંધવું હોય તો આમ મૂકી શકાય – વિદેશ સ્થિત સ્થાયી થયા પછી માતૃભાષા વડે નિજ સંસ્કાર, સંસ્કૃતિ, સમાજની ભાવના, લાગણી, વ્યવહાર, તે વાતાવરણ ઇત્યાદી સામગ્રીનું વિનિયોગીકરણ કરી તેના વડે સાધારણીકરણ (Universalisation) થવું." (ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યનો આરંભ અને આજ, ડૉ. રૂપલ ભટ્ટ, તાદર્થ્ય, માર્ચ-૨૦૦૯, પૃ.૨૫)

ધીરૂભાઈ ઠાકર કહે છે કે, 'ડાયસ્પોરિક સાહિત્ય ગુજરાતી સાહિત્યના મુખ્ય પ્રવાહની શાખા જ છે. એનું સર્જન ગુજરાતી સાહિત્યનાં સ્વીકૃત સ્વરૂપો અને પરંપરાને અવલંબીને થાય છે. તેની રચના વિદેશી સમાજની વચ્ચે થતી હોવાને કારણે વિષય વિદેશમાંના અનુભવ-અવલોકનનો હોય છે અને વિદેશસ્થિત વ્યક્તિના જીવનનો સંસ્કારસંઘટ્ટ કે વિદેશની ધરતી પર વસીને વિદેશી સમાજની તાસીર દર્શાવે, તેની વિશિષ્ટતાને સ્વાનુભાવ દ્વારા ઉપસાવી આપે તે ડાયસ્પોરિક સાહિત્ય એમ વ્યાખ્યા બાંધી શકાય.' (ડાયસ્પોરિક (વિદેશસ્થિત) ગુજરાતી સાહિત્ય, અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા-૫, ધીરૂભાઈ ઠાકર, પૃ.૩૩૬)

મણિલાલ હ. પટેલના મતે, 'સામાજિક માણસ પોતાનું વતન છોડીને બીજા દેશમાં જઈને વસે છે ત્યારે એ દેશની પ્રજા, એનું માનસ, એ પ્રજાનો ધર્મ, એનો સાંસ્કૃતિક વારસો, એ પ્રજાની ભાષા તથા એ પ્રજાનું રોજિંદુ જીવન વગેરે વિશે એણે વિચારવાનું અને સમાધાન કરવાનું આવે એ સ્વાભાવિક છે. બીજી રીતે કહીએ તો બીજા દેશકાળમાં જઈને વસનારાં માણસોની સામે ઘણી મૂંઝવણો અને ઢગલો પડકારો હોય છે. બીજા દેશના કાયદાઓ અને જનારની મર્યાદિત ભૂમિકા હોવાથી પણ નવવસાહતીઓ (નોનરેસિડેન્ટ ઇન્ડિયન) બનનારા લોકોના સંઘર્ષનું સાહિત્ય રચાયું હોય કે રચાતું હોય તો એ ડાયસ્પોરાનું સાહિત્ય કહી શકાય. વતનવિચ્છેદનું સંસ્કૃતિ/સંસ્કાર/અસ્મિતા માટેના ઝુરણનું સાહિત્ય તે ડાયસ્પોરાનું સાહિત્ય છે. એક તરફ નવા દેશમાં વસવાનું ને સ્થિર થઈ રહેવાનું છે. તો બીજી તરફ છૂટી ગયેલાં ઘર-ગામ-વતન-સગાવહાલાં-ભૂમિ-દેશ-સંસ્કાર-સંસ્કૃતિ-જીવનરીતિ-ભાષા-ધર્મ-કલાઓ માટેનો ઝુરાપો છે. શરૂઆતમાં આવો ઝુરાપો તીવ્રતમ હોય છે. વખત જતાં આ ઝુરાપો એક સંવેદન- વિચાર બનીને મનને વળગી રહે છે. એન. આર. આઈ.ના અનેક તરેહના ઝુરાપાનું સાહિત્ય તે ડાયસ્પૉરાનું સાહિત્ય છે.' (ગુજરાતી ડાયસ્પોરાનું સાહિત્ય, મણિલાલ હ. પટેલ, શબ્દસૃષ્ટી, માર્ચ-૨૦૦૬, પૃ.૧૯)

- ## ડાયસ્પોરિક સાહિત્ય : કેટલીક સ્પષ્ટતા

તેમ છતાં આ સંજ્ઞામાં અમુક બાબતો સ્પષ્ટ નથી થતી. આ અસ્પષ્ટ બાબતો વિશે મારે અહીં સ્પષ્ટતા કરવી જરૂરી છે.

સૌથી પહેલી સ્પષ્ટતા તો એ કરવાની રહે છે કે કોઈ સંજ્ઞા સર્વકાલીન હોતી નથી. સમય જતાં તેમાં બદલાવ આવી શકે છે. 'ડાયસ્પોરા' સંજ્ઞા બાબતે જ આપણે આ વાત જોઈ ગયા કે આ સંજ્ઞા એક સમયે માત્ર યહુદીઓના દેશનિકાલ સંદર્ભે વપરાતી હતી. સમય જતાં આ સંજ્ઞા પછીથી કોઈપણ દેશના લોકોને દેશનિકાલ કરવામાં આવે તો પણ તેના માટે વપરાતી થઈ. સમય જતાં તેમાં પણ પરિવર્તન આવે છે અને દેશનિકાલને બદલે સ્વેચ્છાએ દેશ છોડી પરદેશમાં કાયમી વસવાટ કરનારા લોકો માટે પણ આજે આ સંજ્ઞા વપરાય છે. પરંતુ એક જ દેશ કે રાષ્ટ્રના અલગ અલગ પ્રાંત કે રાજ્યમાં એટલે કે આંતર-રાજ્ય થતાં સ્થળાંતર સંદર્ભે આ સંજ્ઞા પ્રયોજન નહીંવત પ્રમાણમાં થાય છે. એ માટે એવી દલીલ પણ કરવામાં આવે છે કે આવી રીતે આંતર-રાજ્ય સ્થળાંતર કરનાર લોકો ભલે એક રાજ્યથી બીજા રાજ્ય કે પ્રાંતમાં સ્થળાંતર કરે છે, પણ તેઓનો દેશ તો એક જ રહે છે. દેશ એક રહેવાને લીધે સંસ્કૃતિ પણ થોડા ઘણા અંશે સમાન હશે. આ બાબત ભારત સિવાયના દેશો માટે યોગ્ય ગણી શકાય પણ આ બાબત ભારત માટે યોગ્ય ન ઠેરવી શકાય. કારણ કે, ભારતના દરેકે દરેક રાજ્યની પોતાની આગવી સંસ્કૃતિ છે. જેમ કે, ગુજરાતથી કેરળની સંસ્કૃતિ કે પછી અસમથી જમ્મુ-કશ્મીરની સંસ્કૃતિ અને સભ્યતા વચ્ચેના તફાવતને તપાસીએ તો આ બાબત વધારે સ્પષ્ટ થશે. આમ, ડાયસ્પોરા એટલે સામન્ય રીતે વતન વિરહ એમ કહેવાય છે ત્યારે વતન તરીકે દેશને ગણી લેવો એ કદાચ યોગ્ય ન કહેવાય. હવે એ સમય આવી ગયો છે કે ડાયસ્પોરાની આ વિભાવનાને થોડી વિસ્તારી એમાં આંતર-રાજ્ય સ્થળાંતરને સમાવી લેવા જોઈએ. કારણ કે, ડાયસ્પોરાના સાહિત્યમાં સ્થળકાળ કરતાં વિરહની વેદના અને સ્થળાંતરને લીધે ઊભી થતી પ્રતિકૂળ પરિસ્થિતિઓ સામેનો સંઘર્ષ હોય એ વધારે સ્વીકાર્ય છે. એટલે ઉપરોક્ત ત્રણેય પ્રકારના લોકોના સાહિત્યમાં જો વિરહની વેદના અને પ્રતિકૂળ પરિસ્થિતિઓ સામેનો સંઘર્ષ સાહિત્યિક રીતે આલેખાતો હોય તો તેવા સાહિત્યને 'ડાયસ્પોરિક સાહિત્ય'ની સંજ્ઞામાં સમાવવા પડે.

તો બીજી બાબત આપણે વાત કરી ગયા તેમ 'ડાયસ્પોરા' એ કાયમી સ્થળાંતર છે. ડૉ. ઉર્વિ તેવાર આ બાબતને સ્પષ્ટ કરવા આમ કહે છે, 'ડાયસ્પોરાની વિભાવનામાં ટૂંકાગાળાના પ્રવાસો કરતા પ્રવાસીઓ કે એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફરતી રહેતી ભટકતી પ્રજાઓનો સમાવેશ થતો નથી. કારણ કે એ લોકો નવી જગ્યાએ ગયા છે પણ એમનો વસવાટ ટૂંકાગાળાનો છે, વતનથી દૂર એમણે લાંબો સમય વિતાવવાનો નથી. તો રઝળપાટ કરતી પ્રજાઓ યજમાન પ્રજા સાથે બહુ ઓછા વ્યવહારો અને આદાનપ્રદાન રાખે છે, તેથી એ બંનેને પોતાની સંસ્કૃતિ અને નવી સંસ્કૃતિ વચ્ચે તણાવનો સામનો નથી કરવો પડતો.' (શબ્દસંવિત્તિ, પૃ. ૧૨-

૧૩) કારણ કે ટૂંકા ગાળાના પ્રવાસ કરનાર વ્યક્તિ જાણે છે કે તેનું સ્થળાંતર ટૂંકાગાળાનું છે. આ પ્રકારનું સ્થળાંતર મોજ શોખ માટે અથવા થોડા સમય માટે ઉભી થયેલી પ્રતિકૂળ પરિસ્થિતિ અનુકૂળ ન બની જાય ત્યાં સુધીનું જ હોય છે. જેવી પરિસ્થિતિ અનુકુળ બને છે તેવી આ પ્રજા પાછી પોતાના વતનમાં – પોતાના ઘરે પરત ફરી જાય છે. એટલે આવા લોકોને ન તો સ્વદેશ છોડવાની પીડા હોય છે કે ન તો નવી ભૂમિમાં કાયમી વસવાટ કરવાની ઇચ્છા. તેથી તેઓ પોતાની જાતમાં જ વ્યસ્ત હોય છે. પોતાના કામથી જ કામ રાખે છે અને જરૂર પૂરતાં વ્યવહાર કરે છે, ક્યારેક તો એ પણ કરવાનું ટાળતા હોય છે. આવા લોકો વિદેશના લોકો સાથે હળવા મળવાનું પણ પસંદ કરતાં નથી, માત્ર પોતાની જાતમાં રચ્યા પચ્યા રહે છે અને પ્રવાસનો આનંદ માણવામાં વ્યસ્ત રહે છે અથવા તો પરિસ્થિતિ અનુકૂળ થાય તેની રાહ જૂએ છે. એટલે આવા લોકોનો સમાવેશ 'ડાયસ્પોરા' સંજ્ઞા અંતર્ગત કરી શકાય નહીં.

ત્રીજી બાબત એ છે કે, આપણે વાત કરી તેમ આ સાહિત્ય માત્ર કલ્પનાનું નહીં પણ અનુભવનું સાહિત્ય છે. એટલે આ ડાયસ્પોરિક સાહિત્યમાં અનુભવો વધારે મહત્ત્વના બની જાય છે. સ્વદેશમાં રહીને સાહિત્ય સર્જન કરનાર સર્જકને પરદેશમાં ડાયસ્પોરાને થાય છે તેવા અનુભવો થવા શક્ય નથી. તેથી ડાયસ્પોરા સર્જક પોતાને થયેલા અનુભવોની વાત કરવાને બદલે માત્ર કલ્પનાના આધારે સાહિત્ય સર્જન કરે તો પણ તેને 'ડાયસ્પોરિક સાહિત્ય' કહી ન શકાય. આ જ વાત પન્ના નાયક આ રીતે કરે છે, 'જો તમે બ્રિટન, અમેરિકા, આફ્રિકા કે બીજા દરિયાપારના દેશમાં રહીને જે કવિતા, વાર્તા લખો, તે ભારતમાં રહીને પણ લખી શકાય તેવી હોય – એમાં ડાયસ્પોરાની જીવનશૈલી – એના આનંદ, વિષાદ, ભાવનાત્મક સંઘર્ષ કે મિલન યા ઓળખના તત્ત્વોથી તે ગૂંથાયેલ કે રસાયેલ નહીં હોય – તો તેને ડાયસ્પોરિક ગુજરાતી સાહિત્ય કેવી રીતે ગણી શકાય ?' (પ્રાસ્તાવિક, બ્રિટનમાં ગુજરાતીઓ ઈન-બિટવિનનેસથી હોમલીનેસ, પ્રવીણ ન. શેઠ અને જગદીશ દવે, પ્રકાશક : ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિઃ ૨૦૦૭, પૃ. ૧૯)

• ડાયસ્પોરિક સાહિત્ય : લક્ષણો

'ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય'ની સંજ્ઞાની વાત કરી તેમાં આપણે બે મહત્ત્વની બાબતોનો ઉલ્લેખ કર્યો. તે બે બાબતો એટલે ૧. ડાયસ્પોરાને થતાં અનુભવો અને ૨. ડાયસ્પોરિક લાક્ષણિકતા. ડાયસ્પોરાને થતા અનુભવોની વાત તો આપણે કરી ગયા હવે વાત કરીએ ડાયસ્પોરિક લાક્ષણિકતાઓ વિશે.

ડૉ. નીરજા અરૂણ પોતાના भारतीय डायस्पोरा के विभिन्न आयाम નામના લેખમાં ડાયસ્પોરાની લાક્ષણિકતા જણાવતાં લખે છે કે, 'डायस्पोरा शब्द की जो भी तकनीकी परिभाषा हो, परंतु उसका मुख्य अर्थ अपने देश की धरती से दूर विदेशों में बसने से ही है । डायसोरा का मुख्य लक्षण है,

विदेश में रहते हुए भी अपने देश की सांस्कृतिक परंपराओ को निभाते रहना ।' આમ, તેમના મતે 'ડાયસ્પોરિક સાહિત્ય'ની સૌથી મહત્ત્વની લાક્ષણિકતા વિદેશમાં રહીને પણ પોતાના સ્વદેશની સંસ્કૃતિને જાળવી રાખવી છે. (भारतीय डायस्पोरा के विभिन्न आयाम, डॉ. नीरजा अरूण, भारतीय डायस्पोरा: विविध आयाम, संपादक: रामशरण जोशी, राजीव रंजन राय, प्रकाश चंद्रयन,प्रशांत खत्री, प्रकाशक: राजकमल प्रकाशन, नई दिल्ली, पहला संस्करण:२०१४, पृ. ४८)

રામશરણ જોશી डायस्पोरा और प्रवासन નામના પોતાના લેખમાં 'ભારતીય ડાયસ્પોરિક સાહિત્ય'ની લાક્ષણીકતા વિશે વાત કરતા ભારતીય સંસ્કૃતિની વિવિધ બાબતોનું એક આખું સરવૈયું કહી શકાય તેવી દરેકે દરેક બાબતની નોંધ લે છે. તેમના મતે, 'वैसे किसी भी डायस्पोरा की असली पहचान उसके मूल देश, धर्म, भाषा-संस्कृति, साहित्य, पहनावा, रीति-रिवाज, एतिहासिक विरासत, जीवन शैली अथवा संपूर्ण 'लोकाचार' से होती आई है । भारतीय डायस्पोरा भी इसका अपवाद नहीं है । भारतीय जहाँ भी गए हैं, अपनी आधारभूत पहचान-प्रतीकों और लक्षणों (बोली, भाषा, जीवन-पद्धति, पूजा-पद्धति, तीज-त्योहार, धार्मिक संस्कार और साहित्य, रामचरित मानस, मातृभूमि की माटी, परस्पर अभिवादन शैली, विवाह, जाति प्रथा, लोक कथाएँ, मिथकीय आख्यान, लोक संगीत आदि) को अपने साथ अवश्य ले गएँ हैं ।' (डायस्पोरा और प्रवासन, रामशरण जोशी, भारतीय डायस्पोरा: विविध आयाम, संपादक: रामशरण जोशी, राजीव रंजन राय, प्रकाश चंद्रयन,प्रशांत खत्री, प्रकाशक: राजकमल प्रकाशन, नई दिल्ली, पहला संस्करण:२०१४, पृ. २०-२१) વિદેશની ધરતી પર ગયા પછી પણ આ ભારતીય સંસ્કૃતિથી ડાયસ્પોરા ઘનિષ્ટ રીતે જોડાયો રહે અને પોતાના સાહિત્યમાં પણ એ સાંસ્કૃતિક વલણોને સમાવી લે તો એ પ્રકારના સાહિત્યને આ ધારામાં સમાવવું પડે.

ભોળાભાઈ પટેલ બ્રિટનમાં રહેતા ડાયસ્પોરાના સાહિત્ય સંદર્ભે વાત કરતાં જે અપેક્ષાઓ રાખે છે તે તમામ અપેક્ષાઓને ડાયસ્પોરિક લાક્ષણિકતાની શ્રેણીમાં મૂકી શકાય. તેઓ કહે છે કે, 'માત્ર બ્રિટનમાં રહીને જ ગુજરાતીમાં લખાતી કૃતિઓમાં ત્યાંના ડાયસ્પોરા તરીકેના જીવનના, અનુભવોના, પ્રશ્નો અને સંવેદનાઓને વ્યક્ત કરતાં હોય તેવી વાર્તા, કાવ્યો પ્રમાણમાં જૂજ વર્તાય છે. બ્રિટીશ ગુજરાતીઓના ઘરઝુરાપા, વતનઝુરાપા, સાંસ્કૃતિક પ્રતિખેંચાણોના અનુભવો; પોતાની ઓળખના પ્રશ્નો; બે પેઢીઓ વચ્ચે ઉછેર અને સાંસ્કૃતિક ઝોક અને દિશાભેદના તનાવો, સમાધાન કે સમન્વય – આવી સંકુલ ભાવપ્રક્રિયાઓને ચિત્રાત્મક રૂપે જે નાજુક સ્પર્શથી સર્જનાત્મક રીતે આકારતું હોય તેવા સાહિત્યની અપેક્ષા સંતોષાય, તેની હજુ રાહ જોઈશું ?' (પ્રાસ્તાવિક, બ્રિટનમાં ગુજરાતીઓ ઈન-બિટવિનનેસથી હોમલીનેસ, પ્રવીણ ન. શેઠ અને જગદીશ દવે, પ્રકાશક : ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિઃ ૨૦૦૭, પૃ. ૧૮)

નિરંજન ભગત પોતાના 'નિર્વાસનનું સાહિત્ય' નામના લેખમાં જે જે બાબતોની નોંધ લે છે એ પણ ડાયસ્પોરિક સાહિત્યની લાક્ષણિકતાઓ જ છે. તેઓ લખે છે કે, 'નિર્વાસનના સાહિત્યમાં ક્યારેક nostalgia હોય છે, home-sickness હોય છે, ઘરઝૂરાપો હોય છે, સ્મૃતિબદ્ધતા હોય છે; ક્યારેક escape હોય છે, પલાયનવૃત્તિ હોય છે તો ક્યારેક guilt હોય છે. આવા સાહિત્યમાં આત્મદયા અને આત્મનિંદા, મનોરુગ્ણતા અને હૃદયદૌબલ્યનું સૌથી મોટું ભયસ્થાન હોય છે. તો ક્યારેક એમાં બે ભૂમિ અને બે ભાષા વચ્ચે, બે સમાજ અને બે સંસ્કૃતિ વચ્ચે તુલના હોય છે, એક ઊર્ધ્વ અને અન્ય અધમ, એક ઉચ્ચ અને અન્ય અવચ, એક ભૌતિક અને અન્ય આધ્યાત્મિક, એક સંસ્કૃતિ અને અન્ય પ્રકૃત એવી પક્ષાપક્ષી હોય છે. આવા ગમા-અણગમા, રાગ-દ્વેષ પુરસ્કાર-તિરસ્કારને કારણે એમાં પ્રચાર અને પ્રતારણા, અપરુચિ અને અર્ધસત્યનું સૌથી મોટું ભયસ્થાન હોય છે. તો ક્યારેક એમાં જીવનનાં સૌ ક્ષેત્રો- આર્થિક, સામાજિક, રાજકિય, ધાર્મિક, બૌદ્ધિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક આદિ-માં એક અલગ અને અપરિચિત સમાજ, સંસ્કૃતિ અને જીવનશૈલી વચ્ચે આંગતુક, અભિવાસી, નિર્વાસિત તરીકેનો બાહ્યજગતમાં અને આંતરજગતમાં જયપરાજય, આશાનિરાશાનો તથા સંઘર્ષ અને સંવાદિતતાનો અનુભવ હોય છે.' (નિર્વાસનનું સાહિત્ય, નિરંજન ભગત, પરબ-૨૦૦૫ -૨, પૃ. ૩૭)

સુમન શાહ પોતાના પુસ્તક 'અનુ-આધુનિકતાવાદ અને આપણે'માં 'ડાયસ્સ્પોરા લિટરેચર'ની વાત કરતા મૂળે ભારતીય પણ વિદેશમાં રહી અંગ્રેજી ભાષામાં સાહિત્ય સર્જન કરનારા બે સર્જકો ઝુમ્પા લાહિરી અને સલમાન રશદીના સાહિત્યની જે લાક્ષણિકતાઓ દર્શાવે છે તે તમામે તમામ લાક્ષણિકતાઓ 'ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય'ને પણ લાગુ પડે છે. તેઓ કહે છે કે, "દેશ-પરદેશમાં સુખ-દુઃખ, પૂર્વ-પશ્ચિમની પ્રજાઓની ભિન્નતાઓ, બંને સંસ્કૃતિઓ વચ્ચેનો ભેદ, વતનપ્રેમ, શૈશવ, અતીતરાગ, તો માતૃભૂમિને માટેનો પ્રેમ-ધિકકારથી સંમિશ્ર ઝુરાપો, ઉન્મૂલન અને નવી જગ્યાએ મૂળ ન નાખી શકાયાની વ્યથા, ભૂતકાલીન ભારત, પોતે જીવ્યાં તે ભારત અને ઈતિહાસ-ભૂગોળથી સુ-દૂરે વર્તમાનમાં વરતાતું અને નવ્ય રૂપે પરખાતું ભારત જિવાયેલાં અને જિવાતાં દેશવાસીઓ તેમજ વિદેશીઓથી સભર પાત્રસૃષ્ટી, સુન્દર અંગ્રેજી લખાવટ વગેરે વગેરે કેન્દ્રોમાં સંસિદ્ધ ભાવસૃષ્ટી અને કલાસર્જન, સામાન્ય રીતે ભારતીય અંગ્રેજી લેખકમાં હોય છે તેમ લાહિરી અને રશદીમાં પણ છે. આ જાતના સાહિત્યને 'ડાયસ્પોરા લિટરેચર' કહે છે –એટલે કે, વતનથી દૂર વસી ત્યાંથી એને અનુભવતા અને વ્યક્ત કરતા સાહિત્યકારની શબ્દસૃષ્ટી, જેમાં, ઉન્મૂલન કે બે વિશ્વ વચ્ચેની ભીંસ મુખ્યત્વે હોય છે. તો વળી, બે વિશ્વમાંથી એકને ગુમાવ્યાની લાગણી અને બીજાને નહીં પામ્યાની લાગણી જેવા વિરોધો વચ્ચેની ત્રિશંકુ અવસ્થાનું ચિત્રણ પણ ખાસ્સું હોય છે. સવિશેષ તો, આ સાહિત્ય વર્તમાનની ક્ષણે દેશ-વિદેશની અને પરોક્ષપણે માનવીય સભ્યતા-સંસ્કૃતિની કલાસ્વરૂપ ટીકાટિપ્પણી બનતું

હોય છે.” (ડાયસ્પોરા લિટરેચર, અનુ-આધુનિકતાવાદ અને આપણે, સુમન શાહ, પ્રકાશકઃ પ્રથમ આવૃત્તિઃ પૃ. ૨૨૩-૨૨૪)

ડૉ. ઉર્વિ તેવાર પોતાના પુસ્તક ‘શબ્દસંવિત્તિ’માં સમાવિષ્ટ ‘ડાયસ્પોરા અને ડાયસ્પોરા લિટરેચર – વિભાવના’ નામના લેખમાં ડાયસ્પોરિક સાહિત્યના નીચે મુજબના લક્ષણો જણાવે છે, ‘ડાયસ્પોરા સાથે વતનવિચ્છેદની અનુભૂતિ, ઘરઝુરાપો, નવી સંસ્કૃતિમાં ગોઠવાઈ જવા માટેની મથામણો, ક્યારેક વતન પાછા ફરવાની ઉત્કટ ઝંખના, પોતાના વતન, સંસ્કૃતિ માટેનું અતીવ વળગણ, અતીતરાગ, વતનથી ઉન્મૂલિત થયાની વેદના અને નવી જગ્યાએ મૂળ ન નાંખી શકાયાની વ્યથા જેવાં સંવેદનો જોડાયેલાં છે.’ (શબ્દસંવિત્તિ, પૃ. ૧૨-૧૩) ‘જેમાં વતનવિચ્છેદ, ઉન્મૂલિત થયાની વ્યથા, ન-સંધાનની પીડા, નવી ધરતીમાં ગોઠવાઈ જવાના પ્રયત્નો કે હવાતિયાં, સ્વજનોથે દૂરત્વની અનૂભુતિ, માતૃભાષા તરફ લગાવ,આર્થિક – સાંસ્કૃતિક સંઘર્ષો, વેઠેલી યાતનાઓ, ફરજિયાતપણે કરવાં પડતાં સ્થળાંતરોની વેદના, લઘુમતી હોવાનો અહેસાસ જેવાં વ્યથાનાં સંવેદનો તો નવા સ્થળનો રોમાંચ, પ્રકૃતિનો પ્રભાવ, ત્યાંની સભ્યતાનાં અનુભવો, ઐતિહાસિક-પ્રાચીન સ્થળો, પરંપરા, સંસ્કૃતિની હકારાત્મક અસરો, રોજ-બ-રોજની કે ખાસ ઘટનાઓનો સાક્ષીભાવ જેવાં સંવેદનોનો સમાવેશ થઈ શકે.’ (શબ્દસંવિત્તિ, પૃ. ૧૮)

અત્યાર સુધી આપણે જે જે સર્જકો કે વિવેચકોએ દર્શાવેલી ‘ડાયસ્પોરિક સાહિત્યની’ લાક્ષણિકતાઓ જોઈ એ બધી લાક્ષણિકતાઓમાં ઘરઝુરાપો, વતનઝુરાપો, વિરહની વ્યથા, કશુંક છૂટી ગયું છે તેની વ્યથા વગરે જેવી લાક્ષણીકતાઓ પર વધારે ભાર આપ્યો છે. એટલે ક્યારેક એવો પ્રશ્ન પણ થાય કે ‘ડાયસ્પોરિક સાહિત્ય’એ માત્ર વ્યથા અને વિરહનું જ સાહિત્ય છે શું ? કંઈક આવી જ રીતે પ્રશ્નોની ભાષામાં ‘ડાયસ્પોરિક સાહિત્ય’ પાસેથી રાખી શકાય તેવી બીજી અપેક્ષાને મધુસૂદન કાપડિયા આ રીતે રજૂ કરે છે, ‘ડાયસ્પોરા એટલે માત્ર ઘરઝુરાપો, વતન-જન્મસ્થળ-માતૃભૂમિ માટેનો નોસ્ટેલ્જિયા ? માત્ર વ્યતીતરાગ કહેતાં સમય માટેનો નોસ્ટેલ્જિયા ? એમ જ હોય તો પછી અમેરિકન અને ભારતીય સંસ્કૃતિનો સંઘર્ષ ક્યાં ? સમન્વય ક્યાં ? નવવસાહતીઓના પારાવાર સંઘર્ષોની વેદના અને ગૌરવ-ગાથા ક્યાં ? અમેરિકાવાસી કેટલાક ગુજરાતી સર્જકોની વસાહતીઓના સાંકળા વર્તુળમાં ફર્યા કરે છે. એમાં અમેરિકાની સંસ્કૃતિ, કળા, વિજ્ઞાન, જીવનશૈલીનો અંશ સુધ્ધા આલેખાયો નથી. અમેરિકન પ્રજાનાં સાહસ, વ્યક્તિસ્વાતંત્ર્ય, વાણીસ્વાતંત્ર્ય, વ્યાપક અને મોકળાશભર્યાં જીવન-અભિગમ અને રસવૃત્તિ, જિવનનાં અનેક ક્ષેત્રોમાં, સવિશેષે વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં પદાર્પણ અને સિદ્ધિ, વૈભવ, સમૃદ્ધિ અને ભોગવિલાસ, આર્થિક ક્ષેત્રે ઉત્થાન અને પતન, રાજકીય ક્ષેત્રે લોકશાહીની સફળતા અને મર્યાદા, સમગ્ર વિશ્વમાં લોકપ્રિય નીવડેલા અમેરિકન સંગીતના અનેક પ્રકારો, વસાહતીઓ માટેનું અજોડ ઔદાર્ય – આ સઘળાનું સ્વાનુભૂત નિરૂપણ

અમેરિકાવાસી કેટલાક ગુજરાતી સર્જકોની રચનાઓમાં થવું હજુ બાકી છે. અરે, ખુદ ભારતીયોએ અમેરિકામાં અનેક ક્ષેત્રે મેળવેલી સફળતાઓ અને સિદ્ધિઓની વાત પણ ક્યાં થઈ છે?' (પ્રસ્તાવના પૃ. ૯, અમેરિકાવાસી કેટલાક ગુજરાતી સર્જકો, મધુસૂદન કાપડિયા, પ્રકાશકઃ ગુજરાત સાહિત્ય અકાદમી, પ્રથમ આવૃત્તિઃજાન્યુઆરી-૨૦૧૧) આ તમામ અપેક્ષાઓ ડાયસ્પોરિક સાહિત્યની લાક્ષણિકતાઓ જ છે.

મકરંદ મહેતા અને શિરીન મહેતા પોતાના પુસ્તક 'બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરાઃ ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહો'માં કંઈક આ જ પ્રકારની પ્રશ્નાત્મક શૈલીમાં બ્રિટનના ગુજરાતી ડાયસ્પોરા વિશે તપાસ કરતાં નોંધે છે કે, 'સ્થળાંતર કરનાર માનવો પોતાની જન્મભૂમિમાંથી કયા પ્રકારની ભાષા, પરંપરાઓ, દંતકથાઓ, લેખિત કે મૌખિક સાહિત્ય, ધાર્મિક અને સામાજિક મૂલ્યો, માહિતીતંત્ર, ટેક્નોલોજી અને ધંધાધારી કસબો લેતા જાય છે ? તેનું શું થાય છે ? નવા અપનાવેલા દેશના લોકો સાથેના આંતરસંબંધોની ગતિવિધિઓ શું છે ? સ્થળાંતરીઓ મૂળ વતન સાથેનાં ભાવાત્મક, ભાષાકીય અને સાંસ્કૃતિક આઈડેન્ટીટી તથા નવા દેશ પ્રત્યેની સમજપૂર્વકની જવાબદારી વચ્ચે સમતુલા જાળવવાના માપદંડો ક્યા છે ? પ્રથમ પેઢી, બીજી પેઢી અને ત્યાર બાદ ત્રીજી પેઢી વચ્ચેના લગભગ ૫૦ વર્ષના સમયગાળા દરમિયાન કેવી રીતે પરિવર્તન આવે છે ?' (પ્રસ્તાવના પૃ. ૧૨, બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરાઃ ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહો, મકરન્દ મહેતા & શિરીન મહેતા, પ્રકાશકઃ વિશ્વ ગુજરાતી સમાજ) આ તમામ પ્રશ્નો અને 'ડાયસ્પોરિક સાહિત્ય'ની લાક્ષણિકતાઓ મોટા ભાગે સમાન છે.

પ્રવીણ ન. શેઠ 'અમેરિકામાં ભારતીયોઃ ઓળખની ખોજ, વિકાસની દોડ' નામના પોતાના પુસ્તકમાં અમેરિકામાં સર્જાતા ગુજરાતી સાહિત્ય વિશે વાત કરતાં કહે છે કે અમેરિકાવાસી ગુજરાતી સાહિત્ય સર્જકોએ હજૂ સુધી પોતાના સાહિત્યમાં ઘણા બધા વિષયોને આલેખ્યાં નથી. આ તમામ વિષયો પણ ડાયસ્પોરિક સાહિત્યની લાક્ષણિકતા છે. તેઓ નોંધે છે કે, 'ગુજરાતી નવવસાહતના દશકાઓ પર્યન્ત અમેરિકામાં વસવાના, સંઘર્ષના, સંતાનપ્રાપ્તિના અનુભવોને અહીંના લેખકોએ પૂરતી અભિવ્યક્તિ આપી નથી. ખાસ કરીને અહીં અમેરિકન સભ્યતાની અસરને કારણે કુટુંબજીવનમાં બદલાતાં સમીકરણો, બીજી પેઢી સાથેની અસ્થિર વેવલેન્થ, તેને પરિણામે ઊભા થતાં સંઘર્ષો; યુવાન પત્ની અને પુત્રીની સંવેદનાઓ; સામાજિક-સાંસ્કૃતિક પરિવેશ સાથે ભારતીય તરીકે આંતરક્રિયા; નવા સંદર્ભમાં નિજી ઓળખની જાળવણી, મઠાર અને પુનઃ શોધ, બહુસાંસ્કૃતિક સમાજમાં અનુકૂલનની મનોપ્રક્રિયા, - આ બધી સૂક્ષ્મ સંકૂલ ઘટના પ્રક્રિયાઓ સર્જન માટેની સમૃદ્ધ સામગ્રી અને ઉત્કૃષ્ટ સાહિત્યને આકારવા માટેની તક આપે છે.' (અમેરિકામાં ભારતીયોઃ ઓળખની ખોજ, વિકાસની દોડ, લેખકઃ પ્રવીણ ન. શેઠ, પ્રકાશકઃ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિઃ૨૦૦૧, પૃ. ૧૬૭)

ડૉ. રૂપલ ભટ્ટ પોતાના 'તાદર્થ્ય' નામના સામયિકમાં પ્રગટ થયેલ 'ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યનો આરંભ અને આજ' નામના લેખમાં 'ડાયસ્પોરિક સાહિત્ય'ની લાક્ષણિકતા દર્શાવતા વારસાને કેન્દ્રમાં રાખે છે. તેઓ લખે છે કે, 'સાહિત્ય અને ભાષા થકી 'વારસો'-'વારસો' જ રહે તેવો સઘન પ્રયત્ન ડાયસ્પોરિક સાહિત્યનું મુખ્ય લક્ષણ અને પ્રયોજન છે. (ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યનો આરંભ અને આજ, ડૉ. રૂપલ ભટ્ટ, તાદર્થ્ય, માર્ચ-૨૦૦૯, પૃ.૨૨) 'વારસો ટકી રહે અને સતત સંચલન પામતો રહે તે મુખ્ય છે. ડાયસ્પોરિક સાહિત્યનો જન્મ જ મુખ્ય આ પરિબળથી થયો છે.' (ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યનો આરંભ અને આજ, ડૉ. રૂપલ ભટ્ટ, તાદર્થ્ય, માર્ચ-૨૦૦૯, પૃ.૨૫)

'હયાતી' સામયિકના અતિથિ સંપાદકીય તરીકે પ્રીતમ લખલાણી ડાયસ્પોરાની વાત કરતાં નોંધે છે કે, 'ભારતીય પ્રજાનાં સંતાનો અમેરિકાની પ્રજાનાં સંતાનો સાથે હળેમળે, લગ્નગ્રંથિથી જોડાય ત્યારે ભારતીય સમાજના લોકોમાં કેવા પડઘા પેદા થાય છે તે પડઘા અને અન્ય અસરો, આડ અસરો આપણા ગુજરાતી સર્જકોની કલમમાં જોવા મળે છે.' (અતિથિ સંપાદકીય, પ્રીતમ લખલાણી, હયાતી, સપ્ટેમ્બર ૨૦૧૧, પૃ. ૪) ડાયસ્પોરાની નવી પેઠીમાં ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમી સંસ્કૃતિના સમન્વય થવાથી ઉપરોક્ત જે જે પરિસ્થિતિઓ નિર્માણ પામે છે તે 'ડાયસ્પોરિક સાહિત્ય'ની લાક્ષણિકતાઓ છે.

'બ્રિટનમાં ગુજરાતીઓ' નામના પોતાના પુસ્તક વિશે દિશા નિર્દેશ કરતાં સર્જકો પ્રવીણ ન. શેઠ અને જગદીશ દવેએ પ્રાસ્તાવિકમાં કહે છે કે, 'બ્રિટન જેવા પશ્ચિમની સભ્યતાને અપનાવેલા દેશમાં નવા જીવનવ્યવહારને ગોઠવતાં ગુજરાતી ભાષા અને ભારતીય સંસ્કૃતિના મૂળ તત્ત્વોને સાચવીને તેઓ રહે છે.... બે અલગ અને દોન ધ્રુવી સંસ્કૃતિઓનાં પ્રતિ-ખેંચાણો વચ્ચે બે પેઢીઓ કઈ રીતે ઘર્ષણ અનુભવે છે અને / કે સમન્વય સાધે છે ? સ્ત્રી-પુરુષ, માબાપ અને સંતાનો, જૂની અને બ્રિટનમાં જન્મીઊછરેલી નવી પેઢી તથા યુવાન અને વૃદ્ધ પેઢીઓ વચ્ચેના અનુકૂલન, ઘર્ષણ અને નવા સમીકરણોને સંક્ષેપમાં તપાસ્યા છે.' (પ્રાસ્તાવિક, બ્રિટનમાં ગુજરાતીઓ ઈન-બિટવિનનેસથી હોમલીનેસ, પ્રવીણ ન. શેઠ અને જગદીશ દવે, પ્રકાશક : ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિઃ ૨૦૦૭, પૃ. ૧૧-૧૨)

ભારતીય સંસ્કૃતિ છોડી પશ્ચિમી સંસ્કૃતિના રંગે રંગાઈ જતાં ડાયસ્પોરામાં એક સર્વ સામાન્ય લાક્ષણિકતા જોવા મળે છે તે એ કે વિદેશવાસી થયા પછી તેઓ પોતાના નામ બદલે છે. ભારતીય નામોને તેઓ પશ્ચિમી નામો જેવા બનાવે છે. ઉ.દા. તરીકે

મૂળ નામ	**અમેરિકામાં અપનાવેલું**
દિનેશ, ધનસુખ	ડોનાલ્ડ, ડેન

સત્યેન	સામ
મુકેશ	માઈક
રમેશ, રોહિત	રોન, રેબર્ટ
સંધ્યા, સુખવિન્દર	સુઝી
અંજલિ,અન્નપૂર્ણા	એન, એની
જાનકી, જાહ્નવી, જ્યોતિ	જેન
કમલેશ, કનૈયાલાલ	કેન
બકુલેશ	બગ્સી
પિનાકીન, પ્રિયવદન	પેટ
લક્ષ્મી, લલિતા	લીસા
પ્રેમશંકર	પીટર

(અમેરિકામાં ભારતીયોઃ ઓળખની ખોજ, વિકાસની દોડ, પ્રવીણ ન. શેઠ, પૃ.૧૯૯)

આપણે જોઈ ગયા કે ડાયસ્પોરા સીધી રીતે સ્થળાંતર સાથે જોડાયેલ ઘટના છે. કોઈ વ્યક્તિ જ્યારે પોતાનો સ્વદેશ છોડી પરદેશમાં જઈને કાયમી વસવાટ કરે છે તો તેને આપણે ડાયસ્પોરા કહીએ છીએ. આ ડાયસ્પોરાએ લખેલા સાહિત્યને ડાયસ્પોરિક સાહિત્ય એવી સંજ્ઞા પણ આપણે આપી છે. અત્યાર સુધીના ડાયસ્પોરિક સાહિત્યમાંથી ઉડીને આંખે વળગે તેવી બાબત ઘરઝુરાપો છે. કોઈપણ વ્યક્તિ જ્યારે પોતાની માતૃભૂમિ, વતન છોડીને પરદેશમાં કાયમી સ્થાયી થાય ત્યારે તેને પોતાનું ઘર, ગામ, વતન યાદ આવે એ સમજી શકાય એવી વાત છે પણ જ્યારે કોઈપણ ડાયસ્પોરા પોતાનું વતન છોડી પરદેશમાં કાયમી સ્થળાંતર કરે છે ત્યારે પોતે એક નવા પરિવેશ, નવા વાતાવરણથી પણ પરિચિત થાય છે એ પણ એટલી જ સત્ય હકીકત છે. આવો ડાયસ્પોરા પોતે જોયેલા, અનુભવેલા નવા પરિવેશ, વાતાવરણ કે સંસ્કૃતિની વાત કરવાને બદલે શા માટે પાછળ છૂટી ગયેલા સ્વદેશના સંભારણાઓને જ પકડી રાખી સાહિત્ય સર્જવાનું પસંદ કરે છે ? શા માટે તે નવી ભૂમિ, નવા લોકો, નવી સંસ્કૃતિને વિષયવસ્તુ નથી બનાવતો કે બનાવી શકતો ? પહેલી દષ્ટિએ સામાન્ય લાગતો આ પ્રશ્ન માનવીની માનસિકતા સાથે જોડાયેલો છે. માનવીએ જે ગુમાવી દે છે તેને

સતત પોતાની યાદોમાં જીવંત રાખીને જીવન જીવતો આવ્યો છે. જે નથી રહ્યું એ જ મેળવવાની લાલસા તેને રહે છે. પરંતુ જે મળ્યું છે એનાથી એ ક્યારેય સંતોષ અનુભવતો નથી. આ કોઈ એક વ્યક્તિની વાત નથી. ડાયસ્પોરાએ પોતાની સંસ્કૃતિ, વતન, સગાસંબંધીઓ છોડ્યા છે તો સાથે સાથે તેને નવા દેશની સંસ્કૃતિને અપનાવવું પડે છે. લોકો સાથે વ્યવહાર કરવો પડે છે. આ નવી જીવનશૈલી વિષે સાહિત્ય સર્જન કરવું દેખીતી રીતે સરળ લાગે એટલું સરળ નથી હોતું. કારણ કે આ નવી પરિસ્થિતિથી તે હજી પૂરેપૂરો પરિચિત થયો નથી. આ નવી પરિસ્થિતિથી વાકેફ થતાં, તેની નાની નાની બાબતોને સમજતાં તેને સમય લાગે છે. વળી, આ નવી સંસ્કૃતિ કે નવા લોકો વિશે જાણવા માટે તેને થોડી વધારે મહેનત કરવી પડે. જ્યારે છૂટી ગયેલા સ્વદેશની સંસ્કૃતિ વિશે તો પોતે પરિચિત હતો આથી તેને સાહિત્યનો વિષયવસ્તુ બનાવવામાં તેને સરળતા રહે છે. માનવીનો આ પણ એક સ્વભાવ રહ્યો છે કે કઠિન કાર્ય કરવાને બદલે તે સરળ કાર્ય કરવાનું વધારે પસંદ કરે છે. એટલે જ ડાયસ્પોરા પોતાના સ્વદેશની યાદોને લઈને વતનઝુરાપાને લગતું સાહિત્ય સરળતાથી લખી શકે છે. જ્યારે નવી ભૂમિના વિષયવસ્તુને આલેખતું સાહિત્ય સર્જવામાં તેને વધારે મહેનત કરવી પડે છે. આથી શરૂઆતમાં આ પ્રકારનું સાહિત્ય સર્જવાનું ડાયસ્પોરા પસંદ કરે છે.

પરદેશમાં થોડો સમય વિતાવ્યા પછી જ તે નવા દેશની પરિસ્થિતિ, સંસ્કૃતિ વગેરેને સમજી શકે છે. જેમ જેમ સમય વિતે છે તેમ તેમ તેના માનસપટ પરથી સ્વદેશની યાદો ઝાંખી થવા માંડે છે. સાહિત્ય સર્જન માટેના વિષયો ઘટતાં જાય છે, કેમ કે મોટાભાગના વિષયોને પોતે સાહિત્યમાં આલેખી ચૂક્યો હશે. આથી નવી સંસ્કૃતિથી પરિચિત થયા પછી તે સ્વદેશ વિષયક સાહિત્ય સર્જન કરવાને બદલે નવી ભૂમિની સંસ્કૃતિ વિષયક રચનાઓ લખવાનું પસંદ કરશે. વળી, પરદેશમાં સમય વિતાવ્યાં પછી પોતે નવા દેશની પરિસ્થિતિ, સંસ્કૃતિ વગેરેથી પણ પરિચિત થઈ જાય છે, આથી તેને પહેલા જેટલી મુશ્કેલી પણ નહીં પડે. કંઈક આવા જ કારણોને લીધે ડાયસ્પોરા શરૂઆતના સમયમાં વતનઝુરાપા કે વતનપ્રેમ વિષયક રચનાઓ લખ્યાં પછી જ નવી ભૂમિ વિષયક સાહિત્ય સર્જવા પ્રેરાય છે, અને સમય જતાં તેની કલમ નવી સંસ્કૃતિમાંથી સાહિત્યના વિષયો શોધવા માંડે છે.

• ડાયસ્પોરિક સાહિત્ય : સર્જક

'ડાયસ્પોરિક સાહિત્ય'નો સર્જક પોતે ડાયસ્પોરા હોવો જ જોઈએ એ સ્પષ્ટતા આપણે પહેલા કરી લીધી. એટલે કે 'ડાયસ્પોરિક સાહિત્ય'ની વાત કરીએ ત્યારે તેનો સર્જક સ્વદેશમાં રહી માત્ર કલ્પનાના આધારે 'ડાયસ્પોરિક લાક્ષણિકતા'ઓ ધરાવતા સાહિત્યનું સર્જન કરે તો તેને આ સંજ્ઞામાં સમાવી ન શકાય એ વાત પણ આપણે કરી. હવે વાત કરીએ ડાયસ્પોરાને ભોગવવી પડતી મુશ્કેલીઓ વિશે. સુખેથી જીવન જીવતા લોકોને અચાનક સરકારી ફરમાન કે વિપરિત પરિસ્થિતિઓના કારણે પોતાનો દેશ છોડવો પડે છે

ત્યારે તેમના મનમાં ઘણી બધી દ્વીધાઓ હોય છે. સ્વદેશ છોડી ક્યાં જવું ? કેવી રીતે જવું ? વળી ક્યારેક તો પોતાનું સર્વસ્વ છોડીને માત્ર પહેરેલ કપડે પણ પોતાનો દેશ છોડવો પડે ત્યારે જીવન નિર્વાહના પ્રશ્નો પણ ઊભા થાય છે. આવી પરિસ્થિતિઓ વચ્ચે જ્યારે કોઈ વ્યક્તિ પોતાનો દેશ છોડે છે ત્યારે તેને સામનો કરવો પડે તેવા પ્રશ્નોની અહીં વાત કરીએ.

ગુજરાતી વિશ્વકોશ મુજબ ‘યજમાન દેશ નિર્વાસિતોના દેશ સાથેના તેના સંબંધો પર પ્રતિકૂળ અસર થાય તેમ ઇચ્છતો ન હોય. પરિણામે ઘણા નિર્વાસિતો માટે પોતાની સલામતી શોધવા ભાગી છૂટવાની ઘટના એ યાતનાઓનો અંત નહીં, પરંતુ આરંભ બની રહે છે.’ (વિશ્વકોશ પૃ.૨૨૪) આવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ડાયસ્પોરાને ‘સૂડી વચ્ચે સોપારી’ જેવી લાગણી જન્મે છે. ન તો પોતે હવે સ્વદેશ પરત ફરી શકવાને લાયક હોય છે કે ન આવી પડેલી કપરી મુસીબતોનો સામનો કરવા નવો દેશ તેની મદદે આવે છે. ડાયસ્પોરા આવી પરિસ્થિતિમાં સુમન શાહ કહે છે તેમ ત્રિશંકુ અવસ્થાનો અનુભવ કરે છે. ‘વિદેશ વસતો ભારતીય અંગ્રેજી લેખક, માનો કે ગુજરાતી લેખક, બે જગતોમાં જીવતો હોય છે – કે પછી ‘લિમ્બો’માં- એટલે કે, ત્રિશંકુની અવસ્થમાં... વિદેશવસવાટનું એક પરિણામ તે ઓળખલોપ, વ્યક્તિતાલોપ : તમે ભારતીય નથી, બિનભારતીય છો. પણ બિનભારતીય એટલે શું ? કશું નહીં ! અંદરથી ભારત છૂટ્યું ન હોય તેથી નિરન્તરની લાગણી એ જ હોય કે હું ભારતીય છું.’ (ડાયસ્પોરા લિટરેચર, અનુ-આધુનિકતાવાદ અને આપણે, સુમન શાહ, પ્રકાશકઃ પ્રથમ આવૃત્તિઃ પૃ. ૨૨૪) આ જ વાત ડૉ. ઉર્વી તેવાર આ રીતે રજૂ કરે છે, ‘ના અહીંના ના ત્યાંના એવી ત્રિશંકુ સ્થિતિ, લઘુમતિ હોવાની લાગણી, white અને blackની વચ્ચેના brownની betweennessની સ્થિતિ, ઓળખલોપ, બે વિશ્વ, બે સંસ્કૃતિ વચ્ચેની ભીંસભરી અવદશા જેવી વિવિધ અનુભૂતિ ડાયસ્પોરા અનુભવે છે.’ (શબ્દસંવિત્તિ, પૃ. ૧૬)

સુમન શાહ ‘ડાયસ્પોરિક સાહિત્ય’ના સર્જક વિશે વાત કરતાં નોંધે છે કે, ‘ડાયસ્પોરાનો લેખક કશું સાચવવા-સંવર્ધવા નથી લખતો – એની કથા અનુસન્ધાનની નથી, ન સન્ધાનની છે. આપણા મુનશી, મહેતા કે પરીખ જેવો એ કોઈ મનોરંજક નવલકથાલેખક નથી. એ એમના કોઈ જેવો ‘સંસ્થા’ નથી, ઠરીઠામ ને સ્થિત-પ્રતિષ્ઠિત પણ નથી. એ તત્સમ નથી, પણ અસ્વીકૃત અને વિદ્રોહનો અજમ્પ લેખક છે.... ડાયસ્પોરાનો લેખક પોતાની સર્વાશ્લેષી પીડનની વાત કરે છે.... મારું ગામ, મારું વતન, મારો દેશ- નામના સંવેદનની યન્ત્રણાભરી ગૂંગળાશ વચ્ચે એ જીવતો હોય છે અને તેથી નિષ્કાસન અને નિર્વાસનની વાત વધારે કરી શકે છે, સ્વાભાવિકતાથી કરી શકે છે.’ (ડાયસ્પોરા લિટરેચર, અનુ-આધુનિકતાવાદ અને આપણે, સુમન શાહ, પ્રકાશકઃ પ્રથમ આવૃત્તિઃ પૃ. ૨૨૬-૨૨૭) આમ, ડાયસ્પોરિક સાહિત્યનો સર્જક પોતાને થતાં કપરાં અનુભવોને સાહિત્યનું વિષયવસ્તુ બનાવે છે. આમ થવાનું કારણ એ છે કે, ‘કોઈપણ ભારતીય દેશને, વતનને,

ગામને, શેરીને, ભાષાને, અસલિયતને, મૂળને સહજ ઉખાડી નિર્મૂળ કદી બની શકતો નથી. તે જ્યાં જાય છે ત્યાં મૂળ સાથે માટીસોતો જાય છે. તે માટીના કણકણને સંકોરે છે, તેમાં તે ફળદ્રુપતાના ટકાઉપણાને ઝંખે છે-સતત-અવિરત-અનંત.' (ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યનો આરંભ અને આજ, ડૉ. રૂપલ ભટ્ટ, તાદર્થ્ય, માર્ચ-૨૦૦૯, પૃ.૨૧) એટલે જ ડૉ. રૂપલ ભટ્ટ આગળ કહે છે તેમ, "અહીં સ્વદેશાભિમાન ક્યારેક પક્ષપાતી બન્યાનું સ્વીકારે છે. રાષ્ટ્રીય અસ્મિતાનું ગાન રૂંવે રૂંવે થનગને છે. પરંતુ, આ બધું 'લખી નાખવા' જેટલું સરળ નથી. આ સાહિત્યના સર્જક માથે બેવડી જવાબદારી છે. તેઓને ચિંતા સતાવે છે કે હવે પછીની જે પેઢીનો જન્મ જ વિદેશની ધરતી પર થયો છે – વાતાવરણમાં, ખોરાકમાં, ભાષામાં, વ્યવહારમાં વિદેશ છે તેને 'દેશાભિમાનની' કદાચ ખબર પડે, પરંતુ 'સ્વદેશાભિમાન'થી કઈ રીતે પરિચિત રાખવા. 'ભાષા'ની ખબર છે પરંતુ 'માતૃભાષા' શું તે કઈ રીતે સમજાવવું ? અહીં સર્જક નિજાનંદ માટે નહીં પરંતુ 'જવાબદાર સર્જક' તરીકે આપણી સમક્ષ આવે છે. જન્મભૂમિ અને કર્મભૂમિ વચ્ચે સાયુજ્ય સાધીને બેવડી ભૂમિકા દાખવે છે." (ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યનો આરંભ અને આજ, ડૉ. રૂપલ ભટ્ટ, તાદર્થ્ય, માર્ચ-૨૦૦૯, પૃ.૨૫)

પ્રવીણ ન. શેઠના પોતાના પુસ્તક 'અમેરિકામાં ભારતિયોઃ ઓળખની ખોજ, વિકાસની દોડ'માં સુચેતા દોશી નામની એક વિદ્યાર્થીની પોતાને ડાયસ્પોરા તરીકે સામનો કરવા પડે છે તેવા અનુભવોની વાત કરતી વખતે પોતાનો પ્રતિભાવ આપતા કહે છે કે, "અમે દક્ષિણ એશિયાનાં ધોરણોથી વધુ પડતાં અમેરિકનો છીએ, પણ અમેરિકન સમાજનાં ધોરણોથી જોઈએ તો વધુ પડતાં દક્ષિણ એશિયનો (ભારતીયો) ગણાઈએ છીએ, અમે બંને વિશ્વોના ભાગ રૂપ છીએ, છતાં તેમાંથી કોઈના નથી." (અમેરિકામાં ભારતિયોઃ ઓળખની ખોજ, વિકાસની દોડ, પ્રવીણ ન. શેઠ, પૃ.૨૩ /૨૭) આમ, સ્વદેશીઓ તેને પરદેશી સમજી નિકટના સંબંધો બાંધતા ખચકાય છે, જ્યારે સામે બીજી બાજુ પરદેશીઓ તેને ડાયસ્પોરા માની વધારે વ્યવહાર કરવાનું ટાળે છે. તો આ જ પુસ્તકમાં પ્રવીણ ન. શેઠ નોંધે છે તેમ બિન-ગુજરાતીઓ દ્વારા ગુજરાતીઓ પ્રત્યે દ્વેષભાવ રાખવામાં આવે છે. આ દ્વેષભાવમાંથી જન્મે છે એક નવો શબ્દ પ્રયોગ A તો Z. આ A ટુ Z એટલે American – Born Confused Desis Escaped From Gujarat; Housed In Jersey, Keeping Lots of Motels, Named Omkarnath Patel; Quickly Reached succecc Through Underhanded, Vicious Ways; Xenpothobic Yet Zealous ! ઉદ્યમ કરીને, સાહસ ખેડીને, કોઠાસૂઝથી 'એ'થી 'ઝેડ' (શૂન્યમાંથી સર્જન કરનાર) સુધી પહોંચનાર ગુજરાતીઓ વિશે બીજા ભારતીયોની આ તે કેવી ગેરસમજ કે અસૂયા ?' (અમેરિકામાં ભારતિયોઃ ઓળખની ખોજ, વિકાસની દોડ, પ્રવીણ ન. શેઠ, પૃ.૩૭/૧૧૯) આમ, અહીં એ બાબત પણ સામે આવે છે કે ગુજરાતીઓ કે ભારતીયોને વિદેશમાં માત્ર પારકા દેશના લોકો નહીં પણ પોતાના કહી શકાય તેવા ભારતીય લોકોના પક્ષપાતનો પણ સામનો કરવો પડે છે. એટલે જ પ્રીતિ સેનગુપ્તા પણ ડાયસ્પોરિક સાહિત્ય સર્જન સંદર્ભે પોતાનો મંતવ્ય

આપતા કહે છે કે, 'દરિયા-પાર રહીને માતૃભાષામાં લખવાની પ્રવૃત્તિ રણમાં આંબા ઉછેરવા જેવી ગણાય, અથવા દત્તક લીધેલા બાળકની જતનપૂર્વકની માવજત કરવા જેવી ગણાય.' (ડાયસ્પોરિક ડિલૅમા અથવા દરિયા-પારની દ્વિધા, પ્રીતિ સેનગુપ્તા, પરબ, સપ્ટેમ્બર ૨૦૧૩, પૃ. ૩૪)

અજાણ્યાં રસ્તા પર એકલા મુસાફરી કરનારે જેમ ડગલેને પગલે રાહમાં આવનારી અઢળક અજાણી મુશ્કેલીઓનો એકલે હાથે અને હસતાં મોઢે સામનો કરવાની તૈયારી રાખવી પડે તેમ ડાયસ્પોરાને પણ અજાણ્યાં દેશમાં આવનારી તમામ મુશ્કેલીઓનો સામનો કરવાની તૈયારી અને હિંમત રાખવી પડે છે. ડાયસ્પોરાને સામનો કરવો પડે છે તેવી કેટલીક બાબતોમાંથી નીચે મુજબની ચાર બાબતો ડૉ. ઉર્વી તેવાર આ રીતે નોંધે છે,

૧. સ્થળાંતર થતાં એક પરિસ્થિતિ એ ઊભી થાય છે કે નવવસાહતીઓ વતનવિચ્છેદ અનુભવે છે.

૨. બીજી પરિસ્થિતિ એ ઊભી થાય છે યજમાન દેશ આવા નવવસાહતીઓને અપનાવવા માટે ઉત્સુક ન પણ હોય.

૩. ત્રીજી પરિસ્થિતિ એ પણ ઊભી થઈ કે કેટલાક નવવસાહતીઓ ખૂબ ઓછા સંઘર્ષથી અને ખાસ કોઈ તનાવ વિના નવા દેશમાં સરળતાથી ગોઠવાઈ શક્યા.

૪. કાચબાની જેમ અંગો સંકોરીને ડાયસ્પોરાએ જીવવું પડે એમ પણ બને છે. (શબ્દસંવિત્તિ,)

• ડાયસ્પોરિક સાહિત્યના પ્રકારો

પરદેશમાં સર્જાતાં આવા ડાયસ્પોરિક સાહિત્ય પર પણ સમય, સ્થળ, પરિસ્થિતિઓ, તત્કાલીન સમાજ વગેરે બાબતો અસર તો કરે જ છે. આ ભિન્ન ભિન્ન બાબતોને લીધે આ સાહિત્યમાં પણ વૈવિધ્યતા જોવા મળે છે. આ વિવિધતાને આધારે તેના અલગ અલગ પ્રકારો પાડી શકાય. ડૉ. રૂપલ ભટ્ટ તેના બે પ્રકારો પાડે છેઃ 'એકઃ વર્તમાન સંદર્ભમાં વિદેશી ભૂમિની સમગ્ર લાક્ષણિકતા અને મર્યાદા સાથે તાલમેલ સાધતું સાહિત્ય અને બીજું – અતીતના સંદર્ભના વિદેશી ભૂમિ પર વતન, વાટ અને વાતને વાગોળતું સાહિત્ય.' (ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યનો આરંભ અને આજ, ડૉ. રૂપલ ભટ્ટ, તાદર્થ્ય, માર્ચ-૨૦૦૯, પૃ.૨૫)

અનિલ વ્યાસ આવા સાહિત્યને ચાર વિભાગોમાં વહેંચે છેઃ

૧. જે સર્જકો એક સમયે પૂર્વ આફ્રિકા સ્થાયી થયા હતા, ત્યાં સર્જન કરતા અને રાજકીય ફેરફારોને લઈ અચાનક બ્રિટનમાં સ્થળાંતરીત થયા તેવા સર્જકો બહુધા પોતાના મૂળ માદરે-વતનના અનુભવો અને

આફ્રિકાના સંસ્મરણો વણી લઇ સર્જન કરે છે. એમનું સાહિત્ય ડાયસ્પોરા કરતાં નોસ્ટાલજીઆ વધુ જોવા મળે છે.

૨. બ્રિટનમાં રહી મોટે ભાગે પોતાની મૂળ સંસ્કૃતિ, સમાજ અને વાતાવરણમાં સર્જન કરવાનું હિતાવહ માનતા સર્જકો જેમના ફેંફસામાં હજી ગુજરાતનો પ્રાણવાયુ ભર્યો છે, એવા શ્વાસમાં અને ઉચ્છવાસમાં ગુજરાતનું સર્જન પણ નોંધપાત્ર તો ગણાય જ.

૩. બ્રિટનમાં સ્થિર થયેલાં, થવા મથતાં ગુજરાતી / ભારતીય સમાજ, બ્રિટનની સંસ્કૃતિ, સમાજમાં તેમની ઓતપ્રોતતા, એમની સંસ્કૃતિનો આપણી સંસ્કૃતિ પર પ્રભાવ – પીડા – યાતના અને પ્રશ્નોને ધ્યાનમાં રાખી થતું સર્જન.

૪. બ્રિટનના વાતાવરણમાં સાહિત્ય અને સંસ્કારના આદાન-પ્રદાનની અસરો, વિદેશી સમાજનો અનુભવ, અવલોકનો, વિદેશી સમાજની તાસીર, તેની વિશિષ્ટતાઓ સ્વાનુભવો દ્વારા ઉપસાવતું સાહિત્ય...

આ ચાર પ્રકારોને અંતે તારણ આપતાં તેઓ નોંધે છે કે, 'ત્રીજું અને ચોથું : આ બે પ્રકારોમાં મૂળ સૂર એ કે જે સંસ્કાર અને સંસ્કૃતિ આપણે લઈને ગયા અને જેમને મુકાબલો કરવો પડ્યો, એ બેવડી પીડામાંથી થતું સર્જન ડાયસ્પોરિક કહી શકાય એમ તારવું છું.'

(હા, અમે ડાયસ્પોરા, અનિલ વ્યાસ, ઓપિનિયન, જુન-૨૦૯, પૃ. ૭)

• ડાયસ્પોરિક સાહિત્ય : સમસ્યાઓ

'ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય' અંગે ચિંતા વ્યક્ત કરતાં મણિલાલ હ. પટેલ કહે છે કે, "આપણું 'ગુજરાતી ડાયસ્પોરાનું સાહિત્ય' તીવ્ર વિચ્છેદ અને હલાવી નાખતી – ઉન્મૂલિત થયેલી સંવેદનાઓનું અને વતન આવવા લલચાવતા ઝુરણનું તથા કૈંક ગુમાવ્યાના ઓછાવત્તા રંજનું સાહિત્ય જ રહ્યું છે. નવા મલકમાં/નવા દેશમાં ત્યાંની તમામ પરિસ્થિતિઓમાં ભળવા – એકરૂપ થવા મથવું પડે; એ મથામણ દરમ્યાન પોતાનો દેશ સાંભરે; ને આમ સંવેદના સંકુલ બને. આવી સંવેદનાનું સાહિત્ય કેટલું ??" (ગુજરાતી ડાયસ્પોરાનું સાહિત્ય, મણિલાલ હ. પટેલ, શબ્દસૃષ્ટી, માર્ચ-૨૦૦૬, પૃ.૨૦) આ વાત સાચી જ છે કે ગુજરાતી સિવાય હિન્દી કે અંગ્રેજી ભાષામાં જે પ્રકારના તીવ્ર સંવેદનો ધરાવતું સાહિત્ય આપણને મળે છે તે પ્રકારનું સાહિત્ય ગુજરાતી ભાષમાં બહુ અલ્પ માત્રામાં જોવા મળે છે. 'ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય'ની આ એક મર્યાદા રહી છે. આ પ્રકારની મર્યાદા રહેવાનું કારણ કદાચ એ પણ હોઈ શકે છે કે મોટા ભાગના ગુજરાતીઓ કે જેમણે ભારત છોડ્યું છે એ બધા સ્વેચ્છાએ વિદેશ સ્થળાંતર કર્યું છે. બહુ ઓછા લોકોને

આવું કરવાની ફરજ પડી છે. ગુજરાતીઓ વેપાર વાણિજ્ય અને પૈસા કમાવવા તથા ઉત્તમ સુખ સગવડો ભોગવવા વિદેશ ગયા છે. એટલે અનિચ્છાએ સ્વદેશ છોડનાર ડાયસ્પોરાના સર્જનમાં એવી તીવ્ર સંવેદનાઓ જોવા મળે તેવી તીવ્ર સંવેદનાઓ સ્વેચ્છાએ સ્વદેશ છોડનારા ગુજરાતી સર્જકોના સર્જનમાં જોવા ન મળે એ સ્વાભાવિક પણ છે. વળી, સ્વદેશમાં રહીને સાહિત્ય સર્જન કરનાર અથવા કરવા ધારનાર વ્યક્તિને આપણા પ્રતિષ્ઠિત સારસ્વતોનો જે લાભ અને શિખામણ મળે છે તેવો લાભ પણ આ ડાયસ્પોરાઓને મળતો નથી. તો સાથે સાથે પશ્ચિમી સંસ્કૃતિની આગળ વધવાની દોડમાં સાહિત્ય સર્જન માટે જરૂરી હોય તેવી અનુકૂળ પરિસ્થિતિ પણ મળતી નથી. માત્ર પૈસા કમાવવા માટે સવારથી કરી સાંજ સુધી આ લોકો રચ્યાં પચ્યાં રહે છે. પોતાના સંતાનો કે માતા પિતા જેવા વડિલો માટે પણ પૂરતો સમય ન આપી શકતો ડાયસ્પોરા સાહિત્ય સર્જન કરવાનો સમય ક્યાંથી કાઢી શકવાનો ? ડાયસ્પોરાને સામે આવતી આવી જ બીજી કેટલીક સમસ્યાઓ વિશે અનિલ વ્યાસ કહે છે કે,

૧. નિયમિત સામયિકો મળતા નથી.

૨. અત્રે ચાલતી ગતિવિધિઓ, સાંપ્રત પ્રવાહથી ડાયસ્પોરા સર્જક અજાણ હોય છે.

૩. ડાયસ્પોરા સાહિત્યની ગુણવત્તા વિશેના વિદ્વાનોના ચોક્કસ ખ્યાલો અથવા તેમની મજબૂરીઓ કે અન્ય પ્રશ્નોના લીધે ડાયસ્પોરા ટૂંકી વાર્તા કદી જ્ઞાનસત્રમાં બેઠક મેળવી શકતી નથી. સાહિત્ય પરિષદે આગેવાની લઈ તેના (ડાયસ્પોરિક લિટરેચર) વિકાસનાં કામો અંગે જરૂરી યોજના કે બેઠક આયોજન કરવું જોઈએ. તે ચર્ચામાં હોય છે પણ અમલશાહી થતી જોઈ નથી.

૪. વર્કશોપ (ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ) યુનાટેડ કીંગ્ડમમાં સ્પોન્સર્સ

૫. ગુજરાતી સાહિત્ય પરિષદ પુસ્તક પ્રકાશન કરે છે. શા માટે ડાયસ્પોરા શ્રેણી અંતર્ગત પુસ્તક પ્રકાશનની યોજના તૈયાર કરવામાં આવતી નથી ? (હા, અમે ડાયસ્પોરા, અનિલ વ્યાસ, ઓપિનિયન, જુન-૨૦૯, પૃ. ૮)

આમ, મૂળ વતનથી દૂર રહેતો ડાયસ્પોરા લગભગ એકલો પડી જાય છે. તે પોતાને વર્તમાન ગુજરાતી સાહિત્યથી પરિચિત રાખવા માંગે તો પણ તેને ઉપર મુજબની કેટલીક તકલીફો ભોગવવી પડે છે. વળી, સાહિત્યિક સંસ્થાઓએ આ સાહિત્ય અંગે લેવી જોઈએ તેવી તકેદારી લીધી નથી એ પણ કડવી વાસ્તવિકતા છે. હંમેશા હાંસિયામાં રહેલા આ સાહિત્યને વિવેચકો અને સંશોધકો તરફથી મળવો જોઈએ તેવો પ્રતિભાવ આજ દિન સુધી મળ્યો નથી. આ સાહિત્ય આજે પણ એની રાહ જોઈ બેઠું છે.

• ડાયસ્પોરિક સાહિત્ય : પ્રશ્નો

'ડાયસ્પોરિક સાહિત્ય' સંદર્ભે આપણે જોયું કે સંજ્ઞાને લીધે ઘણા બધાં પ્રશ્નો આજ સુધી ઊભા થતાં આવ્યાં છે. આ અસમંજસ ભરી સંજ્ઞાને સ્પષ્ટ કરવાને બદલે ક્યારેક એની સામે વધારે પ્રશ્નો થયાં હોય એવું પણ બન્યું છે. નૂતન જાનીએ ઊભા કરેલા આ પ્રકારના કેટલાક પ્રશ્નો નીચે મુજબ છે,

૧. 'ડાયસ્પોરા' સંજ્ઞા પ્રયોજી કયા રાષ્ટ્રના, કઈ પ્રજાના સાહિત્યની વાત આપણે કરી રહ્યા છીએ?

૨. કયા સાહિત્યને 'ડાયસ્પોરા સાહિત્ય'ની ધારામાં સમાવી શકાય?

૩. 'ડાયસ્પોરા સાહિત્ય'નો સર્જક કોણ હોઈ શકે? એ ક્યાં વસતો હોવો જોઈએ? એ કયા રાષ્ટ્રની રાષ્ટ્રીય ઓળખ ધરાવતો હોવો જોઈએ?

૪. 'ડાયસ્પોરા સાહિત્ય'ના સર્જનનો સમયખંડ કયો હોવો જોઈએ?

૫. 'ડાયસ્પોરા સાહિત્ય'ના સર્જનમાં કઈ કઈ બાબતો આવશ્યક ગણાય?

૬. 'ભારતીય ડાયસ્પોરા સાહિત્ય'માં ભારતીય, ડાયસ્પોરા અને સાહિત્ય ત્રણે સંજ્ઞાઓનો અર્થસંદર્ભ કઈ દૃષ્ટિથી મૂલવાય તે અનિવાર્ય?

૭. પ્રાંતીય ડાયસ્પોરા સાહિત્યને બહુભાષી રાષ્ટ્રના પ્રતિનિધિ તરીકે સ્થાપિત કરવા અનુવાદના માધ્યમની આવશ્યકતા ખરી?

૮. 'ડાયસ્પોરા સાહિત્ય'માં ડાયસ્પોરા સાથે જોડાયેલ કયા અર્થસંદર્ભોનું મૂલ્યાંકન કૃતિની તપાસ દરમ્યાન ધ્યાનમાં લેવાવું જોઈએ? (વિભાજન ડાયસ્પોરા વિભાવના અને સિંધી ડાયસ્પોરા સાહિત્ય, નૂતન જાની, તથાપિ, માર્ચ-મે, ૨૦૧૦, પૃ. ૪૭)

ડાયસ્પોરિક સાહિત્યમાં રસ ધરાવનાર વ્યક્તિજો ઉપરોક્ત પ્રશ્નોના જવાબો શોધવા જાય તો તે ખરા અર્થમાં આ સંજ્ઞાને સ્પષ્ટ કરી શકે તેમ છે. એટલે પ્રશ્નો દ્વારા પણ એક દિશા સુચવી સંશોધકોની મહેનત બચાવી કાર્યને સરળ બનાવવામાં આ પ્રશ્નો ખૂબ ઉપયોગી નીવડે છે. પરંતુ ઉપરોક્ત તમામ પ્રશ્નોના જવાબો આપણને અગાઉ કરેલી ચર્ચામાંથી મળી જાય છે. આ બધી જ બાબતો વિશે આપણે સ્પષ્ટતા કરી લીધી છે.

'પરબ' સામયિકમાં પ્રગટ થયેલ એક લેખમાં પ્રીતિ સેનગુપ્તા પોતાને થતાં પ્રશ્નો વિશે વાત કરતાં અલગ અલગ પાંચ પ્રકારના પ્રશ્નો વિશેની વાત કરે છે. આ પ્રશ્નો વિશે પણ વાત કરીએ.

સૌથી પહેલો પ્રશ્ન તેમને કથાનક વિશે થાય છે. 'દરિયા-પારનાં લખનારાંએ ઇન્ડિયાવિષયક કથાનક ના જ લખવાં જોઈએ' એવી પ્રવર્તતી ગેરસમજને લીધે તેઓ વધારે મૂંઝવણ અનુભવે છે. જ્યારે હકીકતે તો ડાયસ્પોરિક સાહિત્યમાં કથાનક ભારત વિષયક પણ હોઈ શકે અને વિદેશવિષયક પણ હોઈ શકે. શરત માત્ર એટલી કે ભારતવિષયક કથાનકમાં વિદેશ સ્થળાંતરિત થયા પછી પેદા થયેલી લાગણીઓનો સમન્વય થયો હોવો જોઈએ અને વિદેશવિષયક કથાનકમાં ભારતીય સંસ્કૃતિની અને ભારતીય સંસ્કૃતિ ધરાવતા સર્જકનું માનસ એમાં પ્રતિબિંબિત થતું હોવું જોઈએ.

બીજો પ્રશ્ન વિદેશની ભૂમિ પર ડાયસ્પોરિક સાહિત્યસર્જન માટે આવશ્યક એવા તત્ત્વોની ઊણપનો છે. આ બાબતે આપણે અગાઉ વાત કરી ગયા કે ડાયસ્પોરિક સાહિત્યના સર્જકને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. અન્ય પ્રકારના સાહિત્ય સર્જન કરતાં ડાયસ્પોરિક સાહિત્યનું સર્જન ઘણું ભિન્ન છે. માત્ર કલ્પનાઓના આધારે આ સાહિત્ય સર્જન થાય તો એ વાસ્તવિક બનતું નથી. એટલે જ આ સાહિત્યને અનુભવોનું સાહિત્ય પણ કહ્યું છે. વળી સાહિત્ય સર્જન કરવા કરતાં પ્રાથમિક સગવડો સંતોષવી એ કોઈ પણ વ્યક્તિની પ્રાથમિકતા હોય છે. ડાયસ્પોરાનો સમય મોટાભાગે જીવનની પ્રાથમિકતા પૂરી કરવામાં જ નીકળી જતો હોય એટલે પણ આ પ્રકારના પ્રશ્નો ઊભા થાય છે. એટલે ડાયસ્પોરાને આ પ્રશ્નો તો રહેવાના જ છે. આ બધા વચ્ચેથી રસ્તો કરવાની જવાબદારી ડાયસ્પોરાએ જ નિભાવવી પડશે.

ત્રીજું પ્રશ્ન પાત્રો સંદર્ભે છે. 'પાત્રો ઇન્ડિયન અને પર-દેશી એમ બંને હોવાં જ જોઈએ' એ જરૂરી નથી. હા, જો શક્ય હોય તો બન્ને પ્રકારના પાત્રોનો સમાવેશ કરી શકાય. પરંતુ માત્ર નામ પૂરતાં વિદેશી પાત્રો હોય અને જો તેનું ચરિત્રચિત્રણ યોગ્ય રીતે ન કરવામાં આવ્યું હોય તો આ વિશેષતા નબળાઈ બનીને રહી જાય. પાત્રો સંદર્ભની આ મર્યાદાઓને લીધે જ વિશાળ ફલક પર ફેલાયેલ અને પાત્રોના ચરિત્રચિત્રણ જેવી અપેક્ષા રાખતા નવલકથા જેવા સાહિત્ય સ્વરૂપો અહીં ઓછા સર્જાય છે.

ચોથું પ્રશ્ન વાચક કે ભાવક અંગે છે. ભારતમાં પોતાના વતનમાં રહેતા ભાવકને કે વાચકને પરદેશની જગ્યાઓ, રસ્તાઓ કે એની સાથે જોડાયેલા સંદર્ભોની સમજણ ઓછી હશે અથવા ક્યારેક તો જરાય ન હોય એવું પણ બને. છતાં પણ ડાયસ્પોરિક સાહિત્યના સર્જકે આ બાબતે સભાન બની ભાવક સમજી શકે તે રીતે વધારે કાળજી રાખવી પડે છે. જેમ કે, દલિત સહિત્યમાં બને છે તેમ અમુક તળપદા અને અલ્પ પ્રચલિત શબ્દોની સમજ અલગથી આપી શકાય.

પાંચમું પ્રશ્ન સાહિત્ય શૈલી અંગે છે. પરદેશી પાત્રોના સંવાદો માટે ક્યારેક ગુજરાતી અને અંગ્રેજી ભાષાના સંયોજન તરીકે ગુજલિશ ભાષા વપરાય છે તો ક્યારેક ઇન્ડિયન ઇંગ્લિશનો પણ ઉપયોગ થાય છે. આ રીતે પરદેશી પાત્રોના સંવાદો તેની મૂળ છટામાં અભિવ્યક્ત કરી શકાય.

(ડાયસ્પૉરિક ડિલૅમા અથવા દરિયા-પારની દ્વિધા, પ્રીતિ સેનગુપ્તા, પરબ, સપ્ટેબર, ૨૦૧૩, પૃ.)

આ ડાયસ્પોરા વિશે વાત કરતાં મકરન્દ મહેતા અને શિરિન મહેતા પ્રશ્ન કરે છે કે, 'હિંદુ વર્ણવ્યવસ્થાના ઢાંચામાં સબડતા આવેલા અસંખ્ય કોળી, દરજી, વણકર, વાંઝા, ઢોલ વગાડનારા મુસલમાનો, મોચી અને સુથારો ગુજરાતમાંથી આફ્રિકા, ફીજી વગેરે વિસ્તારોમાં ગયા અને ત્યાં બે પૈસે સુખી થયા અને ત્યાર પછી બ્રિટનના વસવાટ પછી તો તેમણે ઝડપથી પ્રગતિ કરી છે ! ગુજરાતમાં જે શક્ય ન હતું તે બ્રિટનમાં કેમ થઈ શક્યું ?!' (પ્રસ્તાવના પૃ. ૧૨, બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરાઃ ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહો, મકરન્દ મહેતા & શિરીન મહેતા, પ્રકાશકઃ વિશ્વ ગુજરાતી સમાજ) મકરન્દ મહેતા અને શિરિન મહેતાને થતાં આ પ્રશ્નો પાછળ આપણી ભારતીય માનસિકતા જવાબદાર હોય એવું લાગે છે. ભારતીય સમાજવ્યવસ્થામાં પ્રવર્તતી જૂની માન્યતાઓ, માણસને માણસ તરીકે નહીં પણ વર્ણ વ્યવસ્થા કે તેના મોભાના આધારે મૂલવવાની વૃત્તિ, ઊંચનીચ અને નાત-જાતના ભેદભાવો વગેરેને લીધે ભારતમાં આજે પણ ઘણા લોકોને અન્યાય અને અત્યાચારના ભોગ બનવું પડે છે. આ પ્રકારના અન્યાયો અને અત્યાચારો ભારતના મુકાબલે વિદેશોમાં ઓછા જોવા મળે છે. જેના લીધે પોતાની કોઠાસૂઝ ધરાવનારા અને મહેનત કરનારાં લોકોની વિદેશમાં યોગ્ય કદર થાય છે.

ડાયસ્પોરિક સાહિત્યના ભવિષ્ય વિશે વિચારીએ તો એક બાબત જાણવા મળે છે કે સમય વીતતા ડાયસ્પોરાની આવનારી નવી પેઢીને કદાચ ડાયસ્પોરા વિશે ખબર હશે પણ ડાયસ્પોરા હોવાનો અનુભવ તેમને હશે નહીં. આથી જેમ જેમ નવી પેઢીઓ આવતી જશે આ સંવેદનો ક્ષીણ થતાં જાય છે. અંતે એક સમય એવો આવશે કે જ્યારે આ ડાયસ્પોરા પોતાને ડાયસ્પોરા નહીં પણ પરદેશનો રહેવાસી માનશે.

આ રીતે માત્ર ૬૦ વર્ષના ગાળામાં ગુજરાતી 'ડાયસ્પોરા' ઘણો બદલાયો છે અને તે એટલે સુધી કે બ્રિટનમાં જન્મેલી પ્રજા પોતાને વંશીય લઘુમતીને બદલે 'બ્રિટીશ ગુજરાતી' તરીકે જુએ છે અને બ્રિટનના મુખ્ય પ્રવાહોમાં સરલતાથી ભળે છે. અલબત્ત, સમસ્યા તો છે જ. પણ તેની સાથે બ્રિટન પણ એક મહાન લોકશાહી દેશ છે, તેથી કોઈ પણ ગુજરાતીને બ્રિટન છોડીને ફરીથી ભારત કે આફ્રિકા પાછા જવું નથી ! ત્રીજી પેઢીના બ્રિટિશ ગુજરાતીઓને તેમના બાપદાદાની જેમ 'વતનનો ઝુરાપો' નથી થતો ! (બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરાઃ ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહો, મકરન્દ મહેતા & શિરીન મહેતા, પ્રકાશકઃ વિશ્વ ગુજરાતી સમાજ, પૃ. ૬૨)

અદધી સદીના વસવાટ દરમિયાન સફળ ગુજરાતીઓએ કેટલુંક જૂનું ચાલુ રાખ્યું છે અને દેશકાળને અનુસરીને નવું પણ ઘણું આવકાર્યું ને અપનાવ્યું છે. તેનાં નિર્દેશો અહીં કર્યા જ છે. ગુજરાતી ડાયસ્પોરાનાં સર્જનાત્મક પાસાંઓ જોતાં અમારું અનુમાન એ છે કે એકવીસમી સદીમાં બ્રિટીશ ગુજારાતીઓ 'ડાયસ્પોરા' શબ્દને ભૂતકાળનો વિષય ગણીને બ્રિટનના સર્વાંગી વિકાસમાં અમૂલ્ય ફાળો આપશે. (બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરાઃ ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહો, મકરન્દ મહેતા & શિરીન મહેતા, પ્રકાશકઃ વિશ્વ ગુજરાતી સમાજ, પૃ. ૬૦)

• ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યની વિકાસરેખા

ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યની વિકાસરેખા વિશે વાત કરવાની થાય ત્યારે ગુજરાતીઓએ વિદેશમાં જઈ કઈ કઈ જગ્યાએ વસવાટ કર્યો છે એની વાત સૌથી પહેલા કરવી પડે. ગુજરાતીઓ શરૂઆતમાં આફ્રિકા ગયા હતા પણ ૧૯૭૨ની ઘટના પછી આફ્રિકાના મોટાભાગના ભારતીયોની સાથે ગુજરાતીઓએ પણ આફ્રિકા છોડી બ્રિટનને પોતાનું નવું આશ્રયસ્થાન બનાવ્યું હતું. આ યાદીમાં બીજું સૌથી મહત્ત્વનું નામ અમેરિકાનું આવે. અમેરિકામાં સ્થળાંતરિત થયેલા મોટાભાગના ગુજરાતીઓ સ્વેચ્છાએ ગયા છે. તેઓ ઉચ્ચ અભ્યાસ, સારા પગારની નોકરી, સારા જીવન ધોરણ માટે વગેરે કારણોસર ત્યાં સ્થાયી થયા છે. આમ, આ બધામાં પૈસા કમાવવાની વૃત્તિ રહેલી જણાય છે.

મૂળે ડાકોર ગુજરાતના ડૉ. જયંત મહેતા વ્યવસાયે તબીબી ડોક્ટર છે. ભારતથી યુગાન્ડા અને ૧૯૭૨ પછી અમેરિકામાં તેઓ સ્થાયી થયા છે. તેમની પાસેથી ૧૯૭૫માં 'અધૂરા આંક' અને ૨૦૦૫માં 'કાચની આરપાર' નામે કાવ્યસંગ્રહ મળે છે. આ સંગ્રહમાં ગીત, ગઝલ, અછાંદસ, લઘુકાવ્યો અને અંગ્રેજી ભાષામાં લખાયેલા કાવ્યો પણ છે. તે ઉપરાંત તેમની પાસેથી ૨૦૦૨માં 'પાનખરની કૂંપળ' અને ૨૦૧૨માં 'અશ્રુ ઝંખતી આંખો' નામે વાર્તાસંગ્રહ પણ મળે છે. આ વાર્તાસંગ્રહમાં સમાવિષ્ટ 'કંકુનો સૂરજ ઊગ્યો', 'હેલ્થ ઇન્સ્યોરન્સ', 'ચંપા', 'પેનીક એટેક' જેવી વાર્તાઓ મહત્ત્વની છે. તેમની વાર્તાઓ વિશે બળવંત જાની કહે છે કે, 'ડૉ. જયંતભાઈની વાર્તાકાર તરીકેની એક વિશિષ્ટતા તો એ છે કે તેઓની વાર્તાઓમાં બહુધા દવાખાના સાથે સંકળાયેલ કિસ્સાઓ સ્થાન પામ્યા છે. એ કારણે મેડીકલ ક્ષેત્રની પરિભાષાઓ, અવનવા રોગ, એની પાછળનાં કારણો અહીં કેન્દ્રસ્થાને રહેતાં હોય છે. સાયન્સ ફિક્શનની માફક અહીં મેડીકલ ફિક્શન સાથે સંકળાયેલા તથ્યો આ વાર્તાઓને એ ક્ષેત્રની એ વાર્તાઓની ઓળખ અપાવે છે.' (અશ્રુ ઝંખતી આંખો, ડૉ. જયંત મહેતા, ડિવાઈન પબ્લિકેશન્સ – અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૨, પૃ.૧૧)

અમેરિકામાં રહેતા ચંદ્રકાન્ત દેસાઈ પાસેથી ૨૦૦૧માં 'અમારી અમેરી ગલીમાં' નામનો ગઝલ સંગ્રહ મળે છે. અમેરિકામાં ભારતીયોની જીવનશૈલીને આ સંગ્રહની ગઝલો દ્વારા શબ્દદેહ આપવામાં આવ્યો છે; જેના થોડાં ઉદાહરણો જોઈએઃ

વતન ફોન કરીએ વિકેન્ડે કે માસે
રસમ રીત નૂતન છે ઇન્ડોઅમેરિકન
રજા બે કે ત્રણ વિકની લઈ ઊડીએ ભારત
ને કરીએ લગન છે ઇન્ડોઅમેરિકન
...
નવાં જન, નવો દેશ હાય બાય કરતી
નવી કારે ડ્રાઇવીંગ શીખતી નવોઢા;

નટવર ગાંધી પાસેથી 'અમેરિકા, અમેરિકા' (૨૦૦૪), 'ઇન્ડિયા, ઇન્ડિયા' (૨૦૦૬), 'પેન્સિલવેનિયા એવન્યુ' (૨૦૧૧) જેવાં ત્રણ કાવ્યસંગ્રહો મળ્યાં છે. અમેરિકાની સંસ્કૃતિની અસર તેમના રોજિંદા જીવન પર પડી છે. તેથી તેઓએ ત્યાંના તહેવારો પણ આત્મસાત કર્યા છે. 'થેન્કગિવિંગ ડે' નામની તમેની એક કવિતાના થોડા અંશો ઉદાહરણ તરીકે જોઈએઃ

માસે નવેમ્બર અહીં ગુરુવાર ચોથે,
પ્રત્યેક વર્ષ ઊજવે જન દિન એક,
ભેગા થઈ નિકટ દૂર વસ્યા કુટુંબી
ઉજાળી જાફત કરે, પ્રભુ પાડ માને,
જંજાળા જીવન તણી, ફરિયાદ મૂકી
જે જે મળ્યું, ન મળ્યું સહુ તે સ્વીકારે.

ભરત ત્રિવેદી પાસેથી નવેક જેટલાં કાવ્યસંગ્રહો મળ્યાં છે. તેમાં 'હસ્તરેખાનાં વમળ' (૧૯૮૮), 'પરાયા શ્વાસ' (૧૯૮૮), 'કલમથી કાગળ સુધી' (૨૦૦૪), 'વિ-દેશવટો' (૨૦૧૨), 'બત્રીસકોઠા વાવ' (૨૦૧૨), 'અછાંદોત્સવ' (૨૦૧૩), 'ચક્રવ્યૂહ' (૨૦૧૫), 'ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ' (૨૦૧૬), 'ન્યૂયોર્ક નામે નગર' (૨૦૧૭)નો સમાવેશ થાય છે. તેમનાં છેલ્લા કાવ્યસંગ્રહ 'ન્યૂયોર્ક નામે નગર'ની એક રચના જૂઓઃ

મહાકાય જળચરની જેમ અચાનક
નીકળી આવતી બહુમાળી બિલ્ડિંગ
એકમેકને ઘૂરક્યા કરે

નીચે કીડી-મંકોડાની ગતિએ દોડે જતા
લોકો દોડી દોડી થાકે.

અમેરિકામાં રહેતા આનંદ રાવ લિંગાયત પાસેથી 'કંકુ ખર્યુ' (૧૯૯૭) અને '…ને સૂરજ ઊગ્યો' (૨૦૦૪) નામના બે વાર્તાસંગ્રહો મળ્યાં છે. તેમની વાર્તાઓને સર્જક 'ઇન્ડો અમેરિકન જીવન પર આધારિત વાર્તાઓ' તરીકે ઓળખાવે છે. આ વાર્તાઓમાંથી 'કૂંપળ ફૂટી', 'અમેરીકન મુરતિયો', 'Dream Come True', 'મીનાક્ષીની મોટેલ', 'કમળાબા', 'સમાધાન –જિંદગી સાથે', 'સમર્પણ', 'પાર્સલ મળ્યું' અને 'લગ્નની Side effects' જેવી વાર્તાઓ વિશેષ ધ્યાન ખેંચે છે. આનંદ રાવ લિંગાયત પાસેથી વાર્તાસંગ્રહો ઉપરાંત 'થવા કાળ…' (૨૦૦૭) નામની એક નવલકથા પણ મળી છે.

અમેરિકામાં શિકાગોના શામબર્ગમાં રહેતા અને વ્યવસાયે ડોક્ટર અશરફ ડબાવાલા પાસેથી 'ધબકારાનો વારસ'(૨૦૦૪) અને 'વાણીપત' (૨૦૧૩) એવાં બે કાવ્યસંગ્રહો મળ્યાં છે. જેમાંથી 'ધબકારાનો વારસ'ને ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક અને ગુજરાત સાહિત્ય અકાદમી – ગાંધીનગરનું પુરસ્કાર પણ મળ્યો છે. વતન વિરહની વેદના અને તેમની ડોક્ટરી પ્રેક્ટીસના અનુભવોને તેમણે પોતાના કાવ્યમાં આલેખ્યાં છે. તેનાં બે ઉદાહરણો જોઈએઃ

કલમ લઈ હાથની થાપણ ગુમાવી બેઠો છું,
પટોળું લાવતાં પાટણ ગુમાવી બેઠો છું.
મને તું પૂજવા-લોભાવવાનું છોડી દે,
હું મારા રામ ને રાવણ ગુમાવી બેઠો છું.

ડાક્તર !
તમારી વાત હાવ હાચી છે,
મને schizophrenia થ્યો છે.
પણ ઈ ક્યો ને કોને કોને નથી થ્યો ?

નિર્મિશ ઠાકર પણ હાલ અમેરિકામાં રહે છે. તેઓ હાસ્યની સાથે સાથે વ્યંગ, કટાક્ષ અને પ્રતીકાવ્યો લખી ગુજરાતી સાહિત્યમાં પોતાનું યોગદાન આપતાં રહે છે. તેઓ સારા કાર્ટુનિસ્ટ પણ છે. તેમની પાસેથી અત્યાર સુધીમાં વ્યંગ કાવ્યોનો સંગ્રહ 'એ જ લિખિતંગ' (૧૯૯૦), પ્રતિકાવ્યોનો સંગ્રહ 'લાઘવ ક્યાંય નથીને….કવનમાં?' (૧૯૯૧) ઉપરાંત કાવ્યસંગ્રહો 'અર્થ આડા થાય તો' (૧૯૯૬), 'શબ્દકોશમાં નથી હું એટલે' (૨૦૦૦), 'નિરખને કવનમાં, કેમ થાકી ગયો' (૨૦૦૨) મળ્યાં છે.

ઘનશ્યામ ઠક્કર પાસેથી બે કાવ્યસંગ્રહો 'ભૂરી શાહીના કૂવા કાંઠે' (૧૯૮૭) અને 'જાંબૂડી ક્ષણના પ્રશ્ન પાદરે' (૧૯૯૩) પણ મળે છે.

વિરાફ કાપડિયા પાસેથી ૧૯૯૮માં 'આ કવિતા તેમને માટે' નામનો કાવ્યસંગ્રહ મળ્યો છે. તેઓ વતનવિચ્છેદની લાગણીને પોતાની 'દેશવટો' નામની કવિતામાં નીચે મુજબ આલેખે છેઃ

આ દેશવટો પામેલાઓનો દેશ છે
અહીં લોકો દેશદેશથી આવશે,
પણ, એમનો કોઈ દેશ હશે નહીં
અહીં ગૃહવિરહની વ્યથા અનુભવંતા વસાહતીઓ
ખરેખર તો દુનિયાના કોઈ પણ દેશમાં વલખશે,
પત્ર પૂરો કરી ઉપર જે દેશનું સરનામું લખશે
તે તો એમની અંદર જ ઊગી રહ્યો હશે.

અમેરિકાની યુનિવર્સિટી ઑફ પૅન્સિલવેનિયામાં ૧૯૯૭થી ભાષાવિજ્ઞાનમાં સંશોધનકાર્ય અને અધ્યાન કાર્ય સાથે જોડાયેલા બાબુ સુથાર કવિ, નવલકથાકાર, વિવેચક અને સંશોધક છે. તેમની પાસેથી 'કાંચડો ને દર્પણ' (૨૦૦૦), 'વાક્યકથા' (૨૦૦૧), 'શ્રીમદ કાગડાપચ્ચીસી' (૨૦૦૧), 'વળગાડ' (૨૦૦૩), 'નિદ્રાવિયોગ' (૨૦૦૩) જેવી નવલકથાઓ અને 'ગુરુજાપ અને માંલ્લુ' (૨૦૦૩), 'સાપફેરા' (૨૦૦૪), 'વિષાદમહોત્સવ' (૨૦૦૪), 'નદીચાલીસા' (૨૦૦૫), 'ઘરઝુરાપો' (૨૦૧૦) જેવા કાવ્યસંગ્રહો મળ્યાં છે.

ન્યૂયોર્ક અમેરિકામાં રહેતા પ્રીતમ લખલાણી કવિ, વાર્તાકાર અને સંપાદક છે. 'ગોધૂલિ' (૧૯૯૫), 'દમક' (૧૯૯૭), 'સંકેત' (૨૦૦૦), 'ઍક્વેરિયમમાં દરિયો' (૨૦૦૧), 'વાછટ' (૨૦૧૦), 'ટહુકે વરસ્યું આભા' (૨૦૧૦), 'ચિત્કાર' (૨૦૧૧) જેવા કાવ્યસંગ્રહો અને 'દષ્ટિકોણ' (૨૦૦૨) અને 'નાયગરા તારાં ગુંજતા પાણી' (૨૦૧૦) જેવા વાર્તાસંગ્રહો તેમણે આપ્યાં છે. તેમનાં લઘુકાવ્યો અને પ્રકૃતિના વાપરેલા રૂપકો તેમના સર્જનને બીજા સાહિત્યકારો કરતાં અલગ તારવી આપે છે. તેમની વાર્તાઓમાં 'ધુમાડો', 'વિધવા', 'મહાપ્રસાદ', 'વાસણ', 'ઘર', 'બા,ચાલો ઘરે' જેવી વાર્તાઓ મહત્ત્વની છે.

બ્રિટનમાં માતૃભાષા ગુજરાતીને જીવંત રાખવામાં પોતાનું ઉમદા યોગદાન આપનારા સર્જક જગદીશ દવે છે. તેમની પાસેથી 'ઠંડો સૂરજ' (૧૯૯૭) અને 'સાતે અશ્વો સૂરજ શોધે' (૨૦૧૩) નામે કાવ્યસંગ્રહો, 'વિદેશે મુજ મુક્ત જીવન' (૨૦૧૩) નામે નિબંધસંગ્રહ આપ્યો છે. તેમની કવિતાનાં બે ઉદાહરણો જોઇએઃ

હટ્ટાકટ્ટા થઈ ગયા પરદેશમાં
પૌંડવાળા થઈ ગયા પરદેશમાં
રૂપિયો ગબડી રહ્યો ત્યાં ભારતે

પૌંડ સદ્ધર થઈ રહ્યો પરદેશમાં.

...

પૈસો મારો પરમેશ્વર ને

હું પૈસાનો દાસ

કલ્ચર તો વલ્ચર પાસે છે

એની કોણ કરે છે કાશ!

રમણભાઈ પટેલ પાસેથી 'ફોર સેલ' અને 'નૉટ ફોર સેલ' (૨૦૦૫) જેવા બે વાર્તાસંગ્રહો મળ્યાં છે. તેમાંની મહત્ત્વની વાર્તાઓ 'મિસ્ટર રાઇટ', 'હું વિચારી જોઈશ', 'ડિપાર્ચર લાઉન્જ', 'છેવટે છેડા છૂટ્યા', 'જેહના ભાગ્યમાં જે સમે....', 'ઓળખ', 'પલટો' અને 'નારાણમાંથી નારાયણ' છે.

અમેરિકાના જ કિશોર રાવળ પાસેથી પણ 'અમે ભાનવગરનાં' (૨૦૦૫) નામે એક વાર્તા સંગ્રહ મળેલ છે. આ સંગ્રહમાં 'ભાણાં ભાણાંના લાડુ', 'બા' અને 'ઉલ્ફતના રસ્તા નિરાળા' જેવી વાર્તાઓમાં બીજી વાર્તાઓ કરતાં વધારે સત્ત્વ રહેલું જણાય છે.

હરનિશ જાની પોતાની હળવી અને હાસ્ય જગાવતી શૈલીના લીધે ખૂબ પ્રચલિત થયા છે. 'સુધન' (૨૦૦૩) વાર્તાસંગ્રહ અને 'સુશીલા' (૨૦૦૯) હાસ્યનિબંધો જેવા બે પુસ્તકો તેમની પાસેથી મળ્યાં છે. હરનિશ જાની વિશે રઘુવીર ચૌધરી કહે છે કે, '(હરનિશ જાની) ગુજરાતમાં રહેતા હોત તો પ્રથમ પંક્તિના હાસ્યકાર તરીકે વિવેચકોની જીભને ટેરવે બિરાજતા હોત.'

નવલકથા ક્ષેત્રે ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય બહુ ગરીબ છે. બહુ ગણ્યાગાંઠ્યા સર્જકો પાસેથી જ નવકલથાઓ મળે છે. વિદેશ જઈ સ્થાયી થવામાં જ એટલો સમય નીકળી જાય છે કે પછી નવલકથા જેવા લાંબા સાહિત્ય સ્વરૂપનું સર્જન કરવું કોઈ સર્જકને સમય મળતો નથી. અમેરિકા સ્થાયી થયા એ પહેલાંથી જ ગુજરાતી સાહિત્યમાં સાહિત્યકાર તરીકે પોતાની આગવી ઓળખ ઉપસાવી ચુકેલા મધુ રાયનું નામ નવલકથા સર્જન ક્ષેત્રે મોખરે છે. અમેરિકામાં સ્થાયી થયા પછી તેમની પાસેથી મળેલી ચારેક નવલકથાઓમાં ડાયસ્પોરિક લાક્ષણિકતાઓ આલેખાઈ છે. તેમાં 'કલ્પતરુ' (૧૯૮૭), 'કિમ્બલ રેવન્સવુડ' (૧૯૮૧), 'મુખસુખ' (૨૦૦૩) અને 'સુરા, સુરા, સુરા' (૨૦૦૯)નો સમાવેશ થાય છે. 'કલ્પતરુ'ને મધુ રાય 'ગુજરાતી સાહિત્યની પ્રથમ કોમ્પ્યુટર નવલકથા' તરીકે ઓળખાવે છે. આ નવલકથાનો નાયક કિરણ કામદાર છે. આધુનિક ટેકનોલોજીથી જીવનને સરળ બનાવવામાં સફળ થનાર કિરણ કામદારની આ કથા છે. "'કલ્પતરુ' અમેરિકાનિવાસ દરમ્યાન મધુ રાયને થયેલા કૉમ્પ્યુટર સંપર્કમાંથી જન્મેલી કથા છે. કિરણ કામદાર અમેરિકાથી ભારત આવી કૉપ્યુટરના ચમત્કારથી સદા સુખનો અનુભવ કરાવે એવી 'કલ્પતરુ' વસાહત સ્થાપે છે અને સમગ્ર ભારતને એવું બનાવવાનું સ્વપ્ન સેવે છે એ કથાનો ભાગ વિજ્ઞાનકથા વાંચતાં હોઇએ

એવો અનુભવ કરાવે છે, પરંતુ એ વિજ્ઞાનકથા નથી. કિરણ કામદારની હત્યા માટે ગોઠવાતાં ષડયંત્રો અને કામદારના સાથીઓના ક્રમશઃ થતાં ભેદી મૃત્યુ, 'સ્ટેજ' શું છે અને તેનું સંચાલન કયાંથી થાય છે એનું રહસ્ય કૃતિમાં જાસૂસી કથાના અંશો ભેળવે છે, પણ એ જાસૂસી કથાય નથી." (ચાર નવલકથાકારો, ભરત મહેતા, ડિવાઇન પબ્લિકેશન્સ-અમદાવા, પ્રથમ આવૃત્તિઃ નવેમ્બર-૨૦૦૬, પૃ.૨૩૪)

ગુજરાતીઓની એક આદત રહી છે કે દુનિયાના કોઈપણ ખૂણે જાય, પૈસા કમાય પણ લગ્ન કરવા તો એ પાછો ગુજરાતમાં જ આવશે. એ જ વાત 'કિમ્બલ રેવન્સવુડ' નવલકથામાં આલેખાઈ છે. પણ અહીં નાયક યોગેશ પટેલ પાસે ગ્રીનકાર્ડ છે. આ ગ્રીનકાર્ડના અહમના કારણે પોતાને બહુ મહાન સમજતો નાયક લગ્ન માટે ભારતમાં અલગ અલગ છોકરીઓને મળે છે. આ માટે તે માત્ર બાર જ કન્યાઓ અને એ પણ બારેય અલગ અલગ રાશીની હોવી જોઈએ એવી શરત રાખે છે. 'કિમ્બલ રેવન્સવુડ' વિશે બળવંત જાની કહે છે કે, 'ડાયસ્પોરા ગુજરાતી ગ્રીનકાર્ડ ધારક યુવકો કે આ જેમ કોઈ વસ્તુની ખરીદી કરવી હોય એમ યુવતિને પસંદ કરવા લુક અને કૂકની માફક અવનવી વેરાઇટીઝને નિજી અહંથી અવલોકતા આલેખતા છે. મધુ રાયે મુખર થયા વગર કઈ કક્ષાએ આપણે આપણા વિનિપાતના સાક્ષી છીએ, આપણાં મૂલ્યહ્રાસની અવસ્થિતિને ભારે મોટી થપ્પડ મારી છે. પણ જે છે એ, આ છે. એને અવલોકીએ તો ખરી ખૂબીનો ખ્યાલ આવે.' (મધુ રાયઃ વિદગ્ધ અને વિશિષ્ટ ડાયસ્પોરા સારસ્વત, બળવંત જાની, તથાપિ, વર્ષઃ૭; અંકઃ૨૭-૨૮; માર્ચ-મે, જૂન-ઓગસ્ટ-૨૦૧૨, પૃ.૮૭)

'મુખસુખ'માં દંપતી અનુપમ અને દિવ્યાની કથા છે. પણ નવલકથાનું કેન્દ્ર તો અનુપમ જ રહે છે. આ નવલકથામાં 'અમેરિકાસ્થિત એક ભારતીય મનોચિકિત્સકનો ત્યાંના ડ્રગડીલર સાથે સંપર્ક થાય છે, તેને કારણે નોખી સંસ્કૃતિઓથી રસાયેલા એ બન્ને પાત્રોના જીવન પર થયેલી પરસ્પર અસરનું નિરૂપણ થયેલું છે.' (અમેરિકામાં ભારતીયો, પ્રવીણ ન. શેઠ, ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર, પૃ.૧૬૮)

'સુરા, સુરા, સુરા'માં પૈસા કમાવવા ખાતર પોતાનું વિર્યદાન કરી પૈસા કમાતા પન્નાલાલ સોનાવાલાથી કથા આરંભાય છે. પન્નાલાલના વિર્યથી કોઈ અમેરિકન યુવતી ગર્ભવતી થાય છે; જે કેથરીનને જન્મ આપે છે. પન્નાલાલનો દીકરો ચિરાયુ અને આ કેથરીન યુવાનીમાં આકર્ષાય છે. બંને વચ્ચે પ્રેમ થાય છે. પ્રેમ શરીરસંબંધ સુધી પહોંચી જાય છે. આથી ડૉકટર પાસે વધારે તપાસ કરાવવાથી ચિરાયુ અને કેથરીનને માલૂમ પડે છે કે તેઓ બન્ને પન્નાલાલ સોનાવાલા જ સંતાનો છે. ચિરાયુને આ વાત જાણી આઘાત લાગે છે આથી તે કેથરીનને એકલી છોડી ભારત આવતો રહે છે. સામે અમેરિકામાં કેથરીન આત્મહત્યા કરી લે છે.

મધુ રાય પાસેથી નવલકથાઓ ઉપરાંત ટૂંકીવાર્તાઓ, નિબંધો અને નાટકો પણ મળ્યાં છે. ટૂંકીવાર્તાના બે સંગ્રહો 'કાલસર્પ' (૧૯૭૨) અને 'કઉતુક' (૨૦૦૫)માં 'મોરે પિયા ગયે રંગૂન', 'જન્નત કી હકીકત' 'દૂરબીન', 'વટલાવવાનો એક કિસ્સો' વગેરે જેવી વાર્તાઓ છે. તો 'નીલે ગગન કે તલે' (૨૦૦૧),

'મન કી બીન' (૨૦૦૧), 'સેપિયા' (૨૦૦૧), 'દિલ કી ગલી' (૨૦૦૩), 'જિગરના જામ' (૨૦૦૯), 'યાર ને દિલદાર' (૨૦૦૯) જેવા નિબંધસંગ્રહો પણ તેમની પાસેથી મળ્યાં છે. નાટ્યસંગ્રહોમાં 'કુમારની અગાશી' (૨૦૦૯), 'આપણે ક્લબમાં મળ્યા હતા' (૨૦૦૯), 'સમા રંગીન' (૨૦૦૯), 'પાનકોર નાકે જઈ' (૨૦૦૯), 'યોગેશ પટેલનું વેવિશાળ' (૨૦૦૯) અને 'સુરા અને શત્રુજિત' (૨૦૦૯)નો સમાવેશ થાય છે. તેમની પાસેથી જ 'આપણું એવું' (૨૦૦૯) અને 'કાન્તા કહે' (૨૦૦૯) નામે એકાંકીના બે સંગ્રહો પણ મળ્યાં છે.

મધુ રાય જેવા જ બીજા સર્જક કે જેઓ ગુજરાતમાં હતા ત્યારે જ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નામના મેળવી ચુક્યા હતા. એવા આદીલ મન્સૂરીની ગઝલોમાં અમેરિકા અવારનવાર પ્રગટતું રહે છે. મધુ રાય અને આદીલ મન્સૂરીને ઘણા વિવેચકો ડાયસ્પોરા તરીકે નથી સ્વીકારતા. તેનું કારણ એ છે કે તેઓ પહેલેથી સાહિત્ય ક્ષેત્રે પ્રવૃત્ત હતાં. પરંતુ મારા મતે આ સર્જકોએ ગુજરાતમાં લખેલા સાહિત્યને ડાયસ્પોરિક સાહિત્યમાં ન સમાવી શકાય પણ અમેરિકા સ્થાયી થયા પછી સર્જાયેલા સાહિત્યને ડાયસ્પોરિક સાહિત્ય કહેવું ઉચિત લેખાશે. આદીલ મન્સૂરીની ગઝલોના થોડાંક ઉદાહરણો જોઈએઃ

માટી ભેગા ચલો થઈ જઈએ,
ક્યાં સુધી આ વિદેશનો વસવાટ.

તો વતનને યાદ કરતાં તેઓ કહે છે કે,

ભારત મારી માટી દેશ વતન આદિલ,
માટીમાં ઇતિહાસ ભરીને એણે આપ્યું.

વતનમાં વિતાવેલી ક્ષણોની યાદો તેમને સતાવ્યાં કરે છે એટલે તેઓ કહે છે કે,

જૂની વાતો યાદ કરું છું અર્ધી રાતે,
દર્પણમાં જોઈ બબડું છું અર્ધી રાતે.
વારેઘડીએ ભૂલ પડે છે સરવાળામાં
દિવસો મહિના સાલ ગણું છું અર્ધી રાતે.

વલ્લભ નાંઢા પાસેથી 'પાગલ'(૧૯૯૨), 'ઝંખના'(૧૯૯૭), 'કોનાવા'(૧૯૯૪), 'વધામણી' (૨૦૦૧), 'પરી ક્યાં ચીજ હૈ' (૨૦૦૪), 'શીમોન' (૨૦૦૯) જેવા વાર્તા સંગ્રહો તથા 'કાળજે કોતરાયેલી પીડા' (૨૦૦૯) અને 'પ્રીતમ આન મીલો' (૨૦૦૭) જેવી નવલકથા મળે છે. નવભારત સાહિત્ય મંદિર-અમદાવાદ દ્વારા ૨૦૧૬માં તેમનો 'કોનાવા' વાર્તાસંગ્રહ ફરીથી છપાય છે ત્યારે તેના છેલ્લા પૃષ્ઠ પર સર્જક પરિચય આપ્યા પછી, છેલ્લે લખવામાં આવેલું છે કે "'કોનાવા' લેખકની ચોથી નવલકથા છે. સુજ્ઞ વાચક વર્ગ

વલ્લભભાઈની નવલકથાને આવકારશે એવી અપેક્ષા." વાર્તાસંગ્રહને પ્રકાશકે નવલકથા ગણાવી છે, આવી નાની ભૂલો જ સંશોધનમાં ક્યારેક બાધા ઉભી કરે છે.

ઉત્તર ગુજરાતમાં જન્મેલા પણ અમેરિકામાં સ્થાયી થયેલા કાન્તિ મેપાણી પાસેથી ૨૦૦૪માં 'ખોવાયેલા ચહેરા' નામે રેખાચિત્રો પ્રાપ્ત થાય છે. જેમાં તેમણે સ્વજનો ઉપરાંત તેમના ચિત્તમાં કાયમ માટે અંકાઈ ચુક્યા છે તેવાં મહત્ત્વના સ્થળો વિશે લખ્યું છે.

બ્રિટનના પોપટલાલ પંચાલ પાસેથી 'વસંત-લતા' (૧૯૯૫), 'જો તુમ તોડો પિયા' (૨૦૦૧) જેવી બે નવલકથાઓ અને ૧૯૯૫માં હાસ્યલેખોનો સંગ્રહ 'વિનોદિકા', ૧૯૮૩માં નવલિકા, હાસ્યલેખો અને પ્રવાસલેખોનો સંગ્રહ 'બીલીપત્ર', ૧૯૯૭માં હાસ્યલેખોનો સંગ્રહ 'ઝરમર ઝરમર', ૨૦૦૮માં હાસ્યલેખોનો સંગ્રહ 'હાસ્યઝરણાં' અને ૨૦૦૭માં એકમાત્ર કાવ્યસંગ્રહ 'વન વગડાનાં ફૂલ' મળેલ છે.

ડાહ્યાભાઈ પટેલ પાસેથી 'વનની વાટે' (૧૯૯૫), 'અંતિમ આલિંગન' (૧૯૫૮), 'અનુરાગ અને ઉત્થાન' (૧૯૬૨), 'ઉષા અને અરુણ' (૧૯૬૨), 'તિમિરનું તેજ' (૧૯૬૬), 'કંચન ભયો કથીર', 'વિભૂતિ' (૧૯૬૫), 'નવા કલેવર ધરો હંસલા' (૧૯૫૯), 'ઉત્સવી' (૧૯૬૫), 'ઉર્જિતા', અને 'દિલાવરી' (૧૯૫૪) એમ અગિયાર નવલકથાઓ મળે છે. તેમના વાર્તાસંગ્રહોમાં 'કલાવતી'(૧૯૫૭), 'આગમન'(૧૯૫૮), 'છેલ્લો અભિનય' (૧૯૫૩), 'કેતકી', 'પદ્માવતી' (૧૯૫૬), 'પુનર્મિલન' (૧૯૬૦), 'મીનાક્ષી' (૧૯૬૩), 'શર્મિષ્ઠા' (૧૯૫૬), 'શાલિની' (૧૯૫૧) અને 'અમરપ્રેમી' (૧૯૫૮) મળીને કુલ દસ વાર્તાસંગ્રહો મળે છે. તેમની પાસેથી છ જેટલા કાવ્યસંગ્રહો પણ પ્રાપ્ત થાય છે જેમાં 'અંકુર' (૧૯૬૦), 'કાવ્યપરિમલ' (૧૯૭૦), 'સ્ફૂરણા' (૧૯૭૨), 'દર્દીલ ઝરણાં' (૧૯૭૮), 'મોહન ભક્તિ પદાવલી' (૧૯૯૧), 'સત્યેશ્વર સ્તવન સ્તોત્રાવલી' (૧૯૯૨)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગાંધી મહાકાવ્યના બાર ભાગ તો ખરા જ.

રમેશ પટેલ પાસેથી ૧૯૯૩માં 'હૃદયગંગા' અને ૧૯૯૬માં 'ઝરમર ઝરમર' જેવા કાવ્યસંગ્રહો મળે છે. જેમાં તેમના ગઝલો અને અછાંદસ કાવ્યો છે. તેનું એક ઉદાહરણ જોઈએઃ

'હતા તહીં ત્યાં પુનઃ જવાનું ઘણીવાર મન થાય,
જન્મ્યા જે માટીમાં એને ચુમવાનું મન થાય.'

પંકજ વોરા પાસેથી ત્રણ કાવ્યસંગ્રહો 'અહંગરો', 'ઘરઝુરાપો' અને 'રેનબસેરા' મળે છે. તેમના કાવ્યસંગ્રહોમાં ડાયસ્પોરાની લાગણીઓનો સીધો પડઘો પડતો જોઈ શકાય છે.

'હવે India લાગે પરદેશ ગૂજરાતી
Holidaysની અડફેટમાં Fresh ગૂજરાતી,

ના Creditનો કોઈ Crunch ગૂજરાતી,

Corner shopની Core ગૂજરાતી,

કામયાબીના ના શોર ગૂજરાતી.'

તો બીજી એક રચનામાં પોતાના માદરે વતનને યાદ કરતાં કહે છે કે,

'પત્ર રૂપે જો ફરિયાદ આવશે તો શું થશે ?

ને વતનની માટીનો સાદ યાદ આવશે તો શું થાશે?'

પ્રીતિ સેનગુપ્તા પાસેથી ૨૦૦૪માં 'એક સ્વપ્નનો રંગ' નામે વાર્તાસંગ્રહ તથા પાંચેક કાવ્યસંગ્રહો મળે છે જેમાં 'જુઈનું ઝુમખું' (૧૯૮૨), 'ખંડિત આકાશ' (૧૯૮૫), 'ઓ જુલિએટ' (૧૯૯૪), 'સાત ખંડ સાતસો ઈચ્છા' (૨૦૦૦), 'બે તરફી પ્રેમ' (૨૦૧૧) છે. તેમની પાસે માતબર કહી શકાય એટલું પ્રવાસ સાહિત્ય મળી રહે છે. જેમાં 'પૂર્વા' (૧૯૮૬), 'દિક્દીગંત' (૧૯૮૭), 'સુરજ સંગે, દક્ષિણ પંથે' (૧૯૮૯), 'અંતિમ ક્ષિતિજો' (૧૯૯૧), 'ધવલ આલોક, ધવલ અંધકાર' (૧૯૯૨), 'ઉત્તરોત્તર' (૧૯૯૪), 'કિનારે કિનારે' (૧૯૯૫), 'દૂરનો આવે સાદ' (૧૯૯૫), 'દેશ-દેશાવર' (૧૯૯૮), 'એક પંખીના પીંછા સાત' (૨૦૦૦), 'નમણી વહે છે નદી' (૨૦૦૦), 'રીઝો રે દરિયા દેવ' (૨૦૦૧), 'નૂરના કાફલા' (૨૦૦૨), 'દેવો સદા સમીપે' (૨૦૦૩), 'ખીલ્યા મારાં પગલાં' (૨૦૦૪), 'અપરાજિતા' (૨૦૦૭), 'સુતર સ્નેહના' (૨૦૦૫), 'સંબંધની ઋતુઓ' (૨૦૦૯), 'આટલી બધી ભૂમિ' (૨૦૦૮), 'અંતઃ પુરમ' (૨૦૧૨) છે.

'અમેરિકાની ભૂમિમાં જો મંદિર કે દેરાસર બાંધવું હોય કે પછી કોઈ સંત કે નામીઅનામી ફિલ્મી અભિનેતાના કાર્યક્રમનું આયોજન કરવું હોય તો વગર માગ્યે ડોલરનો ધોધ વરસે કિન્તુ ગુજરાતી સાહિત્યના એકાદ નાના એવા કાર્યક્રમ માટે મુઠ્ઠીએક ડોલર ભેગા કરવા લોઢાના ચણા ચાવવા પડે ?' (ફ્લાવરવાઝ, સંપાદનઃ પ્રીતમ લખલાણી, ઈમેજ પબ્લીકેશન પ્રા.લી., મુંબઈ - પ્રથમ આવૃત્તિ,નવેમ્બર -૨૦૦૩, પૃ. ૬)

'છેલ્લા દોઠ એક દાયકામાં અમેરિકામાં ગુજરાતી સાહિત્યનું સારું એવું ખેડાણ થયું છતાં અમેરિકાસ્થિત ગુજરાતી સર્જકોની કૃતિ હજી ગુજરાતના સીમાડા સુધી પહોચી નથી ! આવા ધનવાન દેશમાં સર્જકોની કૃતિ, માતૃભૂમિ સુધી કેમ નથી પહોંચી તેની ચર્ચા કરીએ તો પેટ ચોળીને શૂળ ઊભું કરવા જેવી વાત થાય!' (બરફમાં મેઘધનુષ, સંપાદનઃ જયંત મહેતા, પ્રીતમ લખલાણી, ઈમેજ પબ્લીકેશન, પ્રા.લિ. મુંબઈ, પ્રથમ આવૃત્તિ, જુન ૨૦૦૧, પૃ. ૫)

'નવલકથાનું ખેડાણ પ્રમાણમાં ઓછું થયું છે. અહીંના ગતિકેન્દ્રી જીવન તરેહ અને રોકાણોની ભાત, લાંબા સમય સુધી, શ્રેણીબંધ કે એક સાથે નવલકથા લખવા માટે જે નિરાંત મોકળાશ જોઈએ, તે મળતી નથી.' (અમેરિકામાં ભારતીયો, પ્રવીણ શેઠ, ગુજરાત સાહિત્ય અકાદમી – ગાંધીનગર, પૃ.૧૬૭)

ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યક્ષેત્રે સંપાદનોએ પણ એક આગવી ભૂમિકા ભજવી છે. આ પ્રકારના સંપાદનો કરવામાં ડૉ. બળવંત જાનીનો ફાળો સૌથી મોટો છે. તેમની પાસેથી સર્જકલક્ષી અને સાહિત્ય સ્વરૂપલક્ષી એમ બન્ને પ્રકારના સંપાદનો ગુજરાતી સાહિત્યને મળ્યાં છે. સૌથી પહેલાં તેમનાં સર્જકલક્ષી સંપાદનોની વાત કરીએઃ 'ડાહ્યાભાઈ પટેલની ડાયસ્પોરા વાર્તાઓ' (૨૦૦૮), 'ડાયસ્પોરા સારસ્વતઃ જગદીશ દવે' (૨૦૦૯), 'વલ્લભ નાંઢાની ડાયસ્પોરા વાર્તાઓ' (૨૦૦૯), 'અદમ ટંકારવીની ડાયસ્પોરા કવિતા' (૨૦૦૯), 'રજનીકાંત જે. મહેતાના ડાયસ્પોરા નિબંધો' (૨૦૦૯), 'ડાયસ્પોરા સારસ્વતઃ બળવંત નાયક'(૨૦૧૦), 'પંકજ વોરાની ડાયસ્પોરા કવિતા' (૨૦૧૦), 'દીપક બારડોલીકરની ડાયસ્પોરા કવિતા' (૨૦૧૦), 'રમેશ પટેલની ડાયસ્પોરા કવિતા' (૨૦૧૧), 'ડાયસ્પોરા સારસ્વતઃ ભાનુશંકર ઓ. વ્યાસ' (૨૦૧૨), 'મધુરાયનું ડાયસ્પોરા સાહિત્યવિશ્વ' (૨૦૧૨), 'પન્ના નાયકનું ડાયસ્પોરા સાહિત્યવિશ્વ' (૨૦૧૨), 'પ્રીતિ સેનગુપ્તાનું ડાયસ્પોરા સાહિત્યવિશ્વ' (૨૦૧૨), 'વિપુલ કલ્યાણીના ડાયસ્પોરા નિબંધો' (૨૦૧૨). તો તેમનાં સાહિત્ય સ્વરૂપલક્ષી સંપાદનો 'બ્રિટિશ ગુજરાતી ડાયસ્પોરા કાવ્યધારા' (૨૦૧૪), 'બ્રિટિશ ગુજરાતી ડાયસ્પોરા વાર્તાધારા' (૨૦૧૪), 'બ્રિટિશ ગુજરાતી ડાયસ્પોરા નિબંધધારા' (૨૦૧૪) છે. આ બધા જ સંપાદનોમાં ડૉ. બળવંત જાનીએ શરૂઆતમાં તે પુસ્તક વિશે પ્રસ્તાવના સ્વરૂપે પોતાનો લેખ મુક્યો છે. જે આ સંપાદનોને વધુ ઉપયોગી બનાવે છે.

આ ઉપરાંત સાહિત્ય કૃતિઓના થયેલા સંપાદનોમાં અમેરિકામાં રહેતા કવિઓની કવિતાઓનું સંપાદન ૧૯૯૪માં ચંદ્રકાન્ત શાહ દ્વારા 'અમેરિકાવ્યો-૯૪' નામે પ્રગટ થાય છે જેમાં ૬૮ જેટલા કવિઓની કવિતાઓ સંપાદિત થઈ છે. ૨૦૦૧માં ડૉ. જયંત મહેતા અને પ્રીતમ લખલાણી દ્વારા 'બરફમાં મેઘધનુષ' નામે પણ અમેરિકામાં રહેતા કવિઓની કવિતાઓનું સંપાદન પ્રાપ્ત થાય છે. આ જ શ્રેણીમાં ૨૦૦૩માં પ્રીતમ લખલાણી દ્વારા 'ફ્લાવરવાઝ' પણ એક સંપાદન મળે છે. આ બન્ને સંપાદનોમાં સર્જકોની કવિતાઓ પહેલા દરેક સર્જકનો ટૂંકો પરિચય પણ આપવામાં આવેલ છે. વાર્તાના સંપાદનો પણ ઠીક ઠીક પ્રમાણમાં સમયાંતરે મળતાં રહે છે. ૨૦૦૧માં બ્રિટનમાં રહેતા વાર્તાકારોની વાર્તાઓનું સંપાદન જગદીશ દવે દ્વારા 'અમારી શ્રેષ્ઠ વાર્તાઓ' નામે મળ્યું છે. ૨૦૦૧માં અમેરિકામાં રહેતા વાર્તાકારોની વાર્તાઓનું સંપાદન ડૉ. જયંત મહેતા અને પ્રીતમ લખલાણી દ્વારા 'દરિયાપારના દર્પણમાં' નામે મળે છે. ૨૦૦૩માં પ્રીતમ લખલાણી આ જ શ્રેણીને આગળ વધારતા 'અમેરિકા ઉવાચ' નામનું સંપાદન આપે છે. આ ઉપરાંત ૨૦૧૧માં વિપુલ કલ્યાણી અને અનીલ વ્યાસ દ્વારા 'ડાયસ્પોરિક વાર્તાઓ' તો ૨૦૧૩માં વલ્લભ નાંઢા અને વિપિલ કલ્યાણી દ્વારા 'વિલાયતી વાર્તા સંચય' નામે સંપાદન પ્રાપ્ત થાય છે.

ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય ક્ષેત્રે થયેલા વિવેચનની વાત પણ અહીં નોંધવી જોઈએ. મધુસુદન કાપડિયા દ્વારા ૨૦૧૧માં 'અમેરિકાવાસી કેટલાક ગુજરાતી સર્જકો' એવા શીર્ષક હેઠળ અમેરિકામાં રહેતા

અને સાહિત્ય ક્ષેત્રે પ્રવૃત એવા ૨૬ સર્જકોના સાહિત્યનું આસ્વાદલક્ષી વિવેચન તેમની પાસેથી મળ્યું છે. જયારે જગદીશ દવે પાસેથી ૨૦૧૩માં 'ગુજરાતી ડાયસ્પોરા સાહિત્યઃ સમીક્ષા અને સર્વેક્ષણ' નામે વિવેચનગ્રંથ મળે છે. ગુજરાતી ડાયસ્પોરા વિવેચન ક્ષેત્રે સંપૂર્ણ રીતે સાહિત્યિક દષ્ટિકોણથી આ બે જ વિવેચનો થયા છે. આ ઉપરાંત પણ ડાયસ્પોરા વિશે વિવેચનો થયા છે પણ તે માત્ર અને માત્ર સાહિત્ય નથી. તેમાં ડાયસ્પોરાએ અન્ય તમામ ક્ષેત્રે કરેલા વિકાસની સાથે સાથે તેમના સ્થળાંતરની પ્રક્રિયા વિશેની પણ સમજ આપવામાં આવી છે આવા વિવેચન ગ્રંથોમાં ૨૦૦૧માં પ્રવીણ ન. શેઠ પાસેથી 'અમેરિકામાં ભારતીયો' નામનું પુસ્તક મળે છે. આ પુસ્તકમાં ભારતીયોએ અમેરિકામાં માત્ર સાહિત્ય ક્ષેત્રે નહિ પણ અન્ય ક્ષેત્રોમાં કરેલ પદાર્પણ વિષે પણ માહિતી મળે છે. આ સિવાય મકરંદ મહેતા અને શિરીન મહેતા પાસેથી ૨૦૦૯માં 'બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરાઃ ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહો' તો પ્રવીણ ન શેઠ અને જગદીશ દવે પાસેથી સંયુક્ત રીતે ૨૦૦૭માં 'બ્રિટનમાં ગુજરાતીઓ' અને ૨૦૧૧માં 'પૂર્વ આફ્રિકાના ગુજરાતીઓ' જેવા વિવેચન અને સંશોધનના પુસ્તકો મળ્યાં છે.

ભરત ત્રિવેદી પાસેથી 'કલમથી કાગળ સુધી' અને 'હસ્તરેખાનાં વમળ' (૧૯૮૮) કાવ્યસંગ્રહતથા 'પરાયા શ્વાસ' (૧૯૮૯) નામે નવલકથા મળે છે. તેમનાં અછાંદસ કાવ્યોમાં ઘરઝુરાપાની વેદના પ્રગટે છે જેનું એક ઉદાહરણ જોઈએઃ

અમદાવાદ
તને છોડવા છતાં
ક્યાં છોડી શકાયું છે ?
ને
અહીંયાં આટલું રોકાયા છતાં
ક્યાં વસી શકાયું છે !

કમલેશ શાહ 'અસ્તિત્વની ક્ષિતિજને પેલે પાર' (૨૦૦૦) કાવ્યસંગ્રહ આપે છે. તેમના અછાંદસ કાવ્યોમાં ઘરઝુરાપો સુપેરે આલેખાયો છે.

જમીનમાં ઊંડે સુધી ખૂંપેલાં
મૂળિયાંને
ઉખેડી ન શકવાથી
નદીના વહેતા પાણીમાં
તે

રોજ

એક એક પાન નાંખે છે.

તો વિદેશની જીવનશૈલી વિશે તેઓ કહે છે કે,

સવાર સવારમાં એલાર્મની

ચિચિયારી સાંભળી

ઊઠી જઉં છું બેબાકળો થઈ.

દાઢી કરી

નિત્યકર્મ પતાવી

દોટ મૂકું છું દિવસ આખો

રોજબરોજની ઘટમાળની આ

ટ્રેડમિલ પર,

ચંદ્રકાંત શાહ ‘અને થોડાં સપના’ (૧૯૯૨), ‘બ્લુ જીન્સ’ (૨૦૦૦) જેવા કાવ્યસંગ્રહો આપે છે. ‘બ્લુ જીન્સ’માં જીન્સ વિશે જ તમામ રચનાઓ છે. વિદેશના આ પરિધાન વિશે કવિના નિદર્શનો નોંધપાત્ર છે. એક જ વિષય પર અલગ અલગ કાવ્યો લખવા માટે કેટલી સુક્ષ્મ નિરિક્ષણ શક્તિ જોઈએ એનું આ ઉત્તમ ઉદાહરણ છે.

પહેરે કમ્ફર્ટેબલ લાગે તો રાખી લેવાના,

જીન્સ જેમ ફોરએવર

એમ તને રાખી લેવાની

ગૃહસ્થાશ્રમ ભોગવવાની લઉં છું ટેક,

આ લે! સાત સોપારી, કંકુચોખા, નાળિયેર, શેમ્પેન, કેક.

ભૂલોક, ભુલર્લોક, સ્વર્લોક, ન્યૂયોર્ક!

સર્વલોકનું સુખ તને પધરાવવું.

તો તેમના બીજા એક કાવ્યમાં ગુજરાતીઓ પાસે ગ્રીનકાર્ડ આવી જાય છે ત્યારે ગુજરાતીઓ કેવી ચેષ્ટાઓ કરે છે તેની વાત કરતાં કહે છે કે,

USAથી ટૂંક સમયને માટે આવવું,

Green cardને travellers ચેકોનું લાવવું.

જીન્સ ઉપર જૅકેટ ચડાવી સહાર ઉપર પ[અગ મૂકતાં પહેલો સવાલ

‘ક્યાં છે કામુક કન્યાઓ?

Oh boy! બતાવો ક્યાં છે Awesome babes !'

આ ઉપરાંત કમલ વોરા પાસેથી 'અરવ'(૧૯૯૧) અને 'અનેકએક'(૨૦૧૨) નામનાં બે કાવ્યસંગ્રહો મળ્યાં છે. વિનય કવિ પાસેથી 'સંબંધોનો ચંદરવો' (વાર્તા સંગ્રહ), 'દિલ એટલે દર્દ' (ગઝલ સંગ્રહ), 'ઉરથી અધર સુધી' (કાવ્ય સંગ્રહ), 'દેહ અને આત્મા' (એકાંકી સંગ્રહ), 'સૂર્ય પશ્ચિમમાં પણ પ્રકાશે' અને 'નિર્મોહી' જેવા વાર્તાસંગ્રહો મળ્યાં છે. શાંતશીલા ગજ્જર પાસેથી 'ઉરધબકાર' નામે કાવ્યસંગ્રહ, 'અમીવર્ષા' નામે વાર્તાસંગ્રહ અને 'પીયુ તારે ચરણે' નામે નવલકથા મળે છે. વિનોદ કપાસી પાસેથી 'અનિમેષ' અને 'જે મેં ખોયા હતાં પળવાર' જેવી બે નવલકથાઓ મળે છે. પ્રફુલ્લ અમીન પાસેથી 'અમે અમથારામ' નામે કાવ્યસંગ્રહ મળે છે. રજનીકાંત જે. મહેતા પાસેથી 'થેમ્સ નદીને કાંઠે' (૧૯૯૫), 'મીઠી સ્મૃતિઓની જુદી જ દુનિયા' (૧૯૯૭), 'દરિયા પારની દાસ્તાન' (૧૯૯૮), 'વણખેડ્યો પ્રદેશ દરીયાપરનો' (૨૦૦૨) નામે નિબંધસંગ્રહો મળે છે. ઉપેન્દ્ર ગોર પાસેથી બે વાર્તાસંગ્રહો 'જળભર્યા કિનારે' (૨૦૦૦) અને 'લલાટના લેખ' (૨૦૦૧) મળે છે. યોગેશ પટેલ પાસેથી ૧૯૮૨માં 'અહીં' નામે કાવ્યસંગ્રહ મળે છે જયારે ૧૯૮૮માં 'પગલાની લિપિ' નામે વાર્તાસંગ્રહ મળે છે. અરવિંદ જોશી પાસેથી બે કાવ્ય સંગ્રહો 'અવાજને ઓશીકે' અને 'અધખુલ્લી બારી' મળે છે. નીલેશ રાણા પાસેથી 'અનામિકા' (૨૦૦૩) નામે વાર્તાસંગ્રહ મળે છે તથા 'વર્તુળના ખૂણા' (૨૦૦૪) અને 'પોઇન્ટ ઓફ નો રિટર્ન ?' જેવી બે નવલકથાઓ મળે છે. કિશોર મોદી પાસેથી ચાર કાવ્ય સંગ્રહો 'એઈ વીહલા', 'મધુર માલિકા', 'મોહિની', 'જલજ' (૧૯૮૩) મળે છે. કૃષ્ણાદિત્ય પાસેથી 'યાત્રપર્વ' (૨૦૦૩) નામે કાવ્યસંગ્રહ, ભરત ઠક્કર પાસેથી 'સોનેરી મૌન' (૧૯૬૪), 'કૃપા સ્પર્શ' (૧૯૬૭), 'સ્મૃતિના ઝરણ' (૧૯૯૧) જેવા ત્રણ કાવ્યસંગ્રહો, રાહુલ શુક્લ પાસેથી નવલિકાસંગ્રહ – 'ત્રણ જિંદગીને સલામ', ભારત શાહ પાસેથી લઘુનવલ 'સમીપે' (૨૦૦૩), શકુર સરવૈયા પાસેથી બે કાવ્યસંગ્રહ 'ઘરની સાંકળ સુધી' (૧૯૯૪) અને 'બે દમ ચલમના', ઇન્દ્ર શાહ પાસેથી 'બે ફુલ' (૧૯૯૧) કાવ્યસંગ્રહ, સુધીર પટેલ પાસેથી 'મૂંગામંતર', 'નામ આવ્યું હોઠ પર એનું અને...' અને 'ઉકેલીને સ્વયંના સળ' જેવા કાવ્યસંગ્રહો મળે છે.

અહીંયા મારા ધ્યાને આવ્યા છે તેવા જ પુસ્તકો વિશે વાત કરી છે. આ જ વિષય પર જો વધારે સંશોધન કરવા બેસીએ તો શક્ય છે કે આ વિગતો હજી લંબાય.